શેઠ માણેકલાલ ચુન

...ા પુષ્પ પાંચમું.

Keshavlal
...NADRA.

શ્રીમ
પાધ્યાય

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

## અર્થયુક્ત

તથા

# સમકિતના ૬૭ બોલની સજ્ઝાય

## અર્થયુક્ત

પ્રકાશકઃ-

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

ભાવનગર

શેઠ માણેકલાલ ચુનીલાલ ગ્રંથમાળા પુષ્પ પાંચમું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત

# આઠ દૃષ્ટિની સજઝાય અર્થ યુકત

તથા

# સમકિતના ૬૭ બોલની સજઝાય સાર્થ વિગેરે.

જૈનબંધુઓને ખાસ કંઠે કરવા લાયક
તેમજ
સમજવા લાયક.

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

વીર સં. ૨૪૬૭] ∴ [વિક્રમ સં. ૧૯૯૭.

કિંમત ત્રણ આના

મુદ્રકઃ—શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ
દાણાપીઠ—ભાવનગર.

# અનુક્રમણિકા.


| | | | |
|---|---|---|---|
| ૧ આઠ દૃષ્ટિની સજ્ઝાય. ( અવતરણિકા ) | | ... ... | ૧ |
| ૧ પ્રથમ મિત્રાદૃષ્ટિની સજ્ઝાય | | ... ... ... | ૫ |
| ૨ બીજી તારા દૃષ્ટિની ,, | | ... ... ... | ૧૪ |
| ૩ ત્રીજી બલા દૃષ્ટિની ,, | | ... ... ... | ૧૭ |
| ૪ ચોથી દીપ્રા દૃષ્ટિની ,, | | ... ... ... | ૧૯ |
| ૫ પાંચમી થિરા દૃષ્ટિની ,, | | ... ... ... | ૨૯ |
| ૬ છઠ્ઠી કાંતા દૃષ્ટિની ,, | | ... ... ... | ૩૩ |
| ૭ સાતમી પ્રભાદૃષ્ટિની ,, | | ... ... ... | ૩૭ |
| ૮ આઠમી પરાદૃષ્ટિની ,, | | ... ... ... | ૩૯ |
| ૨ સમકિતના સડસઠ બોલની સજ્ઝાય | | ... ... ... | ૪૭ |
| ૧ પ્રાથમિક દુહા | ૪૭ | ૨ ચાર સદ્દહણા... ... | ૪૮ |
| ૩ ત્રણ લિંગ... | ૫૩ | ૪ દશ પ્રકારનો વિનય ... | ૫૫ |
| ૫ ત્રણ શુદ્ધિ... | ૫૮ | ૬ પાંચ દૂષણ ... ... | ૫૯ |
| ૭ આઠ પ્રભાવક | ૬૧ | ૮ પાંચ ભૂષણ ... ... | ૬૫ |
| ૯ પાંચ લક્ષણ... | ૬૭ | ૧૦ છ જયણા ... ... | ૬૯ |
| ૧૧ છ આગાર... | ૭૧ | ૧૨ છ ભાવના ... ... | ૭૪ |
| ૧૩ છ સ્થાનક ... | ૭૭ | ૧૪ સડસઠ બોલના નામ ... | ૮૩ |
| ૩ શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાય ... | | ... ... ... | ૮૫ |
| ૪ સ્થાપના કલ્પ સ્વાધ્યાય ... | | ... ... ... | ૮૬ |
| ૫ સંયમશ્રેણી વિચાર સ્વાધ્યાય ... | | ... ... ... | ૮૮ |
| ૬ સામાન્ય જિન સ્તવન ( પદ )... | | ... ... ... | ૯૦ |
| ૭ સુગુરુની સજ્ઝાય ઢાળ ૪ ... | | ... ... ... | ૯૧ |
| ૮ પીસ્તાળીશ આગમના નામોની સજ્ઝાય... | | ... ... | ૯[illegible] |
| ૯ સાચા મુનિ ( પદ ) ... | | ... ... ... | ૯[illegible] |

# પ્રસ્તાવના.

આ નાની સરખી બુકને પ્રસ્તાવનાની આવશ્યકતા નથી છતાં આ બુકમાં શું શું આવેલ છે તે જણાવવા માટે ખાસ લખવાની જરૂર ધારી છે.

આ બુકમાં ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીવિરચિત આઠ દૃષ્ટિની સજ્ઝાય તથા સમકિતના ૬૭ બોલની સજ્ઝાય અર્થ સાથે આપેલ છે. એ સજ્ઝાયો ગ્રંથરૂપ છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં બતાવેલ આઠ દૃષ્ટિનું સ્વરૂપ આ આઠ સજ્ઝાયોમાં બહુ સારી રીતે આપવામાં આવ્યું છે આ સજ્ઝાયો લક્ષપૂર્વક વાંચવા જેવી છે. ઉપર ઉપરથી વાંચવા જેવી નથી. બીજી સમકિતના ૬૭ બોલની સજ્ઝાય જેમાં નાની નાની બાર ઢાળો છે. તે પણ અર્થ સાથે આપેલ હોવાથી સમકિતને અંગે સારો પ્રકાશ પાડે તેવી છે. ધર્મની સન્મુખ થયેલા જીવોને આ બંને સજ્ઝાયો જરૂર લક્ષપૂર્વક વાંચવા ને સમજવા જેવી છે, અત્યંત ઉપયોગી છે. તેનું રહસ્ય સમજવાથી ને તે પર શ્રદ્ધા થવાથી જરૂર સમકિતની પ્રાપ્તિ થવા સંભવ છે. સર્વ ધર્મનું મૂળ સમકિત છે તેનું સ્વરૂપ જો બરાબર સમજવામાં આવે અને તેને યથાયોગ્યપણે વર્તનમાં મૂકવામાં આવે તો જરૂર ફળદાયક થઇ શકે તેમ છે. આ બાબત અહીં વધારે ન લખતાં તે સજ્ઝાયો જ લક્ષપૂર્વક વાંચવાની ભલામણ કરવી યોગ્ય લાગે છે.

એ બે મોટી સજ્ઝાયો પછી પાંચ નાની સજ્ઝાયો ને બે પદો આપવામાં આવ્યા છે. તેમાં પણ સુગુરુની સજ્ઝાય ચાર ઢાળની છે તે ખાસ વાંચવા યોગ્ય છે. બે પદો તો નાના છે પણ રહસ્યથી ભરેલા છે.

આ બુકમાં કરેલો સંગ્રહ અત્યંત ઉપયોગી છે. વાંચક બંધુઓ જો તેનો પૂરતો લાભ લેશે તો અમારો પ્રયાસ સફળ થઇ શકશે.

આ બુક પણ ઉદારદિલ શેઠ **માણેકલાલભાઇ ચુનીલાલ જે. પી.**ની આર્થિક સહાયથી તેમના નામની ગ્રંથમાળાના પાંચમા પુષ્પ તરીકે જ પ્રગટ કરેલ છે. સન્માર્ગે પ્રાપ્ત થયેલ દ્રવ્યનો અમે સન્માર્ગે વ્યય કરીને તેમની ઈચ્છાને ફળવતી બનાવી છે. આશા છે કે બીજા શ્રીમંત ગૃહસ્થો પણ પોતાના દ્રવ્યનો આવી રીતે જ સદુપયોગ કરશે.

| | |
|---|---|
| આશ્વિન શુદિ ૧૫<br>સં. ૧૯૯૭ | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા<br>ભાવનગર. |

॥ श्री पार्श्वनाथाय नमः ॥

શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

( સવિવેચન )

ऐंद्रश्रेणिनतं पार्श्वं, श्रीशंखेश्वरनामकं ।
लिखामि योगदृष्टिस्वाध्यायार्थं लोकभाषया ॥ १ ॥

**અર્થ**:—ઇંદ્રના સમુદાયની શ્રેણિ એટલે કે પરંપરા જેને નમેલી છે એવા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને** નમસ્કાર કરીને યમ, નિયમ, પ્રાણાયામાદિ અષ્ટાંગ યોગ જેમાં છે એવા પાતંજલિ આદિ કૃત યોગશાસ્ત્રમાં પ્રવેશ કરી શકાય તેવો શ્રીહરિભદ્રસૂરિવિરચિત શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ છે. તેનો ભાવ ગ્રહણ કરી, સકલતાર્કિકશિરોમણિ વાચકશેખર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે યોગદૃષ્ટિની આઠ સજ્ઝાય રચેલી છે, તેનો ભાવાર્થસૂચક બાલાવબોધ ગુર્જરી ભાષામાં હું લખું છું.

પ્રથમ યોગ શબ્દ એટલે શું ? યોગ એટલે ચંચલતા (યોગવ્યાપારરૂપ), ત્રણ પ્રકારના યોગ: તે મન, વચન, કાયાના યોગ

તથા અષ્ટાંગ યોગ અને જ્ઞાનદર્શનાદિ યોગ; અથવા જે જે વસ્તુઓનું આત્મા સાથે યુંજન કરીએ (જોડીએ) તે પણ યોગ કહેવાય. એમ યોગના બહુ પ્રકાર છે. અહીંઆ તો પાતંજલાદિ ગ્રંથાનુયાયી ત્રણ યોગ વર્ણવેલા છે. તેનાં નામ: ૧ ઇચ્છાયોગ, ૨ શાસ્ત્રયોગ, ૩ સામર્થ્યપ્રતિજ્ઞાયોગ.

૧. તથાવિધ જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષયોપશમ વિશેષથી શ્રુતજ્ઞાનનો અર્થ લઇ, તે પ્રમાણે કરવાની ઇચ્છાવાળો છતાં પ્રમાદથી ધર્મવ્યાપારમાં વિકળ અને અંતઃકરણમાં સૂત્રાર્થનું ઇચ્છકપણું હોય, પણ યથાર્થ બોધ ન હોય તેને **ઇચ્છાયોગ** કહીએ.

૨. યથાર્થ સ્વરૂપે વિકથાદિનો ત્યાગ કરનાર તથા અપ્રમાદીધર્મવ્યાપારવંત, શ્રદ્ધાવંત, તીવ્ર બોધથી અવિતથ વચનનું કથન કરનાર, તથાવિધ મોહના અપગમથી સત્યપ્રતીતવંત છતાં, કાળાદિ વિકળપણાની બાધાએ અતિચારાદિ દોષને જાણતાં છતાં તથાપ્રકારે ટાળી ન શકાય તેને **શાસ્ત્રયોગ** કહીએ

૩. શાસ્ત્રમાં બતાવેલા ઉપાયોને અતિક્રમીને અધિક શક્તિથી ધર્મવ્યાપારરૂપ યોગ આદરવો તેને **સામર્થ્યપ્રતિજ્ઞાયોગ** કહીએ. સિદ્ધિપદપ્રાપ્તિનાં કારણો આ યોગમાં બહુ છે, તેનું અતિક્રમણ કરે નહિ; શાસ્ત્રથકી જ સર્વ અર્થ જાણે. સામર્થ્યપ્રતિજ્ઞાયોગથી સર્વજ્ઞપદપ્રાપ્તિ, સિદ્ધિપદસૌખ્યપ્રાપ્તિ, સકલપ્રવચનપરિજ્ઞાપ્રાપ્તિ ઇત્યાદિ સર્વનો સાક્ષાત્ લાભ થાય છે. સામર્થ્યયોગના પણ બે ભેદ છે: ૧ ધર્મસંન્યાસ અને ૨ યોગસંન્યાસ.

ધર્મસંન્યાસ તે મોહાદિ ક્ષયોપશમરૂપ છે અને યોગસંન્યાસ તે કાયાદિ વ્યાપારના ત્યાગ–કાયોત્સર્ગકરણાદિરૂપ છે. આ બે પ્રકારના સામર્થ્યયોગ સમસ્ત લાભપ્રાપ્તિનો હેતુ છે. ધર્મસંન્યાસ-

સામર્થ્યયોગ પ્રથમથી બીજે અપૂર્વકરણે હોય એટલે કે પ્રથમ કરણને યથાપ્રવૃત્તિકરણની સંજ્ઞા છે, ત્યાં અધિકૃત ધર્મસામર્થ્ય-યોગ ન હોય અને બીજું અપૂર્વકરણ તે ગ્રંથીભેદનું નિબંધન છે, તેથી પ્રથમનો ત્યાગ કરી બીજું કારણ કહ્યું. કહ્યું છે કે:—

जा गंठी ता पढमं, गंठीसमइक्कमे भवे बीअं ।
अनिअट्टिकरणं पुण, सम्मत्त पुरक्खडे जीवे ॥ १ ॥

'ગ્રંથી સુધી આવે તે પહેલું યથાપ્રવૃત્તિકરણ, ગ્રંથીનો સમતિક્રમ કરે એટલે ભેદ કરે તે બીજું અપૂર્વકરણ, અને ત્રીજું અનિવૃત્તિકરણ તે સમ્યક્ત્વપુરસ્કૃત–સમકિત પામેલા જીવને હોય.'

અપૂર્વકરણ તે આત્મવીર્યરૂપ શુભ પરિણામ, અનાદિ કાળે અપૂર્વ અપૂર્વ જે શુભ શુભતર પરિણામ ધર્મસ્થાનકને વિષે હોય તે ધર્મસંન્યાસ, બીજે અપૂર્વકરણે ગ્રંથિભેદ થવાથી સમ્યગ્દર્શન, શમસંવેગાદિ લિંગરૂપ આત્મપરિણામ હોય.

यतः—शमसंवेगनिर्वेदाऽनुकंपास्तिक्यलक्षणैः ।
पंचभिः लक्षणैः सम्यक् सम्यक्त्वमुपलक्ष्यते ॥
—योगशास्त्रे

तथा "तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं." —तत्त्वार्थे

ત્યારપછી તથાવિધ કર્મસ્થિતિને ઓછી કરે એટલે કે સંખ્યાત સાગરોપમ સ્થિતિ અતિક્રમે ત્યારે પ્રથમ ધર્મસંન્યાસ-સામર્થ્યયોગ હોય.

यतः—गंठित्ति सुदुब्भेओ, कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥१॥
सम्मत्तंमि उ लध्धे, पलिपयहुत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं, सागरसंखंतरा हुंति ॥ २ ॥

**અર્થ**—ગ્રંથી એટલે અત્યંત દુર્ભેદ્ય, કર્કશ, ઘન, રૂઢ ને ગૂઢ ગ્રંથીની જેવા જીવના કર્મજનિત ઘન–નિવિડ રાગદ્વેષના પરિણામ જાણવા. ૧. સમ્યક્ત્વ પામ્યા પછી પલ્યોપમપૃથક્ત્વ કર્મસ્થિતિ ઘટે ત્યારે શ્રાવક (દેશવિરતિ) થાય અને સંખ્યાત સાગરોપમ ઘટે ત્યારે ચારિત્રાવરણીનો ક્ષયોપશમ થવાથી સર્વવિરતિપણું પામે. ૨. માટે સ્થિતિભેદ જેમ જેમ વધારે થાય તેમ તેમ આયુંજીકરણથકી આત્મવીર્યોલ્લાસથી ઉપરઉપરના ગુણસ્થાનક ભજે, તે સર્વ ધર્મસંન્યાસસામર્થ્યયોગ કહીએ, તેમ જ તેને પારમાર્થિક–તાત્ત્વિક કહીએ. કોઈક વેળાએ પ્રવ્રજ્યા પ્રતિપત્તિ કાળે અતાત્ત્વિક પણ કહીએ, કારણ કે પ્રવ્રજ્યા સન્મુખ તો છે, પરંતુ પ્રવ્રજ્યા આદરી નથી; માટે ત્યાં જ્ઞાનરૂપ પ્રતિપત્તિ વિશેષ હોય અને ધર્મસંન્યાસસામર્થ્ય યોગનો અધિકારી ભવવિરક્ત હોય. આ પ્રમાણે સિદ્ધાંતમાં કહ્યું છે.

પ્રવ્રજ્યાધિકારી આર્યદેશોત્પન્ન, વિશિષ્ટ જાતિવંત, કુળ-મર્યાદાવંત હોય. અશુભકર્મમળ–બુદ્ધિપ્રપંચ પ્રાયે ક્ષીણ થયેલ હોય અને 'મનુષ્યપણાનાં નિમિત્ત દુર્લભ છે, સંપદા ચપલ છે, વિષય દુઃખૌઘહેતુ છે, સંયોગ વિયોગમિલિત છે, શરીર પ્રતિ-ક્ષણે મરણયુક્ત છે.' એવી રીતે દારુણ વિપાકવાળા સંસારનું અનેક પ્રકારે નિર્ગુણપણું ભાવીને સહજપણે સંસારથી વિરમ્યો હોય. અલ્પકષાયી, અલ્પહાસ્યાદિવંત, અલ્પવેદોદયી, કૃતજ્ઞ, વિનીત, ઘરવાસમાં હોય ત્યારે રાજામાત્યાદિ બહુજનમાન્ય, અદ્રોહી, સુંદર અંગવાળો, શ્રદ્ધાવંત, પ્રવ્રજ્યાઆરાધક, જ્ઞાનયોગનો આરાધક ઇત્યાદિ ગુણોપેત મનુષ્યને ધર્મસંન્યાસસામર્થ્યયોગવાળો જાણવો.

યોગસંન્યાસસામર્થ્યયોગ પારમાર્થિક–તાત્ત્વિકપણે ક્ષપક-શ્રેણિગત યોગીને તથા ક્ષાંત્યાદિ સર્વ ગુણ ક્ષયોપશમપણે જેને

ઉત્પન્ન થયા હોય તેને, યાવત્ કેવલજ્ઞાનનો લાભ મેળવનારને લાભે, ઉપરાંત શૈલેશી અવસ્થાગત યોગનિરુંધન કાળે વર્ત્તતા હોય તેને પણ હોય.

ત્રણ યોગમાં પ્રથમ યોગ ચરમા (ચરમાવર્તમાં પ્રાપ્ત થનાર હોવાથી) કહેવાય છે અને તે ભવ્ય મિથ્યાદૃષ્ટિને પણ હોય, બીજો યોગ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ પ્રમુખને હોય અને ત્રીજો યોગ દીક્ષાની સન્મુખ એવા ભવવિરક્ત તથા અપ્રમત્ત મુનિને યાવત્ અયોગી અવસ્થાવાળા થાય ત્યાં સુધી હોય. તેનો વિશેષ અધિકાર યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથથી જાણવો. અહીં તો લેશમાત્ર લખ્યો છે. યોગનું દર્શન તે સામાન્ય માત્ર જ્ઞાનાવરણીયના ક્ષયોપશમે જાણવું અને દૃષ્ટિ તે ઇહાદિ વિચારણાએ અવધારવી. યોગ સંબંધે આટલું વિવેચન કરી હવે દૃષ્ટિનું સ્વરૂપ કહીએ છીએ.

## પ્રથમ મિત્રા દૃષ્ટિની સજ્ઝાય

॥ ચતુર સનેહી મોહના—એ દેશી ॥

**શિવસુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિટ્ઠિ રે;**
**તે ગુણ થુણી જિન વીરનો, કરશું ધર્મની પુટ્ઠિ રે.**
**॥ વીર જિનેસર દેશના ॥ ૧ ॥**

**અર્થ:**—શિવ એટલે નિરુપદ્રવ, અવ્યાબાધ સુખ તેના કારણ—હેતુભૂત શ્રી વીરપરમાત્માએ યોગની આઠ દૃષ્ટિ ઉપદેશી છે. તે શ્રી વીરપરમાત્માના ગુણ સ્તવીને અમે ધર્મની પુષ્ટિ કરશું. ૧.

શ્રીવીર પરમાત્મા કેવા છે?

यतः–विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥ १ ॥

"જે કર્મને વિદારે છે અને તપવડે જે વિરાજિત છે તેમજ તપ સંબંધી વીર્યવડે યુક્ત છે તેથી તે **વીર** કહેવાય છે."

વળી ધર્મ કેવો છે?

यथा—दुर्गतिप्रपतत्प्राणि–धारणाद्धर्म उच्यते ।
संयमादिदशविधः, सर्वज्ञोक्तो विमुक्तये ॥ १ ॥

**અર્થ**:—'દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખવાથી–પડવા ન દેવાથી **ધર્મ** કહેવાય છે. તે ક્ષાંત્યાદિ દશ પ્રકારનો, સર્વજ્ઞનો કહેલો અને મુક્તિને પ્રાપ્ત કરાવે તેવો છે.' અથવા અપરભાવવ્યતિરિક્ત, કેવલ વસ્તુ–સ્વભાવપણું, તે પણ નિરાવરણપણે તથા સાદિ અપર્યવસાનપણે ધર્મ કહેવાય છે. એવી સામાન્યપણે શ્રીવીરની દેશના–વાણી છે.

**સઘન અઘન દિન રયણીમાં, બાળ વિકળ ને અનેરા રે;**
**અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે.**
**॥ વીર૦ ૨ ॥**

**અર્થ**:—જેમ સઘન એટલે મેઘ સહિત દિવસ અને અઘન–મેઘ રહિત દિવસ, જેમ દિવસ તેમ રાત્રિ, અર્થાત્ મેઘયુક્ત દિવસ રાત્રિ અને મેઘ રહિત દિવસ રાત્રિ; તે તે દિવસો અને રાત્રિઓમાં પણ ભેદ છે અને તે ભેદને દેખનારાઓમાં પણ કોઇ બાળદૃષ્ટિ, કોઈ વિકળદૃષ્ટિ અને બીજા કોઈ તરુણ, વૃદ્ધ, રોગી ઇત્યાદિ અનેક પ્રકારના હોય છે. તેઓ જે જે પદાર્થને

જુએ તેમાં જ્ઞાનાવરણાદિ કર્મની વિચિત્રતાએ સામાન્ય વિશેષાદિમાં અનેક રીતે ફેર પડે, જુદા જુદા ભાવ દેખે. તે સર્વ ઓઘદૃષ્ટિ છે. ઓઘદૃષ્ટિ બહુ જાતની હોય છે. ૨.

**દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે;**
**ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિતદૃષ્ટિને હેરે રે.**
**॥ વીર૦ ૩ ॥**

**અર્થ:**—ઓઘ નજરના ફેરને અનુસારે ષડ્દર્શનના ભેદ જુદા જુદા થયા, તે ઓઘદૃષ્ટિનો અહીં અધિકાર નથી. અહીંઆ તો યોગની આઠ દૃષ્ટિનો અધિકાર છે, કે જેમાંથી થિરાદિક ચાર દૃષ્ટિમાં સમકિતદૃષ્ટિપણું જોવાય છે. તે આઠ દૃષ્ટિ-**મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા ને પરા.** તે આઠ દૃષ્ટિમાં બોધ-જ્ઞાનપ્રકાશ કેવો હોય? તે કહે છે.

**यथा—तृणगोमयकाष्ठाग्निकणदीपोपमप्रभा ।**
**ताराकँचंद्रमारत्नसदृशी दृष्टिरष्टधा ॥ २ ॥**
**—योगदृष्टिसमुच्चये**

**અર્થ:**—'ઘાસના, છાણાના, કાષ્ઠના અગ્નિકણ સમાન અને દીપક સમાન પ્રભા પ્રથમની ચાર દૃષ્ટિમાં હોય અને તારા, સૂર્ય, ચંદ્ર અને રત્નસમાન પ્રભા પછીની ચાર દૃષ્ટિમાં હોય-એમ આઠ પ્રકારની પ્રભા સમજવી.'

આઠમાં પ્રથમની ચાર દૃષ્ટિ સુધી મિથ્યાદૃષ્ટિ હોય અને પાછલી ચાર દૃષ્ટિ ગ્રંથીભેદથી હોય, અર્થાત્ સ્થિરાદૃષ્ટિથી સમ્યક્ત્વ હોય. કોઈ પ્રશ્ન કરે કે-'પાછલી ચાર દૃષ્ટિઓને તો યોગદૃષ્ટિ એવું બિરુદ ઘટે છે, પરંતુ આઠેને યોગદૃષ્ટિ કેમ કહી?' તેનો

ઉત્તર એ છે કે પહેલી ચાર દૃષ્ટિમાં સત્સંગનો યોગ છે, તેમાં પણ બીજા શુભ ધ્યાન કરે છે, તેથી તેઓને પણ દૃષ્ટિ કહીએ. ૩.

**દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;**
**હિતકારી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે.**
**॥ વીર૦ ૪ ॥**

**અર્થ**:—હવે સ્થિરાદિક દૃષ્ટિવંત પ્રાણી સમસ્ત છએ દર્શનના નય ગ્રહણ કરે, તેને વિષે અદ્વેષ રાખે અને પોતે પોતાના સ્વભાવમાં–સ્યાત્‌નિત્યાનિત્યપણે વર્ત્તે. શુદ્ધદૃષ્ટિનો ભંગ કરે નહીં અને અનેક ભવ્યજનને હિતકારી શુદ્ધોપદેશરૂપ સંજીવની ઔષધિનો ચારો ચરાવીને આપસ્વરૂપ પ્રગટ કરાવે. ૪.

તે ઉપર ઉપનયયુક્ત દૃષ્ટાંત કહે છે.

કોઇ નગરમાં એક કુળવાન મનુષ્ય રહે છે. તેને બે સ્ત્રી છે. એક પ્રૌઢ, સુશીલ, વિનીત છે. બીજી વક્ર છે. વક્ર સ્ત્રી પોતાના પતિ સાથે કામક્રીડા કરી દિવસે વૃષભ બનાવવાની વિદ્યાથી પતિને વૃષભ બનાવી ખેતરમાં ચરવા મૂકે છે. પ્રૌઢ સ્ત્રી સ્વામીના પ્રેમને લીધે વૃષભરૂપ સ્વામી પાસે રહી, ચારાપાણીવડે તેની સારસંભાળ કરે છે. કેટલાએક દિવસે કોઇ વિદ્યાધર દંપતી તે રસ્તેથી વિમાનમાં બેસીને જતા હતા. તેવામાં વૃષભને દેખીને વિદ્યાધરે પોતાની પત્નીને કહ્યું કે ‘ આ સ્ત્રી જે વૃષભરૂપ પતિની સેવા કરે છે તે તેની પ્રૌઢ પત્ની છે અને તે વૃષભની નાની સ્ત્રીએ પોતાના પતિને વૃષભ કરેલો છે. ’ એવું ચમત્કારિક વૃત્તાન્ત સાંભળી વિદ્યાધરની સ્ત્રીએ કહ્યું કે ‘એવો કાંઈ યોગ છે કે જેથી આ વૃષભ પુરુષ થાય ? ’ વિદ્યાધરે કહ્યું કે ‘ તે સ્ત્રી બેઠી છે તે વડની

નીચે જે ઔષધિ છે તે જો આ વૃષભને ચરાવે તો તે પુરુષ થઇ જાય.' વિદ્યાધર એમ કહી ચાલ્યો ગયો. પ્રૌઢા સ્ત્રીએ તે વિદ્યાધરની સર્વ વાત સાંભળી અને તેના વચનની પ્રતીતિથી પ્રયત્ન કરી તે વડની નીચેની-આસપાસની સર્વ ઔષધિ ગ્રહણ કરીને તેનો ચારો વૃષભને ચરાવ્યો, તેથી તેમાં સંજીવિની ઔષધિ આવતાં વૃષભ પુરુષ થયો. પ્રૌઢા સ્ત્રીની સેવાભક્તિ પતિએ જાણી. આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છેઃ-

પુરુષ તે આત્મા, જેણે વૃષભ બનાવ્યો તે અશુદ્ધ ચેતના સ્ત્રી, જેણે સેવાભકિત કરી તે શુદ્ધ ચેતના સ્ત્રી, વિદ્યાધર તે ગુરુ, વિદ્યાધરની સ્ત્રી તે દયારૂપ ધર્મકરણી, વડ તે મનુષ્યગતિ, સંજીવની ચારો તે સમ્યગ્દૃષ્ટિપણું-ઇત્યાદિ સકલ સામગ્રીવંતને સંજીવની ચારો ચરાવી પ્રૌઢા સ્ત્રીએ યથાસ્થિત ભર્ત્તાર કર્યો, તેવી રીતે શુદ્ધ ચેતનાને અનુવર્ત્તતો જીવ સર્વ ગુણનું ભાજન થાય. એ પ્રમાણે સ્થિરાદિક ચાર દૃષ્ટિનો ધણી સર્વ જીવને હિતકારી ઉપદેશ આપે.૪.

**દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિપ્રયાણ ન ભાજે રે;**
**રયણીશયન જેમ શ્રમ હરે, સુરનરસુખ તેમ છાજે રે.**
**॥ વીર૦ ॥ ૫ ॥**

**અર્થ**:—સ્થિરાદિક ચાર દૃષ્ટિમાં મુક્તિનું પ્રયાણ-ગમન રોકાય નહીં, કારણ કે એ દૃષ્ટિવંત પ્રાણી પ્રાયઃ પ્રતિપાતિ ન હોય. જેમ મનોવાંછિત નગરે પ્રયાણ કરતાં વચમાં રાત્રે વિશ્રામ લઈએ તેથી જેમ શ્રમ એટલે થાક દૂર થાય અને ઇચ્છિત નગરે સુખેથી પહોંચાય, તેમ સમ્યગ્દૃષ્ટિ પ્રાણીને મુક્તિ પ્રત્યે જતાં વચમાં સુબાહુકુંવર તથા શ્રીપાલાદિની જેમ દેવ મનુષ્યના ભવ કરવા પડે, પરંતુ મુક્તિપુરે અવશ્ય પહોંચે. ૫.

**એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;**
**જિહાં મિત્રા તિહાં બોધ જે, તે તૃણઅગનિસો લહીએ રે.**
**॥ વીર૦ ૬ ॥**

**અર્થ**:—પૂર્વોક્ત સર્વ પ્રસંગથી કહ્યું, યોગદૃષ્ટિ તથા ઓઘદૃષ્ટિ સામાન્ય રીતે સર્વ સંસારી જીવની વર્ણવી. દૃષ્ટિ એટલે દેખવું, જાણવું, તે જ્ઞાનાવરણીકર્મના ક્ષયોપશમ આશ્રી હોય છે, પણ તેનો અહીં અધિકાર નથી, અહીં તો મિત્રાદિ આઠ દૃષ્ટિનો અધિકાર છે. તેમાં પ્રથમ મિત્રાદૃષ્ટિનાં લક્ષણ, ક્રિયા તથા બોધ કહીએ છીએ. આ દૃષ્ટિવાળો સત્શ્રદ્ધાવંતના સંગથી અસત્પ્રવૃત્તિ નહિ કરતાં સત્પ્રવૃત્તિ કરે અને જ્ઞાનનો બોધ હોય, તેથી તે દૃષ્ટિ કહેવાય. જ્યાં મિત્રાદૃષ્ટિ હોય ત્યાં મિથ્યાત્વ દર્શનની મંદ સ્થિતિ તથા મંદ રસ હોય અને તૃણના અગ્નિ સરખો અલ્પબોધ હોય. ૬.

**વ્રત પણ ઇહાં યમ સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;**
**દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે.**
**॥ વીર૦ ૭ ॥**

**અર્થ**:—આ દૃષ્ટિને વિષે પાંચ યમ પ્રાપ્ત થાય. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અસ્તેય, ૪ બ્રહ્મચર્ય, ૫ અપરિગ્રહ. આ પાંચ યમ છે. વળી શુભ કાર્ય જેવા કે દાન, દયા, દેવગુરુની ભક્તિ ઇત્યાદિમાં ખેદ વા આળસ ન થાય. વળી બીજા દર્શનીઓના તથાપ્રકારના ભાવો દેખીને દ્વેષ ન ઉપજે. એ પ્રમાણે સત્ પ્રવૃત્તિના ગુણ, અસત્ પ્રવૃત્તિનું નિવારણ કરવાથી પ્રગટે.

૧ પાંચ મહાવ્રત તે પાંચ યમ. ૨ શૌચ સંતોષાદિ પાંચ નિયમ. ૩ યોગાસન, પદ્માસન ઇત્યાદિ આસન. ૪ પવનનું રુંધન તે

પ્રાણાયામ. ૫ ઇંદ્રિયોને વિષયોમાં ન પ્રવર્તાવવી તે પ્રત્યાહાર. ૬ શુદ્ધ વસ્તુનો યથાર્થ નિરધાર તે ધારણા. ૭ ધ્યેયનું ચિંતવન તે ધ્યાન. ૭ ધ્યેયનો તન્મયપણે અનુભવ તે સમાધિ. એ અષ્ટાંગ યોગ પ્રવૃત્તિ જાણવી. ૭.

વળી બીજી પણ અષ્ટાંગ યોગ પ્રવૃત્તિ છે. ૧ અદ્વેષ, ૨ જિજ્ઞાસા, ૩ શુશ્રૂષા, ૪ શ્રવણ, ૫ બોધ, ૬ મીમાંસા, ૭ પરિશુદ્ધિ, ૮ અપ્રતિપાતિ ઈત્યાદિ.

**યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;**
**ભાવાચારજ સેવના, ભવઉદ્વેગ સુઠામો રે ।। વીર૦ ૮ ।।**

**અર્થ**:—યોગનાં બીજ આ દૃષ્ટિમાં ગ્રહણ કરે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા ચારે નિક્ષેપે જિનેશ્વરને શુદ્ધ પ્રણામ કરે. સૂત્રોક્ત પ્રવૃત્તિએ પ્રવર્તનારા, પંચાચારને યથાર્થ પાળનારા અને શુદ્ધ ભાષક એવા ભાવાચાર્યની સેવના કરે અને ભવોદ્વેગ–સંસારથી ઉદાસીનતા તે જ મોક્ષપ્રાપ્તિ કરાવનાર છે એમ જાણે. ૮.

**દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;**
**આદર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે.**
**।। વીર૦ ૯ ।।**

**અર્થ**:—ગ્રંથિભેદ વિના ભાવ અભિગ્રહ હોય નહીં, તેથી અહીં દ્રવ્ય અભિગ્રહ હર્ષથી પાળે. અર્થાત્ ઔષધ, વસ્ત્ર, પાત્રપ્રમુખ મુનિને દેવાના અભિગ્રહ કરે અને આદરસત્કાર સહિત આગમવિધિને અનુસારે સાધુ મુનિરાજને ઉચિત હોય તે આપે તથા બહુમાનપૂર્વક પુસ્તક લખાવવા પ્રમુખ ઉદ્યમ કરે. ૯.

**લેખન પૂજન આપવું, શ્રુતવાચના ઉદ્ગ્રાહો રે;**
**ભાવવિસ્તાર સજ્ઝાયથી, ચિંતન ભાવન ચાહો રે.**
**॥ વીર૦ ૧૦ ॥**

અર્થ:—સિદ્ધાંત લખાવવામાં તથા વીતરાગનાં બિંબોના પૂજનમાં દ્રવ્યાદિ સામગ્રી આપવામાં સાવધાન હોય. વળી સન્માર્ગપ્રરૂપક સિદ્ધાંતની વાચના આપનારનો ઉદ્ગ્રાહી–તેનો યોગ મેળવવા ઉદ્યમ કરે, વળી સ્વાધ્યાય તે વાંચનાપ્રમુખ પાંચ પ્રકારની કરે, ભાવ વિસ્તાર–ભાવ આસ્થાદિકનાં કારણો વધારે અને તેના ચિંતવનની તથા ભાવનાની ચાહના કરે. ૧૦.

**બીજકથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;**
**એહ અવંચકયોગથી, લહીએ ધરમસનેહ રે.**
**॥ વીર૦ ૧૧ ॥**

અર્થ:—સંવેગભાવની યથાસ્થિતતા, શમ, સંવેગ, સત્પ્રવૃત્તિલક્ષણરૂપ શ્રદ્ધા, નિ:સ્વાર્થ પરોપકારકરણ, દુ:ખિતાનુકંપા, સત્શીલાનુચરણ, ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય પ્રમુખ તથા બીજકથા એટલે યોગાંગકથા શ્રવણ કરીને હર્ષોત્કર્ષયુક્ત રોમાંચિત શરીરવાળો થાય. એવા પ્રશસ્ત બાહ્ય સંયોગ મળવાથી, સદભ્યાસ કરવા કરાવવાનાં સાધન મળવાથી યોગનું અવંચકપણું તેને પ્રાપ્ત થાય. તેથી તે પ્રાણી વિષક્રિયા વાંછે નહીં, ક્રિયા નિષ્ફળ કરે નહીં તે અવંચક યોગ સમજવો. તે અવંચક યોગ પામીને પરમોત્કૃષ્ટ ધર્મસ્નેહ પામે. મનમાં એમ વિચારે કે આ લાભ અત્યંત દુષ્કરપણે પામ્યો છું. ૧૧.

**સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે;**
**યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે.**
**॥ વીર૦ ૧૨ ॥**

**અર્થ**:—ઉત્તમ ગુરુનો યોગ પામીને વંદનક્રિયા વ્યવહાર વિધિપૂર્વક સાચવે, તેથી જે ફળ થાય તે આ પ્રમાણે છે. મનને વિશુદ્ધપણે પ્રવર્ત્તાવવું તે યોગઅવંચક કહીએ તથા વચન અને કાયાને નિરવદ્યપણે પ્રવર્તાવવા તે ક્રિયાઅવંચક કહીએ. તે પ્રમાણે કરવાથી મિથ્યાત્વ તથા વિષય, કષાયાદિકની હીનતાએ શુભગતિ પ્રમુખ ફળ પામે તે ફળઅવંચક કહીએ. આ ત્રણ પ્રકારના અવંચક યોગ તે પ્રાણીને હોય. યદ્યપિ આ ત્રણ અવંચક યોગ સાધુને ઉદ્દેશીને હોય, પરંતુ શુદ્ધ સામાયિકે તથા અમત્સરયુક્ત ભાવસમાધિપણે દ્રવ્યથી એ અહીં હોય છે. ૧૨

**ચાહે ચકોર તે ચંદ્રને, મધુકર માલતી ભોગી રે;**
**તેમ ભવિ સહજ ગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે.**
**॥ વીર૦ ૧૩ ॥**

**અર્થ**:—જેમ ચકોર પક્ષી ચંદ્રની ચાહના કરે અને જેમ ભ્રમર માલતીનાં પુષ્પનો ભોગી હોય તેમ આ ભવ્ય પ્રાણીને યદ્યપિ મોહનો ક્ષયોપશમ નથી, તથાપિ ઉત્તમ શ્રેષ્ઠ જે શુભ નિમિત્તો તેનો સંગી થાય. એવો સહજ ગુણ હોય. ૧૩

**એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્ત્તે રે;**
**સાધુને સિદ્ધદશા સમું, બીજનું ચિત્ત પ્રવર્ત્તે રે.**
**॥ વીર૦ ૧૪ ॥**

**અર્થ**:—એવા અવંચક યોગ જ્યારે ચરમ પુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે ત્યારે ઉપજે. તે પણ કેટલાએક પ્રાણી જે ક્રિયાયોગી હોય તેઓને હોય, અને સાધુઓને તો સિદ્ધ અવસ્થા સમાન પરમાનંદ આપનાર હોય. આ મિત્રા દૃષ્ટિમાં

વર્તતા પ્રાણીને, બીજ જે યોગના અંગ સમતા, ઔદાર્ય પ્રમુખ તે ગ્રહણ કરવાને પ્રયત્નવાળું ચિત્ત આ દૃષ્ટિમાં હોય. ૧૪

**કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;**
**મુખ્યપણે તે ઇહાં હોયે, સુયશવિલાસનું ટાણું રે.**
**॥ વીર૦ ॥ ૧૫ ॥**

**અર્થ:**—અહિં અપૂર્વકરણના નિકટ–સમીપપણાથી સ્થિતિ તથા રસમાં મંદપણે મિથ્યાત્વ ગુણઠાણે તે પ્રવર્ત્તે. વળી શિવરાજ રાજર્ષિ પ્રમુખની પૂર્વે જે દશા હતી તેવી મુખ્યપણે અહીં હોય. વળી તે ઉત્તમ યશના વિલાસનું સ્થાનક હોય. સારાંશ કે અભવ્ય, દુર્ભવ્ય, બહુ પુદ્‌ગલપરાવર્તનવાળા, શઠ, હઠકદાગ્રહી, અત્યંત અભિનિવેશી, ગુરુ આશાતનાવાળાને આ દષ્ટિ ન હોય. ૧૫

**ઇતિ પ્રથમ મિત્રા દષ્ટિ સજ્ઝાય**

## દ્વિતીય તારાદૃષ્ટિની સજ્ઝાય

॥ મન મોહન મેરે—એ દેશી. ॥

**દર્શન તારા દૃષ્ટિમાં મનમોહન મેરે, ગોમય અગ્નિ સમાન ॥ મ૦ ॥ શૌચ સંતોષ ને તપ ભલું ॥ મ૦ ॥ સજ્ઝાય ઇશ્વરધ્યાન ॥ મ૦ ॥ ૧ ॥**

**અર્થ:**—હવે તારાદૃષ્ટિનો વિચાર કહે છે. મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિમાં મિથ્યાત્વ કેવું મંદ હોય તથા કેવો બોધ હોય તે

કહે છે. મિથ્યાત્વ વિશેષ મંદ હોય અને બોધ ગોમય–છાણના અગ્નિ સમાન હોય. જેમ છાણાનો અગ્નિ ધીમે ધીમે વધે તેમ બોધ વધતો જાય, અર્થાત્ કાંઈક કાર્યસાધક થાય. તેથી શૌચ એટલે મન નિર્મળ રહે. સંતોષ–પ્રાપ્તવસ્તુથી વિશેષ તૃષ્ણા ન રાખે, તપ–ઈચ્છાનું રુંધન કરે, સજ્ઝાય–શ્રુતઅધ્યયન પ્રમુખ કરે, ઈશ્વરધ્યાન–પરમાત્માનું ધ્યાન કરે, આત્મહિત ચિંતવે અને વિચારે કે રખે અકાર્ય સેવીશ તો દુર્ગતિ પામીશ. ૧

**નિયમ પંચ ઇહાં સંપજે ॥ મ૦ ॥ નહીં કિરિઆ ઉદ્વેગ ॥ મ૦ ॥ જિજ્ઞાસા ગુણતત્ત્વની ॥ મ૦ ॥ પણ નહીં નિજ હઠ ટેગ ॥ મ૦ ॥ ૨ ॥**

**અર્થ**:—આ દષ્ટિમાં પૂર્વોક્ત પાંચ નિયમ ઉપજે, મોટી ક્રિયામાં અખેદપણે પ્રવર્ત્તે, અર્થાત્ પરલોક હિતાર્થ કામ કરતાં ઉદ્વેગ ન પામે. વળી ગુણતત્ત્વ–શુદ્ધ ગુણતત્ત્વ સંબંધીની જિજ્ઞાસા–ચાહના હોય, તથા કરણ, કરાવણ, અનુમોદનરૂપ નિર્વિકારપણું હોય, પરંતુ પોતાના હઠ કદાગ્રહનો ટેક વિશેષ ન જ હોય. ૨

**એહ દૃષ્ટિ હોય વરતતાં ॥ મ૦ ॥ યોગકથા બહુ પ્રેમ ॥ મ૦ ॥ અનુચિત તેહ ન આચરે ॥ મ૦ ॥ વાળ્યો વળે જેમ હેમ ॥ મ૦ ॥ ૩ ॥**

**અર્થ**:—આ દષ્ટિમાં વર્ત્તતો પ્રાણી અષ્ટાંગ યોગાદિકની કથામાં બહુ પ્રેમ ધારણ કરે. યોગશુદ્ધિ, ક્રિયાશુદ્ધિમાં પ્રવર્તી ફળશુદ્ધિ કરે, અર્થાત્ જે થકી પરલોક સંબંધી અહિત થાય તેવું અનુચિત કાર્ય કરે નહીં. વળી તેને કોઈ હિતશિખામણ કહે તેની સાથે સુવર્ણ જેમ વાળ્યું વળે તેની પેઠે સરળતા રાખે. ૩

વિનય અધિક ગુણીનો કરે ॥ મ૦ ॥ દેખે નિજગુણ હાણ ॥ મ૦ ॥ ત્રાસ ધરે ભવભયથકી ॥ મ૦ ॥ ભવ માને દુઃખખાણ ॥ મ૦ ॥ ૪ ॥

અર્થ:—પોતાથી અધિક ગુણવંતનો વિનય કરે અને પોતે વિશેષ ગુણી છતાં પોતામાં ન્યૂનતા ભાવે, અર્થાત્ અહંકૃતિ વા નિજ ઉત્કર્ષ ન કરે. વળી ચતુર્ગતિરૂપ સંસારને દુઃખની ખાણ દેખીને તેના ભયથી ત્રાસ પામે. ૪. કહ્યું છે કે:—

यतः—जन्मदुःखं जरादुःखं, रोगाणि मरणाणि य ॥
अहो दुःखं हु संसारे, जथ्थ किसंति जंतुणो ॥ १ ॥

અર્થ:—આ સંસારમાં જન્મનું દુઃખ, વૃદ્ધાવસ્થાનું દુઃખ, અનેક રોગો અને ભવભવમાં મરણો રહેલા છે. એવો આ સંસાર દુઃખમય છે કે જેમાં આ પ્રાણી–જંતુ અનેક પ્રકારના કલેશો પામે છે.

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી ॥ મ૦ ॥ શિષ્ટ કહે તે પ્રમાણ ॥ મ૦ ॥ સુયશ લહે એ ભાવથી ॥ મ૦ ॥ ન કરે જૂઠ ડફાણ ॥ મ૦ ॥ ૫ ॥

અર્થ:—શાસ્ત્ર ઘણાં છે અને પોતાની મતિ–બુદ્ધિ અલ્પ છે, માટે શિષ્ટ મહાન્ ગુરુ કહે તે વચન પ્રમાણ કરે. સમ્યગ્ રીતે મન વચન કાયાએ, કરણ કરાવણ અનુમતિરૂપે નિર્વિકારીપણું હોય તે પ્રમાણે વિશિષ્ટ ભાવના ભાવતો થકો સુયશ–નિર્મળ કીર્ત્તિ પામે. તે અછતા ગુણોનો જૂઠો–અસત્ય ડફાણ–આડંબર કરે નહીં. શુભયોગકથામાં પ્રીતિ રાખે. ૫.

ઇતિ દ્વિતીય તારા દષ્ટિ સજ્ઝાય

# ત્રીજી બલા દૃષ્ટિની સજઝાય

॥ પ્રથમ ગોવાલતણે ભવે જી—એ દેશી ॥

**ત્રીજી દૃષ્ટિ બલા કહી જી, કાષ્ઠ અગ્નિસમ બોધ;**
**ક્ષેપ નહી આસન સધે જી, શ્રવણ સમીહા સોધ રે.**
**॥ જિનજી ! ધન ધન તુજ ઉપદેશ ॥ ૧ ॥**

**અર્થ:**—હવે બલા નામની ત્રીજી દૃષ્ટિ વર્ણવે છે. આ દૃષ્ટિમાં સુખાસને બેઠેલાનું જેમ સ્થિર ચિત્ત હોય, દેવવંદન, ગુરુવંદન, આવશ્યકાદિ કાર્ય અનુકૂળપણે કરે, યદ્યપિ મિથ્યાદર્શન છે તો પણ મિથ્યાત્વની બહુ જ મંદતા હોય, અર્થાત્ મિથ્યાત્વીઓના ભ્રાન્તિરૂપ ચમત્કારિક જ્ઞાન દેખીને ચપલ પરિણામવાળો ન થાય. આ દૃષ્ટિમાં શાસ્ત્રશ્રવણથી કાષ્ઠના અગ્નિ સરખો દૃઢ બોધ હોય. વળી ક્રિયાઓનું અન્યોઅન્ય મિશ્રણ કરવું તે ક્ષેપદોષ કહેવાય છે તેવો ક્ષેપદોષ ન હોય. પર્યંકાસનાદિ યોગાસનને સાધે. સિદ્ધાંત શ્રવણ કરવાની સમીહા એટલે તીવ્ર ઇચ્છા કરે અને તેવી ઇચ્છાને સોધ એટલે સાધે. હે જિનજી ! તમારા ઉપદેશને ધન્ય છે, એવો પરમાત્માનો સત્કાર કરે અને પોતાના આત્માને ધન્ય માને. ૧.

**તરુણ સુખી સ્ત્રી પરિવર્યો જી, જેમ ચાહે સુરગીત;**
**સાંભળવા તેમ તત્ત્વને જી, એ દૃષ્ટિ સુવિનીત રે.**
**॥ જિનજી ! ધન૦ ॥ ૨ ॥**

**અર્થ:**—જેમ કોઇ તરુણ–યુવાન પુરુષ ધનાઢ્ય ને સુખી

હોય, વળી સુંદર સ્ત્રીએ યુક્ત હોય, તે જેમ દેવગાંધર્વના ગીત-ગાન શ્રવણ કરવાની ચાહના કરે તેવી રીતે આ દૃષ્ટિવંત પ્રાણી તત્ત્વજ્ઞાન શ્રવણ કરવાની ચાહના કરે. વળી આ દૃષ્ટિવાળા વિનયવંત પણ હોય. ૨.

**સરી એ બોધપ્રવાહની જી, એ વિણ શ્રુત થલકૂપ;**
**શ્રવણસમીહા તે કિસી જી, શયિત સુણે જેમ ભૂપ રે.**
**॥ જિનજી ! ધન૦ ॥ ૩ ॥**

**અર્થ**:—આ દૃષ્ટિ બોધ એટલે જ્ઞાનપ્રવાહની સરી-સર સરખી છે. જેમ કૂવા અને વાવમાં પાણીની સર જમીન ખોદવાથી નીકળી આવે, અને તે સરથી પાણી તરત પ્રાપ્ત થાય તેમ આ દૃષ્ટિથી જ્ઞાનપ્રવાહની સર પ્રાપ્ત થાય છે. વળી જેમ રાજા શય્યામાં સૂતા થકા યાચકોનાં ગીત શ્રવણ કરે, પણ વિષય-કષાયમાં ગ્રસ્ત હોવાથી તે ગીતમાં ધ્યાન ન રહે, તેવી રીતે આ દૃષ્ટિ વિના શ્રુતશ્રવણમાત્ર બોધકારક ન થાય. સર્વ થલકૂપ સમાન થાય, એટલે થળના કૂવામાં પાણી ન હોય તેવું થાય. ૩.

**મન રીઝે તન ઉલ્લસે જી, રીઝે બૂઝે એકતાન;**
**તે ઇચ્છા વિણ ગુણકથા જી, બહેરા આગળ ગાન રે.**
**॥ જિનજી ! ધન૦ ॥ ૪ ॥**

**અર્થ**:—જે શ્રવણથી મન હર્ષ પામે, શરીર રોમાંચિત થાય, અને રીઝ તથા બૂઝ એટલે બોધની એકતાનતા-આનંદ અને એકતા થાય, તે શ્રવણ જ સાર્થક છે. તેવી પ્રબળ ઇચ્છા વિના તત્ત્વકથા શ્રવણ કરવી તે જેમ બહેરા આગળ ગીત નિષ્ફળ છે તેમ નિષ્ફળ જાણવી. ૪.

**વિઘન ઇહાં પ્રાયે નહીં જી, ધર્મહેતુમાં કોય;**
**અનાચાર પરિહારથી જી, સુયશ મહોદય હોય રે.**
**॥ જિનજી ! ધન૦ ॥ ૫ ॥**

અર્થઃ—[illegible] દૃષ્ટિમાં વર્ત્તતાં ધર્મના કાર્ય કરતાં પ્રાયઃ કાંઈ વિઘન–અંતરાય થાય નહીં, કેમકે અનાચારનો આ દૃષ્ટિમાં પરિહાર–ત્યાગ છે અને તેમ હોવાથી ઉત્તમ યશ અને મહાન્ ઉદયનો લાભ પણ થાય છે. આ દૃષ્ટિમાં શુભ યોગનો આરંભ, સુકથાશ્રવણ ઇત્યાદિ મહાલાભો રહેલા છે. ૫.

**ઇતિ બલા દૃષ્ટિ સજ્ઝાય**

## ચોથી દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય

॥ ઝાંઝરીઆ મુનિવર ! ધનધન તુમ અવતાર—એ દેશી ॥

**યોગદૃષ્ટિ ચોથી કહી જી, દીપ્રા તિહાં ન ઉત્થાન;**
**પ્રાણાયામ તે ભાવથી જી, દીપપ્રભાસમ જ્ઞાન.**
**॥ મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણ ॥૧॥**

અર્થઃ—હવે દીપ્રા નામે ચોથી દૃષ્ટિનું સ્વરૂપ કહે છે. ૧ સમાન, ૨ ઉદ્દાન, ૩ વ્યાન, ૪ અપાન અને ૫ પ્રાણાયામ. આ પાંચ પ્રકાર વાયુ સંબંધી છે. તેમાં સમાન તે નાભિ અને હૃદય વચ્ચેનો વાયુ, ઉદ્દાન તે હૃદય અને મસ્તક વચ્ચેનો વાયુ, વ્યાન તે સર્વ ત્વચાવર્તી વાયુ, અપાન તે અંગવર્તી વાયુ અને પ્રાણાયામ તે શ્વાસોશ્વાસરુંધન—એ પ્રમાણે વાયુના પાંચ ભેદ છે. તેમાં રેચક, પૂરક, કુંભકવડે પવન સાધવાથી પ્રશાંત-

વાહિતાનો લાભ થાય. એક ક્રિયામાં અપરક્રિયાનો ઉપયોગ તે ઉત્થાન દોષ, તે આ દૃષ્ટિમાં ન હોય. યદ્યપિ અહીં ગ્રંથિભેદ થયો નથી, તો પણ પ્રશસ્ત યોગવંતને ભાવથી પ્રાણાયામ હોય. આ દૃષ્ટિમાં દીપપ્રભા સમાન બોધ છે, અર્થાત્ તત્ત્વશ્રવણ, શુશ્રૂષા અને યમનિયમાદિક ફળવાળો સૂક્ષ્મ બોધ જાણવો. હે મનના પ્યારા જિનજી! તમારો ઉપદેશ અત્યંત મધુર છે. ૧

**બાહ્યભાવ રેચક ઇહાં જી, પૂરક અંતરભાવ;**
**કુંભક થિરતા ગુણે કરી જી, પ્રાણાયામ સ્વભાવ.**
**॥ મન૦ ॥ ૨ ॥**

અર્થ:—બહિરાત્મપ્રવૃત્તિ જે બાહ્યભાવ તેને કાઢવારૂપ રેચકપણું આ દૃષ્ટિમાં છે, અંતરાત્મવૃત્તિવાળા ગુણો દાખલ કરવા તે પૂરકપણું છે અને પ્રાપ્ત થયેલા ગુણોને સ્થિર કરવા તે કુંભકપણું છે. એવી રીતે (ભાવ) પ્રાણાયામરૂપ આ દૃષ્ટિનો સ્વભાવ છે, અને શ્વાસરુંધન (દ્રવ્ય) પ્રાણાયામનો પણ એવો જ સ્વભાવ છે. ૨

**ધર્મઅર્થે ઇહાં પ્રાણને જી, છાંડે પણ નહીં ધર્મ;**
**પ્રાણઅર્થે સંકટ પડે જી, જુઓ એ દૃષ્ટિનો મર્મ.**
**॥ મન૦ ॥ ૩ ॥**

અર્થ:—આ દૃષ્ટિમાં વર્તતો પ્રાણી ધર્મઅર્થે પ્રાણને તૃણની પેઠે ત્યાગે, પરંતુ પ્રાણત્યાગરૂપ સંકટ પડે તો પણ ધર્મને તજે નહીં, એવો આ દૃષ્ટિનો મર્મ—રહસ્ય છે. ૩

**તત્ત્વશ્રવણ મધુરોદકે જી, ઇહાં હોયે બીજપ્રરોહ;**
**ખારઉદક સમ ભવ ત્યજે જી, ગુરુભગતિ અદ્રોહ.**
**॥ મન૦ ॥ ૪ ॥**

અર્થ:—આ દૃષ્ટિમાં સિદ્ધાંતપ્રમુખમાંથી તત્ત્વશ્રવણરૂપ મધુર ઉદકનું સિંચન થવાથી બીજમાંથી સંસારની અનાશંસા, વિરક્તતા પ્રમુખ પ્રરોહ–અંકુરો પ્રગટ થાય. વળી ક્ષારઉદક સમાન ભવાભિનંદીપણાનો ત્યાગ થાય; તેમ જ ગુરુભક્તિનો અદ્રોહી થાય અર્થાત્ ગુરુની ભક્તિ કરનારો થાય. ૪

**સૂક્ષ્મબોધ તો પણ ઇહાં જી, સમકિત વિણ નવિ હોય;**
**વેદ્યસંવેદ્ય પદે કહ્યો જી, તે ન અવેદ્યે જોય.**
**॥ મન૦ ॥ ૫ ॥**

અર્થ:—યદ્યપિ સૂક્ષ્મબોધ આ દૃષ્ટિમાં નથી, કારણ કે ગ્રંથિભેદ થયા વિના સમ્યક્ત્વ થાય નહિ અને સમ્યક્ત્વ વિના સૂક્ષ્મબોધ હોય નહીં. સૂક્ષ્મબોધ તે વેદ્યસંવેદ્યપદરૂપ સમ્યક્ત્વમાં રહેલ છે તે આ દૃષ્ટિમાં નથી. અહીં તો અવેદ્ય-પદ–મિથ્યાત્વ છે તેથી સૂક્ષ્મબોધ નથી. તે સંબંધી વિસ્તાર યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં છે. અહીં સંક્ષેપથી બતાવીએ છીએ.

મિત્રાદિ ચાર દૃષ્ટિ યદ્યપિ ક્રિયા પ્રમુખવડે સત્સંગતિ આદિ ગુણો તથા ધર્મનાં બીજનો સંગ્રહ કરે, પરંતુ એ ચારે દૃષ્ટિ એ અવેદ્યપદ છે તેથી ત્યાં સૂક્ષ્મ તત્ત્વબોધ નથી. જેમ પક્ષીની છાયા પાણીમાં પડતાં પાણી પણ તેવી જ પ્રવૃત્તિ કરે, તેવી રીતે આ ચાર દૃષ્ટિમાં પણ તેવી જ પ્રવૃત્તિ હોય પણ સૂક્ષ્મ તત્ત્વબોધ ન હોય; કેમકે હજુ અવેદ્યપદ–અપદ છે. અવેદ્યપદ એટલે જ્યાં અંતર્મુહૂર્ત્ત માત્રમાં દર્શનમોહ-નીયના ક્ષયોપશમરૂપ ગ્રંથિભેદ કરે એવું આત્માનું પંડિતવીર્ય સ્ફૂરે નહીં તે પદ સમજવું.

સ્થિરાદિ ચાર દૃષ્ટિમાં વેદ્યસંવેદ્ય પદ છે. વેદ્ય—જે સૂક્ષ્મબોધ તેનું સંવેદ્ય તે સમ્યગ્ વેદન છે. અહીં મિથ્યાત્વનો ક્ષય થયા છતાં યદ્યપિ છેલ્લી પાપપ્રવૃત્તિ નરકાદિ ગમનરૂપ શ્રેણિકાદિકની પેઠે તપ્તલોહપદસ્પર્શપ્રવૃત્તિ સરખી હોય, પરંતુ તે વેદ્યસંવેદ્ય-પદ સૂક્ષ્મબોધ સહિત આત્મપંડિતવીર્યનું સ્ફૂરણ તો મિથ્યાત્વાદિકના ક્ષયથી જ હોય. ૫

**વેદ્ય બંધ શિવ હેતુ છે જી, સંવેદન તસ નાણ;**
**નય નિક્ષેપે અતિ ભલું જી, વેદ્યસંવેદ્ય પ્રમાણ.**
**॥ મન૦ ॥ ૬ ॥**

**અર્થ:**—તેથી વેદ્યપદનો બંધ—સૂક્ષ્મબોધ તે શિવ—મોક્ષનો હેતુ છે; સંવેદન પદ તે તેનું જ્ઞાન છે, નૈગમાદિ સપ્ત નય, નામાદિ ચાર નિક્ષેપા, સ્યાદસ્તિઆદિ સાત ભંગ તથા ગમા એટલે સરખા પાઠ, ઇત્યાદિકથી અતિ નિર્મળ એવું વેદ્યસંવેદ્યપદ પ્રમાણભૂત છે. ૬

**તે પદ ગ્રંથિવિભેદથી જી, છેહલી પાપપ્રવૃત્તિ;**
**તપ્તલોહપદધૃતિસમી જી, તિહાં હોય અંત નિવૃત્તિ.**
**॥ મન૦ ॥ ૭ ॥**

**અર્થ:**—તે વેદ્યસંવેદ્ય પદ, દર્શનમોહના નાશથી ગ્રંથિભેદે ઉપજે, તેથી અનાદિની અતત્ત્વવાસના મટે. સંસારમાં છેલ્લી પાપપ્રવૃત્તિ, તે અગ્નિથી તપ્ત એવા લોહ ઉપર પગ માંડવાના ધૈર્ય સમાન અનર્થની કરનારી એવી દેખાય, પાપપ્રવૃત્તિ એવી લાગે, પણ તેનો અંત એટલે એ પાપપ્રવૃત્તિની પણ જ્યાં નિવૃત્તિ થાય, એ વેદ્યસંવેદ્ય પદનું લક્ષણ જાણવું. ૭

**એહ થકી વિપરીત છે જી, પદ તે અવેદ્ય સંવેદ્ય;**
**ભવાભિનંદી જીવને જી, તે હોય વજ્ર અભેદ્ય.**
**॥ મન૦ ॥ ૮ ॥**

અર્થ:—વેદ્યસંવેદ્ય પદથી વિપરીત લક્ષણવાળું પદ તે અવેદ્યસંવેદ્ય, તે હોવાથી મિથ્યાત્વ હોય અને સૂક્ષ્મબોધ ન હોય. આ ચાર દૃષ્ટિમાં દર્શનમોહનીયના ક્ષયોપશમથી થનારો ગ્રંથિભેદ ન હોય. તેથી ભવાભિનંદી–સંસારનાં સુખમાં અતિશય રાચનારા પ્રાણીને અવેદ્યસંવેદ્ય પદ હોય, વજ્રના જેવું એ પદ અભેદ્ય છે અને અનાદિ કાળથી છે. ૮.

**લોભી[૧] કૃપણ[૨] દયામણો[૩] જી, માયી[૪] મચ્છર ઠાણ;[૫]**
**ભવાભિનંદી[૬] ભયભર્યો[૭] જી, અફલ આરંભ અયાણ.[૮]**
**॥ મન૦ ॥ ૯ ॥**

અર્થ:—૧ લોભી–સર્વત્ર યાચક–ધન છતાં અભોગી, ૨ કૃપણ–દ્રવ્યાદિક કોઈને ન આપનાર, તુચ્છ પ્રકૃતિવાળો, ૩ દયામણો–સર્વનું અહિત ઇચ્છનાર, ૪ માયી–કપટી, ગુપ્ત સ્વાર્થ-સાધક, ૫ મચ્છરી–પરસુખે દુઃખી, ૬ ભવાભિનંદી–સંસારમાં આનંદ માનનાર, ૭ ભયભર્યો–સહુથી ભય પામતો અને ૮ અયાણ–અજ્ઞાન: આ આઠ દોષવાળા અર્થાત્ આ આઠ દોષ જેનામાં વિદ્યમાન છે તે પ્રાણી ધર્મનો આરંભ કરે, તે જો કે સત્ય હોય તો પણ કુશલાદેવીની પેઠે તેનો પ્રયાસ નિષ્ફળ થાય. ૯.

**એવા અવગુણવંતનું જી, પદ છે અવેદ્ય કઠોર;**
**સાધુસંગ આગમતણો જી, તે જીતે ધરી જોર.**
**॥ મન૦ ॥ ૧૦ ॥**

**અર્થ**:—પૂર્વોક્ત દોષવાળાનું અવેદ્યપદ કઠોર–બહુ જ આકરું હોય છે, તેથી તે પ્રાણીને ગ્રંથિભેદ ન થાય ત્યાંસુધી તેને સૂક્ષ્મબોધ પણ ન થાય, પરંતુ સાધુનો સંગ અને સિદ્ધાંતનું શ્રવણ–આ બે હેતુ મળવાથી તે અવેદ્યપદ જીતે–તેની ઉપર જય મેળવે. ૧૦.

**તે જીત્યે સહજે ટળે જી, વિષમ કુતર્ક પ્રકાર;**
**દૂર નિકટ હાથી હણે જી, જેમ બે બઠર વિચાર.**
**॥ મન૦ ॥ ૧૧ ॥**

**અર્થ**:—તે મોહનીયને જીતવાથી વિષમ આકરા માઠા-તત્ત્વના વિચારરૂપ કુતર્ક સહેજે ટળી જાય. જેમ બે બઠર–અજ્ઞાની મૂર્ખ હતા. તેઓને હાથી ઉપર બેઠેલા માવતે કહ્યું કે 'તમે દૂર રહો, નહીં તો હાથી તમને મારી નાંખશે.' તે સાંભળી તે બંને બઠરે વિચાર કર્યો કે 'હાથી પ્રાપ્ત થયેલાને હણે છે કે અપ્રાપ્તને હણે છે? જો પ્રાપ્તને હણે છે તો માવતને હણે અને અપ્રાપ્તને હણે તો સામા આવનારને હણે.' એવો વિચાર કરે છે તેટલામાં હાથી આવ્યો અને તે બંનેને હણી નાંખ્યા. આવા કુતર્કવાળા વિચાર સહેજે ટળી જાય. ૧૧.

**હું પામ્યો સંશય નહીં જી, મૂરખ કરે એ વિચાર;**
**આળસુઆ ગુરુ શિષ્યનો જી, તે તો વચન પ્રકાર.**
**॥ મન૦ ॥ ૧૨ ॥**

**અર્થ**:—'હું તત્ત્વજ્ઞાન પામ્યો છું તેમાં કાંઇ સંશય નથી,' એવા વિચાર મૂર્ખ હોય તે કરે. જેમ આળસુ ગુરુ અને આળસુ શિષ્ય બંનેને પરસ્પર અનેક વચનના વાદ થતાં ઊઠીને સ્વાધ્યાય કરી શકયા નહીં, તેની પેઠે તે બાબત સમજવી. ૧૨.

**ધી જે તે પતિઆવવું જી, આપમતે અનુમાન;**
**આગમ ને અનુમાનથી જી, સાચું લહે સુજ્ઞાન.**
**॥ મન૦ ॥ ૧૩ ॥**

**અર્થ:**—તેથી જે પ્રાણી ધી–પોતાની બુદ્ધિએ પતિઆવવું એટલે પ્રત્યય ઉપજાવે, અર્થાત્ પોતાના અનુમાન પ્રમાણે પોતાની મતિપૂર્વક નિશ્ચય કરે તે કાંઇ પણ તત્ત્વ ન પામે; અને જે આગમ-પ્રમાણથી પ્રવીણ ગુરુના અભિપ્રાય પ્રમાણે પ્રત્યય ઉપજાવે–નિશ્ચય કરે, તે જ સાચું સુજ્ઞાન કે ઉત્તમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે. ૧૩.

**નહી સર્વજ્ઞ જાૂજૂઆ જી, તેહના જે વળી દાસ;**
**ભગતિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ.**
**॥ મન૦ ॥ ૧૪ ॥**

**અર્થ:**—વળી તે વિચાર કરે કે ' સર્વજ્ઞ વીતરાગદેવ જુદા જુદા હોતા નથી, એક જ હોય છે. તેઓ અવિતથવાદી છે.' તેમના જેઓ દાસ–સર્વજ્ઞશાસનના આરાધનારા છે તેઓને તે દેવની ભક્તિ પણ કરવાની કહી છે. તેમાં એક ચિત્રભક્તિ, બીજી અચિત્ર-ભક્તિ. એમ એ બંનેના પણ અનેક પ્રકાર છે. ૧૪.

**દેવ સંસારી અનેક છે જી, તેહની ભક્તિ વિચિત્ર;**
**એક રાગ પર દ્વેષથી જી, એક મુગતિની અચિત્ર.**
**॥ મન૦ ॥ ૧૫ ॥**

**અર્થ:**—જે વીતરાગભાવ પામ્યા નથી અને સંસારમાં દેવ નામ ધરાવે છે એવા અનેક દેવો છે, અને તેમની ભક્તિ પણ વિચિત્ર–અનેક પ્રકારની છે. એક રાગથી ભક્તિ, બીજી દ્વેષથી ભક્તિ; તેવી

સર્વ વિચિત્ર ભક્તિ સમજવી. કેવળ એક વીતરાગની ભક્તિ તે મુક્તિનિમિત્ત હોય અને તે અચિત્રભક્તિ કહેવાય. ૧૫.

**ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છે જી, જ્ઞાન છે આગમહેત;**
**અસંમોહ શુભ કૃતિ ગુણે જી, તેણે ફળ ભેદ સંકેત.**
**॥ મન૦ ॥ ૧૬ ॥**

**અર્થ:**—એ રીતે ભક્તિ બે પ્રકારની છે: તેના ફળ પણ અનેક તરેહનાં છે. જેમકે કોઈ પ્રાણીની બુદ્ધિ ઇંદ્રિયના વિષયોમાં જ પહોંચે છે અને કોઇની બુદ્ધિ જ્ઞાનપ્રાપ્તિ માટે આગમમાં પ્રવેશ કરવા નિમિત્તે થાય છે, કોઈને અસંમોહ પણ થાય છે અને તેથી તે શુભ કૃતિરૂપ ગુણો પ્રાપ્ત કરે છે. એવા અનેક પ્રકારે ફળભેદના પણ બહુ સંકેતો ( પ્રકારો ) છે. ૧૬.

**આદર કિરિઆ રીત ઘણી જી, વિઘન ટળે મિલે લચ્છી;**
**જિજ્ઞાસા બુદ્ધસેવના જી, શુભ કૃતિ ચિહ્ન પ્રત્યચ્છ.**
**॥ મન૦ ॥ ૧૭ ॥**

**અર્થ:**—શુભકૃતિ ગુણોનું સ્વરૂપ કહે છે. વિધિપૂર્વક ક્રિયામાં અત્યંત આદર-પ્રીતિ ઉપજે, શુદ્ધ ક્રિયામાં અતિ ઉદ્યમ હોય, હર્ષ પણ ઘણો હોય, તેવા વર્તનથી કર્માવરણનાં વિઘ્નો ટળે અને અક્ષયભાવી મોક્ષરૂપ લક્ષ્મી મળે. વળી તત્ત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા થાય, બુદ્ધ-જ્ઞાની પુરુષના ચરણની સેવા કરવાની ઇચ્છા થાય, ઇત્યાદિ શુભ કૃતિનાં ચિહ્નો પ્રત્યક્ષ જાણવાં. ૧૭.

**બુદ્ધિક્રિયા ભવફળ દીયે જી, જ્ઞાનક્રિયા શિવઅંગ;**
**અસંમોહકિરિઆ દીયે જી, શીઘ્ર મુગતિફલ ચંગ.**
**॥ મન૦ ॥ ૧૮ ॥**

અર્થ:—તેનાં ફળ કહે છે. ઇંદ્રિયાર્થગત બુદ્ધિવાળી ક્રિયા ભવ–સંસારફળ આપે છે. જ્ઞાનક્રિયા મોક્ષનું અંગ છે. તે જ્ઞાનપૂર્વક અસંમોહ ક્રિયારૂપ ચારિત્ર શીઘ્ર–તત્કાળ ચંગ એટલે મનોહર મુક્તિનાં ફળ આપે છે. ૧૮. કહ્યું છે કે:—

**यतः—ज्ञानस्य फलं विरतिर्विरतिफलं संवरोद्बोधः।**
**संवरफलं क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वं ॥१॥**

જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિનું ફળ સંવરવાળો બોધ છે; સંવરનું ફળ પાપક્રિયાથી નિવૃત્ત થવું તે છે અને ક્રિયાથી નિવૃત્તિનું ફળ અયોગીપણું–મોક્ષ છે. સંવરનો ઉદ્બોધ છે તે સાતમાથી તેરમા ગુણઠાણા સુધી હોય છે. ક્રિયાનિવૃત્તિ તેરમા ગુણઠાણાને અંતે યોગનિરોધરૂપ હોય છે.

**પુદ્ગલરચના કારમી જી, તિહાં જસ ચિત્ત ન લીન;**
**એહ માર્ગ તે શિવતણો જી, ભેદ લહે જગ દીન.**
**॥ મન૦ ॥ ૧૯ ॥**

અર્થ:—જ્યાં સમસ્ત પુદ્ગલ રચના કારમી એટલે નિર્માલ્ય જાણી, અર્થાત્ ભવનાટકને બાળકે કરેલા ધૂલિગ્રહ જેવું અસાર જાણી, તેમાં જેનું ચિત્ત લાગે નહિ અર્થાત્ તેમાં આસક્ત ન થાય તે જ એક મોક્ષનો માર્ગ છે. તે માર્ગમાં જે પ્રાણી ભેદ માને તે પ્રાણી જગતમાં દીન–દુ:ખી જાણવો. ૧૯.

**શિષ્યભણી જિનદેશના જી, કહે જનપરિણતિ ભિન્ન;**
**કહે મુનિની નય દેશના જી, પરમારથથી અભિન્ન.**
**॥ મન૦ ॥ ૨૦ ॥**

**અર્થ**:—વીતરાગની દેશના, ગણધર પ્રમુખ શિષ્ય તથા તીર્થસ્થાપનાદિ કાર્ય માટે હોય છે. તે દેશના સર્વ મનુષ્ય સાંભળે, પણ સાંભળનારાની પરિણતિ ભિન્ન ભિન્ન હોય. મુનિરાજની દેશના પણ નયે નયે ભિન્ન ભિન્ન હોય અને દેશના આપનારની પરિણતિ પણ ભિન્ન ભિન્ન હોય; પરંતુ તેઓ સર્વ પરમાર્થે–સ્યાદ્વાદ મુદ્રાએ અભિન્ન ( એક સ્વરૂપ ) જાણવા. ૨૦.

**શબ્દભેદ ઝઘડો કિસ્યો જી, પરમારથ જો એક;**
**કહો ગંગા કહો સુરનદી જી, વસ્તુ ફરે નહીં છેક.**
**॥ મન૦ ॥ ૨૧ ॥**

**અર્થ**:—શબ્દભેદમાં કાંઈ પણ ઝઘડો–વિવાદ કરવા યોગ્ય નથી. જો પરમાર્થ એક હોય તો વાદ શેનો ? જેમ કોઈ ગંગાને ગંગા કહે, કોઈ સુરનદી કહે, કોઈ જાહ્નવી કહે, તેમ જુદાં જુદાં પર્યાય નામ દેવાથી વસ્તુમાં જરા પણ ફેર પડે નહીં. ૨૧.

**ધર્મ ક્ષમાદિક પણ મિટે જી, પ્રગટે ધર્મસંન્યાસ;**
**તો ઝઘડા ઝોટાતણો જી, મુનિને કવણ અભ્યાસ.**
**॥ મન૦ ॥ ૨૨ ॥**

**અર્થ**:—આ દૃષ્ટિમાં ક્ષમાદિ ધર્મ મટે એટલે–ક્ષયોપશમ ભાવના ન રહે અને ધર્મસંન્યાસ પ્રગટે. ધર્મસંન્યાસ–સામગ્રી-દ્રવ્યયોગનું જ ઘર છે. તે અશઠ–પંડિત ( સદસદ્ વિષે બુદ્ધિમાન્ ) તથા અમાયીને જ હોય. અને એવા મુનિને ઝઘડા પ્રમુખનો અભ્યાસ ન જ હોય. તે ઝગડા કરે જ નહીં. ૨૨.

**અભિનિવેશ સઘળો ત્યજી જી, ચાર લહી જેણે દૃષ્ટિ;**
**તે લેશે હવે પંચમીજી, સુયશ અમૃતઘનવૃષ્ટિ.**
**॥ મન૦ ॥ ૨૩ ॥**

અર્થ:—અભિનિવેશ-કદાગ્રહ, માત્સર્ય ઇત્યાદિ સર્વ દોષ તજીને જેણે પૂર્વોક્ત ચાર દૃષ્ટિઓ પ્રાપ્ત કરી હોય તે પ્રાણી પાંચમી થિરાદૃષ્ટિ પામે. તે દૃષ્ટિ કેવી છે? સર્વ દિશાએ પ્રવર્ત્તનારા ઉત્તમ યશરૂપ અમૃતને વરસાવવાને ઘન-મેઘની વૃષ્ટિ સમાન છે. ગૌતમસ્વામીએ કરાવેલા પન્નરસો તાપસના પારણાની પેઠે વૃદ્ધિ કરનારી છે. આ ચાર દૃષ્ટિમાં ગ્રંથિભેદ ન હોય, પરંતુ સત્સંગતિ અને સદાચારપ્રવૃતિ હોય. ૨૩.

(અહીં ચોથી દૃષ્ટિમાં હજુ સમ્યક્ત્વની સર્વાંશે પ્રાપ્તિ થઈ નથી છતાં કલહ-કંકાસને અવકાશ નથી ત્યારે આજે ચોથે, પાંચમે તથા છઠ્ઠે ગુણઠાણે વર્તવા ઇચ્છનારામાં કેવી સ્થિતિ ઘટે તે વિચારવાનું છે.)

**ઈતિ દીપ્રા દૃષ્ટિની સજ્ઝાય**

## પાંચમી થિરા દૃષ્ટિની સજ્ઝાય

॥ ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી ॥

**દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે, રતનપ્રભાસમ જાણો રે;**
**ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે ॥૧॥**

**એ ગુણ વીરતણો ન વિસારું, સંભારું દિનરાત રે;**
**પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે.**
**॥ એ ગુણ૦ ॥ ૨ ॥**

અર્થ:—હવે પાંચમી થિરાદષ્ટિ કહે છે. થિરાદષ્ટિમાં ગ્રંથિભેદ થવાથી સમ્યગ્દર્શન નિત્ય હોય, બોધ તે રત્નની કાન્તિ સમાન હોય, ભ્રાન્તિ લેશમાત્ર ન હોય, તત્ત્વાર્થરૂપ સૂક્ષ્મબોધનું યથાર્થ જ્ઞાન હોય, અજ્ઞાન અને મિથ્યાત્વના પુદ્ગળો ન છેદાતા હોય તે છેદાય, સરળ બુદ્ધિ હોય, સર્વ ઇંદ્રિયાર્થવિષયોના રુંધનરૂપ પ્રત્યાહાર પ્રગટ થાય. ૧. આવો મોટો શ્રી મહાવીરસ્વામીનો ગુણ હું ચિત્તથી વિસારું નહીં, દિનરાત નિરંતર સંભારું; કારણ કે તેમણે મારા ઇંદ્રિયાર્થ ગુણો વિષયાર્થે હતા, હું પશુપ્રાય હતો, તેને ટાળીને સુરરૂપ–તત્ત્વબોધવંત કર્યો અને દર્શનમોહના વિનાશથી મારામાં સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો. ૨.

**બાલ ધૂલિઘર લીલા સરખી, ભવચેષ્ટા ઇહાં ભાસે રે;**
**રિદ્ધિ સિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટમહાસિદ્ધિ પાસે રે.**
**॥ એ ગુણ૦ ॥ ૩ ॥**

અર્થ:—જેમ બાળકોએ કરેલી ધૂલિના ગૃહની લીલા પરમાર્થે ગૃહરૂપ સત્ય નથી, તેમ આ દષ્ટિમાં વર્તતા પ્રાણીને સંસારની સર્વ ચેષ્ટા, પુદ્ગલવિલાસ તેવા જ ભાસે છે, અર્થાત્ સત્ય લાગતા નથી. આવી રીતે સંસારની અનિત્યતા જાણવાથી અંતરંગની સર્વ સિદ્ધિ તેના ઘટમાં જ પ્રગટ થાય, સંતોષરૂપ મહાસુખોત્પાદક ગુણ પ્રગટે, અષ્ટમહાસિદ્ધિ તેની પાસે જ રહે, સમસ્ત લબ્ધિની સિદ્ધિ તે યોગરૂપ કલ્પવૃક્ષનાં કુસુમ તુલ્ય છે એમ માને. ૩.

અહીં અષ્ટમહાસિદ્ધિનું વર્ણન કરે છે. ૧ **મહિમા**–શરીરાદિકને મેરુપર્વત કરતાં પણ મોટું કરવાની શક્તિ. ૨ **લઘિમા**–શરીરાદિકને વાયુ કરતાં પણ લઘુ (હલકું) કરવાની શક્તિ. ૩ **ગરિમા**–શરીરને વજ્રથકી પણ અત્યંત ભારે કરવાની શક્તિ. ૪ **પ્રાપ્તિ**–ભૂમિએ રહ્યા છતાં અંગુલને મેરુના શિખરે પહોંચાડવાની શક્તિ. ૫ **પ્રાકામ્ય**–પાણીને વિષે પૃથ્વીની પેઠે અને પૃથ્વીમાં પાણીની પેઠે ગમનાદિ કરવાની શક્તિ. ૬ **ઇશિતા**–ત્રૈલોક્ય ઋદ્ધિકરણ તથા તીર્થંશ્વરાદિ ઋદ્ધિ વિકુર્વણશક્તિ. ૭ **વશિતા**–સર્વ જીવને વશ કરવાની શક્તિ. ૮ **અપ્રતિઘાતતા**–પર્વતમાં પણ પ્રવેશ કરવાની શક્તિ. વળી તે ઉપરાંત અંતર્ધાન–અદૃશ્યકરણ, નાનારૂપકરણ ઇત્યાદિ અનેક ચમત્કારિક શક્તિ પ્રગટ થાય.

**વિષયવિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;**
**કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે.**
**॥ એ ગુણ૦ ૪ ॥**

**અર્થ:**—પાંચ ઇંદ્રિયોના શબ્દાદિ ત્રેવીશ વિષયના બસો બાવન વિકારોમાં ઇંદ્રિયોને જોડે નહીં, અર્થાત્ આસક્તિ ન કરે, તે રૂપ જે પ્રત્યાહાર ગુણ તે આ દૃષ્ટિમાં ઉપજે. તે પ્રાણીની જ્યોતિ માત્ર તત્ત્વરહસ્યને જ પ્રકાશ કરે, અર્થાત્ તે તત્ત્વજ્ઞાનને જ સારરૂપ માને અને સંસારના બીજા સર્વ ઉપાય–પ્રપંચને અસાર માને. ૪.

**શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે.**
**॥ એ ગુણ૦ ૫ ॥**

**અર્થ**:—તે ઉપર દૃષ્ટાંત કહે છે. જેમ બાવનાચંદન અત્યંત શીતળ છતાં તેમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ પણ વનના સર્વ વૃક્ષને બાળે છે તેમ ન્યાયસંપન્ન વૈભવથી તથા એકપત્નીવ્રતાદિકથી ગૃહસ્થધર્મની સેવના કરે છે, તો પણ તે પ્રાણીને તે ભોગાદિકની સેવના મનમાં અનિષ્ટ લાગે, અવસર પ્રાપ્ત થતાં ભોગાદિકનો ત્યાગ કરવામાં તે લેશમાત્ર વાર લગાડે નહીં, ગૃહસ્થાવાસને પાશ સમાન માને. ૫.

**અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્‌ગલ જાળ તમાસી રે;**
**ચિદાનંદ ઘન સુયશ વિલાસી, કેમ હોય જગનો આશી રે?**
**॥ એ ગુણ૦ ૬ ॥**

**અર્થ**:—આ દૃષ્ટિમાં અંશે–થોડે ભાગે અવિનાશી થાય. જેમ જેમ આશ્રવના હેતુ ન્યૂન થાય તેમ તેમ આત્મા નિરાવરણી થાય. પુદ્‌ગલની સર્વ રચનાને બાજીગરની બાજી જેવી જાણે, તે પ્રાણી જ્ઞાનનો જે આનંદ તેના સમૂહને પ્રાપ્ત કરાવનારો ઉત્તમ યશ તેના વિલાસમાં રમણ કરનારો થાય, અને તેથી ત્રણ ભુવનરૂપ જગતમાં કોઈપણ વસ્તુની તેને આશા ન હોય; માત્ર સહજ સ્વરૂપનો વિલાસી હોય. ૫.

દર્શનમોહનીના ક્ષયોપશમે વા ઉપશમે આ દૃષ્ટિ હોય.

## ઇતિ થિરા દૃષ્ટિની સજ્ઝાય

# છઠ્ઠી[1] કાંતા દૃષ્ટિની સજ્ઝાય.

( ભોલીડા હંસા રે વિષય ન રાચીએ—એ દેશી )

**અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;**
**ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રમુખ પ્રવૃત્તિ.**
**॥ ધન ધન શાસન શ્રી જિનવરતણું ॥ ૧ ॥**

**અર્થ:**—વળી તે પ્રાણી ઇંદ્રિયાર્થના ચપળપણા રહિત હોય, સમ્યક્ત્વથી તેનું ચિત્ત સ્થિર હોય, વળી રોગ રહિત શરીર હોય, તેનું હૃદય કઠણ ન હોય પરંતુ કોમળ હોય, શરીરમાં લઘુનીતિ તથા વડીનીતિ બંને અલ્પ હોય, શરીરનો મેલ સુગંધી હોય, શરીરની કાન્તિ પણ સુંદર હોય, વચન પણ પ્રસન્નતાવાળાં હોય, મધુર સ્વર હોય. એ પ્રમાણે આ દૃષ્ટિમાં પ્રવર્તન હોય. એવું શ્રી વીતરાગનું શાસન-આજ્ઞારૂપ પ્રવચન ધન્ય-પ્રશંસનીય છે. ૧.

**ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;**
**લાભ ઇષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જનપ્રિયતા હોય નિત્ય.**
**॥ ધન૦ ૨ ॥**

**અર્થ:**—આગલે કાળે યોગથી ધૈર્યતાનો ગુણ વિશેષ રીતે પ્રગટે. જેમ અપ્રમત્તતા વધે તેમ યોગ પ્રાપ્ત થાય. ૧. મૈત્રી, ૨. પ્રમોદ, ૩. કારુણ્ય, ૪. માધ્યસ્થ-આ ચાર ભાવનાયુક્ત ચિત્ત થાય. ઇષ્ટ જે જ્ઞાનાદિ તેનો લાભ થાય. દ્વંદ્વ અધૃષ્યતા–

---

[1] આ છઠ્ઠી ઢાળમાં પ્રથમની ૪ ગાથામાં થિરા દૃષ્ટિનો જ વિચાર છે.

એકત્વપણું, અસહાયીપણું વાંછે. જનપ્રિય–નિરંતર લોકપ્રિયપણું હોય. મૈત્રી પ્રમુખ ચાર ભાવના ધર્મધ્યાનની પુષ્ટિ કરે છે તે અહીં હોય. યદ્યપિ ધ્યાનની એકાગ્રતા મુહૂર્ત્તમાત્ર હોય છે, પરંતુ ધ્યાનની ભાવના બહુ કાળ સુધી રહે છે. વળી બહુ કાળ સુધી જ્ઞાનનું ચિંતવન તે પણ ધર્મધ્યાન કહેવાય છે અને મૈત્રી પ્રમુખ ભાવના તે ધર્મધ્યાનનું રસાયણ છે. જેમ રસાયણથી જર્જરિત શરીર દૃઢ થાય તેમ ભાવનારૂપ રસાયણથી ધ્યાન દૃઢ થાય. ભાવનાનું વિશેષ સ્વરૂપ ભવભાવના, યોગશાસ્ત્ર પ્રમુખ ગ્રંથોથી જાણવું. ૨

**નાશ દોષનો રે તૃપતિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;**
**નાશ વયરની રે બુદ્ધિ ઋતંભરા, એ નિષ્પન્નહ યોગ.**
**॥ ધન૦ ૩ ॥**

**અર્થ:**—ક્ષુદ્રાદિ આઠ દોષનો તથા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, મદ, હર્ષ–તેનો નાશ કરે, વળી અતત્ત્વબુદ્ધિને તજવાથી પ્રકૃષ્ટ રુચિમાર્ગે તત્ત્વશ્રદ્ધાનાદિકમાં તૃપ્તિ પામે, કૃતાપરાધ જન ઉપર પણ ક્રોધની મંદતા હોય અને તેનું પ્રતિકૂળ ન ચિંતવે, સમતાભાવ હોય, તત્ત્વમાર્ગરૂપ ધર્મવ્યાપારનો સંયોગી હોય, વૈરવિરોધનો નાશ કરનાર હોય, પાપપ્રવૃત્તિ થઇ જતાં પશ્ચાત્તાપ કરે, તેની બુદ્ધિ એવી હોય કે શતંભરા–સેંકડો મનુષ્યોની આજીવિકાને લાભકારી થાય, ઈત્યાદિ યોગ આઠ દોષ જવાથી સ્વાભાવિક રીતે ઉપજે. ૩

**ચિહ્ન યોગના રે જે પરગ્રંથમાં, યોગાચારય દિટ્ઠ;**
**પંચમ દૃષ્ટિથકી સવિ જોડીએ, એહવા નેહ ગરિટ્ઠ.**
**॥ ધન૦ ૪ ॥**

**અર્થ**:—યોગનાં ચિહ્ન–લક્ષણો બ્રહ્મચર્યાદિ, કૃતપ્રતિજ્ઞાનિર્વાહ, અપાયનિરાકરણાદિ જે પાતંજલાદિ યોગાચાર્યે સર્વાંગે કહ્યા છે તે સર્વ પંચમ દૃષ્ટિથી હોય, અર્થાત્ પૂર્વની ચાર દષ્ટિથી અધિક ગુણોયુકત ગરિષ્ટ ( શ્રેષ્ઠ ) બુદ્ધિ હોય. તે જ કારણથી મોહનો ક્ષયોપશમ જે ગ્રંથિભેદ તે અહીં ચોક્કસ કહ્યો છે. (થિરા દષ્ટિ વિચાર) ૪.

**છઠ્ઠી દિઠ્ઠી રે હવે કાંતા કહું, તિહાં તારાભ–પ્રકાશ;**
**તત્ત્વમિમાંસા રે દૃઢ હોયે ધારણા, નહી અન્ય શ્રુતનો**
**સંવાસ ॥ ધન૦ ૫ ॥**

**અર્થ**:—હવે છઠ્ઠી **કાંતા** નામની દષ્ટિ કહીએ છીએ. આ દૃષ્ટિમાં આકાશના તારા સરખો તત્ત્વજ્ઞાનનો પ્રકાશ હોય. જેમ તારાના પ્રકાશનો અભાવ થતો નથી તેમ તે જ્ઞાનનો અભાવ થતો નથી. તત્ત્વની જ વિચારણા હોય. તત્ત્વ ઉપર દૃઢ–નિબિડ ધારણા હોય, મિથ્યાદષ્ટિપ્રણીત શ્રુતશાસ્ત્રની લેશમાત્ર વાસના ન હોય. ૫.

**મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;**
**તેમ શ્રુતધર્મે રે એહમાં મન ધરે, જ્ઞાનાક્ષેપકવંત.**
**॥ ધન૦ ૬ ॥**

**અર્થ**:—જેમ પતિવ્રતા સ્ત્રીનું મન પોતાના વહાલા સ્વામી ઉપર, ઘરનાં બીજાં સર્વ કામ કરતાં છતાં જોડાયેલું જ હોય, તેમ કાંતા દષ્ટિવાળો પ્રાણી જો કે સંસારમાં રહ્યો થકો સર્વ કાર્ય કરે, તો પણ તેનું મન અર્હંતપ્રણીત ધર્મમાં જ જોડાયેલું હોય. સંસારના કાર્યો ઉપર આસક્તિ ન હોય અને તે સમ્યગ્જ્ઞાનનો જ આક્ષેપક–આદરવાવાળો હોય. ૬.

**એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત;**
**નવી ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત ॥ ધન૦ ૭ ॥**

**અર્થ**:—એવા જ્ઞાનથી ધર્મના વિઘ્નકારક કારણોનું નિવારણ કરે. વળી અભયકુમારની પેઠે પરને શાસનપ્રભાવનાદિ કારણો મેળવી આપે. આ દૃષ્ટિવાળો પ્રાણી યદ્યપિ ભોગાદિ ભોગવે છે તથાપિ તે તેને સંસારના હેતુ થતાં નથી; કારણ કે તે પ્રાણીની નિરંતર એવી વિચારણા હોય છે કે સંસારના વિષયો સ્વરૂપે ગુણરૂપ નથી, તેમ દોષરૂપ પણ નથી. તે વિષયાદિકને વિષે મન જોડવું તે જ ગુણ અથવા અવગુણનું ક્ષેત્ર છે, એમ જાણી તેમાં મનને પરોવે જ નહીં. ૭.

**માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;**
**સાચું જાણી રે તે બીતો રહે, ન ચળે ડામાડોલ. ॥ ધન૦ ૮ ॥**

**અર્થ**:—તે પ્રાણી માયારૂપ પાણીના વિવિધ તરંગના વિલાસ દેખીને તેને-માયાને ઉલ્લંઘી જાય, અર્થાત્ તેમાં પ્રવેશ કરે નહીં. વળી સમ્યગ્જ્ઞાન તથા શ્રદ્ધાએ તે પ્રાણી અડોલ હોવાથી ભવપ્રપંચમાં ફસાય નહીં, આત્મસ્વરૂપનું જ્ઞાન સાચું થવાથી ભવપ્રપંચથી બ્હીતો રહે. સંસારમાં અવિદ્યાના માયાયુકત પ્રપંચોથી ક્ષોભ પામે નહીં. અંબડ પરિવ્રાજક અને સુલસાના દૃષ્ટાંતની પેઠે ધર્મથી ચળે નહીં. ૮.

**ભોગતત્ત્વને રે એ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;**
**તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી સુયશસંયોગ. ॥ ધન૦ ૯ ॥**

અર્થ:—જે સંસારના ભોગને તાત્ત્વિક જાણે તેને સંસારના ભય ટળે નહીં, એવો દૃઢ નિશ્ચય થવાથી ઇંદ્રિયોના ભોગને જૂઠા-માઠા જાણે છે. એવા સંસારના ભોગથી પ્રપંચ વધે છે પરંતુ મોક્ષપંથ મળતો નથી, એવું જે પ્રાણી જાણે છે તે પ્રાણી આ દૃષ્ટિમાં વર્તતો થકો ભવસમુદ્રનો પાર પામે, અર્થાત્ કર્મરહિત થઈ, સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સંયોગ પ્રાપ્ત કરે. ૯.

ઇતિ છઠ્ઠી કાંતા દૃષ્ટિની સજ્ઝાય.

---

## સાતમી પ્રભા દૃષ્ટિની સજ્ઝાય

( એ છિંડી કિહાં રાખી—એ દેશી )

**અર્કપ્રભાસમ બોધ પ્રભામાં, ધ્યાનપ્રિયા એ દિઠ્ઠી;**
**તત્ત્વતણી પ્રતિપત્તિ ઇહાં વળી, રોગ નહી સુખપુઠ્ઠી રે.**
**ભવિકા! વીર વચન ચિત્ત ધરીએ ॥ ૧ ॥**

અર્થ:—હવે પ્રભા નામની સાતમી દૃષ્ટિ કહીએ છીએ. આ દૃષ્ટિમાં બોધનો પ્રકાશ સૂર્યની પ્રભા સરખો હોય, અર્થાત્ અર્કપ્રભા-સૂર્યનો પ્રકાશ જેમ અંધકારનો નાશ કરે તેમ આ દૃષ્ટિવંત પ્રાણી અજ્ઞાનનો નાશ કરે. પ્રશાંતવાહિતાદિ ગુણો જે કાયરોને દુર્ધર છે તે આ દૃષ્ટિવંતને હોય. આ દૃષ્ટિમાં ધ્યાન પ્રિય હોય. આ દૃષ્ટિ ધ્યાનપ્રિયા હોવાથી તે પ્રાણી ધ્યાનમાં જ વર્ત્તતો રહે. તત્ત્વની પ્રતિપત્તિ-ચારિત્રાદિક રત્નત્રયની આદરણા હોય. બાહ્ય અભ્યંતર શરીરના રોગ, ઉપાધિ કે અસમાધિ તેને ન હોય અને સુખની પુષ્ટિ હોય. અહો ભવ્યો! એવા શ્રી વીરપ્રભુના વચનને મનમાં તત્ત્વપણે ગ્રહણ કરો. ૧.

**સઘળું પરવશ તે દુઃખલક્ષણ, નિજવશ તે સુખ લહીએ;**
**એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે ?**
**॥ ભવિ૦ ૨ ॥**

અર્થ—જે પરપુદ્ગલાદિકને વશવર્તીપણું તે જ દુઃખનું લક્ષણ છે અને પોતાના આત્મસ્વભાવમાં જ વર્તવું તે સુખનું લક્ષણ છે. એવી રીતે આ દૃષ્ટિમાં આત્મગુણથી પરમાનંદ સુખ પ્રગટ થાય. તે સુખના સ્વરૂપને જ્ઞાની વિના બીજો કોણ કહી શકે ? ૨.

**નાગરસુખ પામર નવ જાણે, વલ્લભસુખ ન કુમારી;**
**અનુભવવિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે.**
**॥ ભવિ૦ ૩ ॥**

અર્થ—જેમ નગરના રહેનારા ચતુર પુરુષોના સુખનો વિલાસ ગામડાનો રહેનાર પામર–ગરીબ માણસ જાણી શકે નહીં, તથા જેમ કુંવારી કન્યા સુંદર ભર્ત્તારયુક્ત વલ્લભાના સુખને જાણી શકે નહીં, તેમ આત્માના અનુભવજ્ઞાન વિના ધ્યાનનું સુખ બહિરાત્મા એવા સ્ત્રી અથવા પુરુષ કોણ જાણી શકે ? ૩.

**એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;**
**દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રતન તે દીપે જાચું રે.**
**॥ ભવિ૦ ૪ ॥**

અર્થ—આ દૃષ્ટિવંત પ્રાણીને નિર્મળ બોધનો પ્રકાશ થવાથી નિરંતર ધર્મધ્યાન તથા શુક્લધ્યાન સાચાં જ હોય. ધ્યાનનો વિચાર આવશ્યકનિર્યુક્તિ તથા ધ્યાનશતકની વૃત્તિથી જાણી લેવો. જેમ દૂષણ રહિત, નિર્મળ જાતિવંત રત્નની જ્યોતિ નિરંતર વિશેષ પ્રકાશ આપે તેમ ધ્યાનમાં લીન પ્રાણી કર્મ-ઉપાધિને અભાવે વિશેષપણે આત્મપ્રકાશથી દીપે. ૪

**વિષભાગક્ષય શાંતવાહિતા, શિવમારગ ધ્રુવનામ;**
**કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમલ સુયશપરિણામ રે.**
**॥ ભવિ૦ ૫ ॥**

**અર્થ**—આ દૃષ્ટિનું લક્ષણ કહે છે. વિસભાગક્ષય એવું બૌદ્ધમાં મોક્ષનું નામ છે. એટલે "રાગ, દ્વેષ, અહંકૃતિ, કાયેચ્છાદિકના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે" એવો બૌદ્ધનો મત છે. "અપરાધી ઉપર પણ પ્રશાંતવાહિતા એટલે નિરંતર શાંતપણું તે મોક્ષ" એવો સાંખ્યનો મત છે. "જ્યાં ઉત્પાદ કે વિનાશ નહી અને જે ધ્રુવ હોય તે મોક્ષ" એમ જૈમિનીયનો મત છે અને "સર્વ પદાર્થમાં અસંગભાવથી અલિપ્ત ક્રિયાયુક્ત, ઉત્તમ યશરૂપ, આત્મગુણના પરિણામ સહિત, કર્મોપાધિ રહિતપણે શુદ્ધ તે મોક્ષ" આ વ્યાખ્યા જૈનશૈલી પ્રમાણે મોક્ષની છે. એવા પરિણામવાળો આ દૃષ્ટિવાળો જીવ હોય છે. ૫

## ઇતિ સાતમી પ્રભા દૃષ્ટિની સજ્ઝાય

## આઠમી પરા દૃષ્ટિની સજ્ઝાય

( તુજ સાથે નહિ બોલું મારા વહાલા—એ દેશી )

**દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ પરા તસ જાણું જી,**
**આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણું જી;**
**નિરતિચાર પદ એહમાં યોગી, કહીએ નહી અતિચારી જી,**
**આરોહે આરૂઢે ગિરિને, તેમ એહની ગતિ ન્યારી જી. ૧**

**અર્થ**:—ભવ્ય જીવનો આત્મસ્વભાવ જ્યાં અક્ષયપણે વર્ત્તે છે એવી આઠમી દૃષ્ટિ સાર-પ્રધાન આત્મસમાધિરૂપ છે, તેનું

નામ પ્રભા છે. આ દૃષ્ટિમાં પોતાના આત્મસ્વભાવમાં પૂર્ણ પ્રવર્ત્તન હોય. વળી બોધપ્રકાશ સંપૂર્ણ ચંદ્રમા સરખો નિર્મળ પ્રશાંતવાહિતાદિ ગુણયુક્ત હોય. આ દૃષ્ટિમાં પ્રવર્ત્તતો યોગી નિરતિચારપદે પ્રવર્ત્તે, કોઇપણ વખત અતિચારપદમાં વર્ત્તે નહીં. ૧. અતિક્રમ, ૨. વ્યતિક્રમ, ૩. અતિચાર–આવા ત્રણે દોષના પ્રકારમાં આવે નહીં, તો પછી અનાચારની પ્રવૃતિ તો હોય જ કયાંથી ? જેમ મુનિરાજ ઉપશમ કે ક્ષપકશ્રેણીરૂપ ગિરિ–પર્વત ઉપર આરોહે–ચઢે, તેમ અહીં પરિણામધારાએ આત્માના પંડિતવીર્યના વિલાસે તે પણ ગુણશ્રેણીને આરૂઢે–આરોહે; માટે તેની ગતિ ભવગતિથી ન્યારી હોય. ૧

**ચંદન ગંધ સમાન ક્ષમા ઇહાં, વાસકને ન ગવેષે જી,**
**આસંગે વર્જિત વળી એહમાં, કિરિયા નિજગુણ લેખે જી;**
**શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહો જી,**
**તાસ નિયોગે કરણ અપૂર્વ, લહે મુનિ કેવલગેહો જી. ૨**

**અર્થ**:—વળી શરીરાદિકનો ગંધ ચંદન સમાન સહજથી હોય, તેમ વચન પણ સહજથી ચંદન સમાન શીતળ હોય, ક્ષમાદિક ધર્મ પણ સહજથી હોય. વળી તેવી વાસના સહજથી હોય–બીજા કોઇ દ્રવ્યની અપેક્ષા ન કરે, કેમકે જેને સહજથી ગુણ પ્રાપ્ત થયા હોય તે પરના ગુણની પ્રાપ્તિ વાંછે નહીં. વળી આ દૃષ્ટિમાં સંસારની આસંગતા ન હોય. સમિતિ ગુપ્તિ પ્રમુખ મૂલોત્તર ગુણોનો અભ્યાસ હોય, તેથી સર્વ ક્રિયા આત્માના ગુણને માટે થાય. જે ક્રિયાને અનુસરતો હોય તે ક્રિયા એવી હોય કે જે અક્રિય ગુણને સાધે. જેમ ક્ષારાદિ શતપુટાદિ શિક્ષાના યોગે રત્નની જાતિને તાદૃશસ્થાને જોડીએ. રત્નની તો એક જ

જાતિ છે, પરંતુ જેમ જેમ પુટ દેતા જઇએ તેમ તેમ જોવાવાળાની દૃષ્ટિમાં ભિન્ન ભિન્ન તે રત્ન દેખાય, તેમ આ દૃષ્ટિમાં ભિન્ન ભિન્ન દૃષ્ટિવંત હોય, કેમકે છદ્મસ્થનું જ્ઞાન એક સરખું ન હોય, તેથી–તે કારણથી આ દૃષ્ટાંત છે તે ધ્યાનમાં લેવું. તે પ્રમાણે અપૂર્વકરણાદિ ગુણસ્થાનકના કારણ સાધતા અનુક્રમે આ દૃષ્ટિમાં વર્તતા મુનિરાજ કેવલજ્ઞાનનું ગૃહ પામે. ૨

**ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગી જી,**
**પરઉપગાર કરી શિવસુખ તે, પામે યોગી અયોગી જી;**
**સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ સમીહા જી,**
**સર્વ અરથયોગે સુખ તેહથી, અનંત ગુણ નિરીહા જી. ૩**

**અર્થ:**—આ દૃષ્ટિવંત પ્રાણી સર્વ દોષનો ક્ષય કરે, વળી તે મહામુનિરાજ સર્વજ્ઞ કેવલજ્ઞાનવંત થાય, સમસ્ત લબ્ધિના ફળના ભોગી થાય. ભવ્ય પ્રાણીઓને ચારિત્રધર્મ પમાડતાં તેઓને અત્યંત ઉપગારી થાય, પોતે મોક્ષસુખ પામે, સયોગી ગુણઠાણે વર્તી અયોગી ગુણઠાણે અયોગી પદ લઇ સિદ્ધિ પામે, સર્વ કર્મરૂપ શત્રુઓનો ક્ષય કરતાં રોગાદિ સર્વ વ્યાધિઓનો પણ નાશ કરે. એ પ્રમાણે સર્વ સમીહા–વાંછાઓ પૂર્ણ થવાથી કેવળ આત્મસ્વરૂપમાં લીન થયા થકા એકરૂપતા પામે. સર્વ અર્થના યોગથી સંપૂર્ણ સુખે તૃપ્તિવંત રહે, તેથી નિરીહા–નિઃસ્પૃહપણે પ્રગટ થયા જે અનંત ગુણ તેનું અવ્યાબાધ સુખ વધતાં વધતાં પૂર્ણ આત્માનંદી થાય. ૩

( ઉપસંહાર )

**એ અડદિઠ્ઠિ કહી સંક્ષેપે, યોગ શાસ્ત્ર સંકેતે જી,**
**કુળયોગીને પ્રવૃત્તચક્ર જે, તેહ તણે હિત હેતે જી;**

**યોગીકુળે જાયા તસ ધર્મે, અનુગત તે કુળયોગી જી,**
**અદ્વેષી ગુરુદેવ દ્વિજપ્રિય, દયાવંત ઉપયોગી જી. ૪**

અર્થઃ—આ આઠ દષ્ટિ ભવ્ય પ્રાણીઓના ઉપકારને અર્થે યોગશાસ્ત્ર અને અધ્યાત્મ ગ્રંથ જેવા કે ઉપમિતિભવપ્રપંચ, ભવભાવના વૃત્તિ, પાતંજલ યોગ શાસ્ત્ર તથા પ્રવચનપ્રબોધાદિ ગ્રંથોને અનુસારે સંક્ષેપથી કહી છે. યોગી બે પ્રકારના હોય છે. ૧ કુળયોગી. ૨ પ્રવૃત્તચક્રયોગી. તેમાં કુળયોગીઓ પોતાના ચિત્તમાં અહંકારથી એમ માને છે કે ' અમે પણ યોગી છીએ ' તેથી તેઓના હિતને અર્થે આ દષ્ટિઓ કહી છે. હવે તે યોગીઓનાં લક્ષણ બતાવે છે. જે યોગીનાં કુળમાં જન્મ્યા હોય તથા જેના ધર્માચાર રૂઢિમાર્ગને અનુસરતા હોય એવા સામાન્ય બુદ્ધિએ વર્ત્તતા સર્વ તાપસાદિ ષડ્દર્શનીઓ તે કુળયોગી જાણવા. અને જેઓ અદ્વેષી હોય તથા દેવ, ગુરુ અને દ્વિજ—બ્રહ્મચર્યાદિ ગુણ જેમને પ્રિય હોય એવા, વળી દયાવંત તથા યતનાવંત હોય તેમજ. ૪.

**શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ, પ્રવૃત્તચક્ર તે કહીએ જી,**
**યમદ્વયાલાભી પરદુગઅર્થી, આદ્ય અવંચક લહીએ જી;**
**ચાર અહિંસાદિક યમ ઇચ્છા,પ્રવૃત્તિથિર સિદ્ધિનામે જી,**
**શુદ્ધ રુચે પાળે અતિચારહ, ટાળે ફળ પરિણામે જી. ૫**

**यतः–१ शुश्रूषा २ श्रवणं चैव, ३ ग्रहणं ४ धारणं तथा ।**
**५ उहा ६ ऽपोहो ७ ऽर्थविज्ञानं, ८ तत्त्वज्ञानं च धीगुणाः ॥१॥**

અર્થઃ—સાંભળવાની ઇચ્છા, સાંભળવું, ગ્રહણ કરવું, તેને ધારણ કરી રાખવું, વિચારણા કરવી, વિશેષ વિચારણા

કરવી, અર્થવિજ્ઞાન પ્રાપ્ત કરવું ને તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું—આ આઠ બુદ્ધિનાં ગુણો છે. અથવા ૧ શુશ્રૂષા, ૨ શ્રુતજ્ઞાન, ૩ વિરતિ, ૪ આશ્રવરોધ, ૫ સંવર, ૬ નિરીહતપ, ૭ નિર્જરા, અને ૮ ક્રિયાનિવૃત્તિ. તથા ઉપર બતાવેલા શુશ્રૂષાદિ આઠ ગુણ જેનામાં સંપૂર્ણ હોય તે પ્રવૃત્તચક્રયોગી કહેવાય. વળી યમદ્વય એટલે અહિંસા અને સત્ય તેના લાભવંત હોય તથા પરદુગ—અસ્તેય અને બ્રહ્મચર્યના અર્થી હોય, વળી આદ્યઅવંચક ફળના ધણી હોય. અવંચક ત્રણ પ્રકારના છે: ૧ યોગાવંચક. ૨ ક્રિયાવંચક. ૩ ફલાવંચક. તેમાંથી આદ્ય યોગ અવંચકના ધણી હોય. વળી અહિંસાદિ ચાર યમને વશ હોય. વળી ઇચ્છા—ગુણીજનની સમ્યક્ કથા કરવાનું મન કરે, પ્રવૃત્તિ—આચાર ઉત્કૃષ્ટપણે પાળવાને પ્રવર્ત્તે, થિર—નિરતિચારપણે પ્રવૃત્તિમાં દૃઢ રહે, સિદ્ધિ—સ્વાર્થ પરાર્થને નિપજાવે. એ પ્રમાણે અતિ શુદ્ધ રુચિપણે ચારે પ્રકાર પાળે. વળી અતિચાર ટાળી જે રીતે ફલિભૂત થાય તેવા પરિણામને સાધે. તેવા યોગી સદા ફલાભ્યાસી હોય. જેમ એક વખત ફેરવેલું ચક્ર ફરીને ભાજન ઉતાર્યા કરે તેમ આ યોગીની ક્રિયા નિષ્ફળ ન હોય. ૫

**કુળયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણશુદ્ધિ પક્ષપાત જી,**
**યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તેણે કહી એ વાત જી;**
**શુદ્ધ ભાવ ને સૂની કિરિયા, બેહુમાં અંતર કેતો જી?**
**જલહલતો સુરજ ને ખજુઓ, તાસ તેજમાં જેતો જી. ૬**

અર્થ—કુળયોગી તથા પ્રવૃત્તચક્રયોગીને શુદ્ધ માર્ગ યમ નિયમાદિક અને ધર્મશાસ્ત્રનું શ્રવણ હોય તથા શુદ્ધાચાર વિનયાદિ કરણ, સત્સંગ તથા ગુણોનો પક્ષપાત હોય. એવા ગુણના

ધારક તે યોગી કહેવાય, પરંતુ દંભી અને વિષયના પ્રસંગી તે યોગી ન કહેવાય. આ વાતનું વિસ્તારથી સ્વરૂપ શ્રીહરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં જોવું. શૂન્ય મન અને શૂન્ય આચારે યોગી ન કહેવાય. દિવસે મધ્યાહ્ને પ્રકાશ કરતા સહસ્ર કિરણોવાળા સૂર્યના અને અંધારી રાતે પ્રકાશ કરતા ખજુઆ–આગીઆ કીડાના તેજમાં જેટલો ફેર છે તેટલો તફાવત સમ્યક્ ક્ષયોપશમ વિનાની શૂન્ય ક્રિયામાં અને શુદ્ધભાવવાળી ક્રિયામાં છે. ૬.

**ગુહ્ય ભાવ એ તેહને કહીએ, જેહશું અંતર ભાંજે જી,**
**જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજે જી;**
**યોગ્ય અયોગ્ય વિભાગ અહલતો, કરશે મોટી વાતો જી,**
**ખમશે તે પંડિત પરષદમાં, મુષ્ટિપ્રહાર ને લાતો જી. ૭**

અર્થ—શાસ્ત્રના ગુહ્યભાવ–રહસ્ય તે તેને જ કહીએ કે જેના સાથે અંતરંગ મળતું હોય, અર્થાત્ મિથ્યાત્વનો ત્યાગ કરી જેને સમ્યગ્દર્શનપરિણત શુદ્ધ શ્રદ્ધાન હોય તેની પાસે જ શાસ્ત્રના રહસ્ય પ્રકાશીએ. જેની સાથે ચિત્ત પટંતર વર્ત્તતું હોય, અર્થાત્ જેને પ્રવચનાનુસાર સમ્યક્ શ્રદ્ધાન ન થયું હોય તેની સાથે શાસ્ત્રના રહસ્યનો પ્રકાશ કરવો એ ઘટિત નથી. યોગ્ય અયોગ્યનો વિભાગ–વહેંચણ જે સમજતો નથી, અર્થાત્ ગુરુનો વિનય કરતો નથી, શુદ્ધાચાર પાળતો નથી, દ્રવ્યાદિ ભાવને સમજતો નથી છતાં પોતે ડાહ્યો થઇને શાસ્ત્ર સંબંધી મોટી મોટી વાતો કરે છે તે પંડિતોની પર્ષદામાં–સભામાં હાર પામી મુષ્ટિપ્રહાર–ગચ્છાદિકથી બહાર કાઢવું તથા નરકાદિમાં વધબંધન, અને લાતો–આલોયણના પ્રહાર અને અપયશ તથા અપકીર્ત્તિ પામશે. કહ્યું છે કે—

**जं जयइ अगीयत्थो, जं च अगीयत्थनिस्सीयो जयइ ॥**
**वट्टावेयइ गच्छं, अणंतसंसारिओ भणिओ ॥ १ ॥**

**—आवश्यकनिर्युक्तौ.**

જે અગીતાર્થપણે પ્રવૃત્તિ કરે અથવા અગીતાર્થની નિશ્રાએ જે પ્રવૃત્તિ કરે અને ગચ્છને પ્રવર્તાવે તે અનંતસંસારી થાય.

ગીતાર્થને અને ગીતાર્થના આશ્રિતને જ વિહાર કહ્યો છે, તેમ ગંભીર અર્થની દેશના પણ યોગ્યજનને જ આપવી ઉચિત છે. ૭.

**સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, નંદીસૂત્રે દીસે જી,**
**તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશે જી;**
**લોક પૂરજો નિજનિજ ઇચ્છા, યોગભાવ ગુણરયણે જી,**
**શ્રી નયવિજયવિબુધપયસેવક, વાચકયશને વયણે જી. ૮**

**અર્થ**—શ્રીનંદીસૂત્રમાં સભા ત્રણ પ્રકારની કહી છે. ૧ જે ગુણ તથા દોષને સમજે તેવા શ્રોતાઓની સભા તે રાજહંસ સમાન **ડાહી** સમજવી. ૨ જ્યાં શ્રોતાઓ અજ્ઞાન છે તે સભા પશુ-મૃગના બાલકો સરખી **મૂર્ખ** સમજવી. ૩ અને જ્યાં શ્રોતાઓ ગીતાર્થનું અપમાન કરનારા નિંદક છે તે **અયોગ્ય સભા** સમજવી. તેવી રીતે સભાનું સ્વરૂપ જાણીને આ ગ્રંથનો હાર્દ તેવી યોગ્ય સભાને આપજો કે જેઓને દેતાં ઉત્તમ પ્રવચનની શોભા વધે તેવા ગુણો તથા જગીશ-તે ગુણોદ્વારા થઈ શકે તેવા સુખની તેમને પ્રાપ્તિ થાય. એમ ઇચ્છાયોગ તથા શાસ્ત્રાદિના જે યોગ તે રૂપ જે ભાવગુણ તદ્રૂપ મણિરત્નોથી સમસ્ત લોક પુરાજો! 'વિશિષ્ટ આત્મયોગરૂપ ભાવરત્નોથી સમગ્ર

લોક તૃપ્તિ પામો, આ ગ્રંથનું રહસ્ય પામી ભવ્યજનો સંસારભાવથી મુક્ત થાઓ અને આપસ્વભાવમાં મગ્ન રહો.' એવા શ્રી નયવિજય પંડિતના ચરણકમલના સેવક ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી**નાં-જેમણે કાશીમાં "**ન્યાયવિશારદ**" એવું બિરુદ પ્રાપ્ત કર્યું હતું તેમનાં-વચન જાણજો. ૮.

## काव्यं

**श्रीमद्यशोवाचकराजराज-विनिर्मितो दृष्टिविचाररूपः ।**
**स्वाध्याय एष प्रथमं ततोऽयं, भाषामयो लेशतया टबार्थः ॥१॥**

**श्रीस्तंभतीर्थेऽत्र तपागणिय, नाम्ना च ज्ञानाद्विमलाभिधेन ।**
**श्रीसूरिणा भूरिसुखावबोधार्थमेव लेशं लिखितो हि भद्रं ॥२॥**

**અર્થ**—મહામહોપાધ્યાય શ્રી યશોવિજયગણિકૃત યોગદૃષ્ટિવિચારની સજ્ઝાયોનો સુખપૂર્વક અવબોધ થવા માટે શ્રીમત્તપાગચ્છીય સંવિજ્ઞજનપક્ષિય ભટ્ટારક શ્રી **જ્ઞાનવિમલસૂરિએ** શ્રી ખંભાત બંદરમાં તેનો બાલાવબોધરૂપ લેશમાત્ર અર્થ લખ્યો છે.

ઇતિ મહોપાધ્યાય શ્રી યશોવિજયગણિવિરચિત
યોગદૃષ્ટિસ્વાધ્યાય શ્રી જ્ઞાનવિમળ-
સૂરિકૃત અર્થ સહિત સમાપ્ત.

શ્રી સમકિતના સડસઠ બોલની

# સજ્ઝાય

દુહા

સુકૃતવલ્લિ કાદંબિની, સમરી સરસ્વતી માત;
સમકિત સડસઠ બોલની, કહીશું મધુરી વાત. ૧

સમકિતદાયક ગુરુતણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડે કરી, કરતાં સર્વ ઉપાય. ૨

દાનાદિક ક્રિરિયા ન દિયે, સમકિત વિણ શિવશર્મ;
તે માટે સમકિત વડું, જાણો પ્રવચનમર્મ. ૩

દર્શનમોહ વિનાશથી, જે નિર્મળ ગુણઠાણ;
તે નિશ્ચય સમકિત કહ્યું, તેહનાં એ અહિઠાણ. ૪

સુકૃત એટવે પુણ્યરૂપ વેલને વધારવાને માટે મેઘની પંક્તિ સમાન એવી સરસ્વતી માતાને યાદ કરીને–તેનું ધ્યાન ધરીને અમૃતસમાન મીઠી સમકિતના સડસઠ બોલની વાત કહીશું. ૧

સમકિતને આપનાર ગુર્વાદિકનો સર્વ પ્રકારે યત્ન કરતાં ક્રોડાક્રોડ ભવોવડે પણ પ્રત્યુપકાર થઈ શકતો નથી, એટલે જો ક્રોડાક્રોડ ભવ સુધી ગમે તે ઉપાયથી તેમની સેવના કરીએ તો પણ એમણે જે સમકિત આપ્યું છે તેનો બદલો વળી શકતો નથી. ૨

એક નિર્મળ-નિશ્ચલ સમકિત વિના દાનાદિક ક્રિયા એટલે દાન, શીલ, તપ ઇત્યાદિક ક્રિયાકાંડ મોક્ષસુખ આપી શકતું નથી; જ્યારે સમકિત આવે ત્યારે જ મોક્ષસુખ આપે છે, માટે સમકિત મોટું છે અને તે પ્રવચન-સિદ્ધાન્તનું રહસ્ય છે એમ જાણો. ૩

દર્શનમોહ એટલે સમકિતમોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વમોહનીયના તથા અનંતાનુબંધીની ચોકડીના નાશથી જે નિર્મળ એટલે મિથ્યાત્વરૂપ મેલ રહિત એવું અવિરતિ સમકિતદૃષ્ટિ ગુણઠાણું પ્રગટે છે તેને જ નિશ્ચય સમકિત કહ્યું છે. તેનાં આ (પ્રથમ ઢાળમાં કહ્યા છે તે) અધિષ્ઠાન એટલે રહેવાનાં ઠેકાણાં છે. ૪

## ઢાળ પહેલી

( વીરજિનેશ્વર ઉપદિશે—એ દેશી. )

**ચઉ સદ્દહણા તિલિંગ છે, દશવિધ વિનય વિચારો રે;**
**ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૧**

હરિગીત છંદ

**પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીએ,**
**ષટ જયણા ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણીએ;**
**ષટ ઠાણ સમકિતતણા સડસઠ, ભેદ એહ ઉદાર એ,**
**એહનો તત્ત્વવિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૨**

### ચાર સદ્દહણાનું સ્વરૂપ.

ઢાળ

**ચઉવિહ સદ્દહણા તિહાં, જીવાદિક પરમત્થો રે;**
**પ્રવચનમાંહિ જે ભાખિયા, લીજે તેહનો અત્થો રે. ૩**

હરિગીત છંદ

તેહનો અર્થ વિચારીએ, એ પ્રથમ સદ્દહણા ખરી,
બીજી સદ્દહણા તેહની જે, જાણ મુનિ ગુણ જવહરી;
સંવેગ રંગ તરંગ ઝીલે, માર્ગ શુદ્ધ કહે બુધા,
તેહની સેવા કીજીએ જીમ, પીજીએ સમતાસુધા. ૪

ઢાળ

સમકિત જેણે ગ્રહી વમ્યું, નિન્હવ ને અહાછન્દા રે;
પાસત્થા ને કુશીલિયા, વેષવિડંબક મંદા રે. ૫

હરિગીત છંદ

મંદા અનાણી દૂરે છંડો, ત્રીજી સદ્દહણા ગ્રહી,
પરદર્શનીનો સંગ તજીએ, ચોથી સદ્દહણા કહી;
હીણાતણો જે સંગ ન તજે, તેહનો ગુણ નવિ રહે,
જ્યું જળધિજળમાં ભળ્યું ગંગા–નીર લૂણપણું લહે. ૬

ચાર સદ્દહણા એટલે શ્રદ્ધા, ત્રણ લિંગ, દશ પ્રકારનો વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ દૂષણ અને આઠ પ્રભાવક–એ રીતે ૩૩ પ્રકાર થયા. ૧

આઠ પ્રભાવક પછી પાંચ ભૂષણ, પાંચ લક્ષણ, છ જયણા, છ આગાર, છ પ્રકારની ભાવના એ મનમાં જાણીએ. તે પછી છ સમકિતનાં સ્થાનક–એ રીતે સમકિતના સડસઠ ભેદ થયા. તે ઘણા ઉદાર એટલે મનોહર અથવા સર્વોત્તમ છે, કેમકે સર્વને

ઘણા ગુણકારી છે. એ સડસઠ બોલનો જે તત્ત્વ–જે પરમાર્થ તેનો વિચાર કરતાં ચાર ગતિભ્રમણરૂપ સંસારસમુદ્રનો પાર પામીએ. એટલે મોક્ષ પામીએ. ૨

હવે ચાર ભેદે સદ્દહણા કહે છેઃ–જીવાદિક નવતત્ત્વરૂપ પદાર્થનો પરમાર્થ–રહસ્ય જાણવો તે. શુભ અશુભ કર્મનો કર્ત્તા, શુભ અશુભ કર્મનો ભોક્તા, ચૈતન્ય–ઉપયોગલક્ષણવંત તે જીવ તત્ત્વ કહીએ ૧, એથી ભિન્ન લક્ષણવાળો–ચેતના રહિત તે અજીવ તત્ત્વ કહીએ ૨, શુભ કર્મના પુદ્દગળને અથવા તે બાંધવાનાં કારણને પુન્ય તત્ત્વ કહીએ ૩, અશુભ કર્મપુદ્દગળને અથવા તે બાંધવાનાં કારણને પાપ તત્ત્વ કહીએ ૪, કર્મ આવવાના કારણ–કર્મ બાંધવાના હેતુભૂત મિથ્યાત્વાદિને આશ્રવ તત્ત્વ કહીએ ૫, આવતાં કર્મના હેતુભૂત મિથ્યાત્વાદિને રોકવા તેને અથવા આવતાં કર્મને રોકવાનાં કારણભૂત પાંચ સમિતિ આદિનું સેવન કરવું તેને સંવર તત્ત્વ કહીએ ૬, આત્માથી કર્મને એક દેશે છૂટાં કરવાં તેને નિર્જ્જરા તત્ત્વ કહીએ ૭, અન્યોઅન્ય આત્મપ્રદેશ સાથે કર્મનો સંયોગ, વહ્નિ અયઃપિંડની પેઠે ( એટલે અગ્નિમાં તપાવેલા લોઢાના પિંડને અને અગ્નિને સંબંધ થાય છે તે રીતે ) અથવા ક્ષીરનીરની માફક ( એટલે પાણી ને દૂધ એકઠા કરેલાં એકમેક થાય તેની પેઠે ) થાય છે તે બંધ તત્ત્વ કહીએ ૮, અને આત્મપ્રદેશથી કર્મનો અત્યંત અભાવ એટલે તેનો સર્વથા પ્રકારે વિયોગ કરવો અથવા કર્મને જુદા પાડી જીવના પ્રદેશને નિરાવરણ કરવા તે મોક્ષતત્ત્વ કહીએ ૯. એ જીવાદિક પદાર્થનો અર્થ જાણવો એટલે જીવાદિક નવતત્ત્વરૂપ પદાર્થનો પરમાર્થ પ્રવચન એટલે સિદ્ધાંત તેને વિષે કહ્યો છે તેનો અર્થ હૃદયને વિષે ધારીએ તથા સદ્દહીએ. તે પ્રથમ સદ્દહણા જાણવી. ૩.

૧ કર્મના મૂળ બંધહેતુ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ રીતે ચાર છે, અને ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય અને ૧૫ યોગ એ રીતે ઉત્તર બંધહેતુ ૫૭ છે.

એ જીવાદિક નવ પદાર્થનો અર્થ વિચારીને સદ્દહીએ, ધારીએ તેને પહેલી સદ્દહણા કહીએ. આગમમાં કહ્યું છે કેઃ—

**जीवाइनवपयत्थे, जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहन्तो, अयाणमाणेवि सम्मत्तं ॥ १ ॥**

'જીવાદિ નવ પદાર્થના તત્ત્વને જે જાણે તેને સમકિતની પ્રાપ્તિ થાય છે અને ભાવપૂર્વક સદ્દહવાથી તત્ત્વના અજાણને પણ સમકિતની પ્રાપ્તિ થાય છે.'

હવે બીજી સદ્દહણા કહે છે. સમકિતના જ્ઞાતા પુરુષ જે મુનીશ્વર તેમને ગુણ પારખીને આદરવા. જેમ ઝવેરી હીરાની તથા ઝવેરાત–મણિ, માણિક્ય, મોતી પ્રમુખની પ્રથમ પરીક્ષા કરી આંક દઈને પછી મૂલ્ય કહે છે (આદરી લે છે) તેમ (જાણ પુરુષે) મુનીશ્વરના ગુણ ઓળખીને સદ્દહવા. તે મુનિ કેવા હોય ? તેને આશ્રયીને કહે છે. સંવેગ એટલે રાગ દ્વેષથી વર્જિત હોય, તેનો રંગ, તેના તરંગ જે કલ્લોલ તેને વિષે સદા ઝીલે ( સ્નાન કરે છે ); તથા શ્રી વીતરાગપ્રણીત શુદ્ધ નિર્મળ માર્ગ પ્રત્યે પ્રરૂપે એટલે પોતાની મતિકલ્પનાવર્જિત માર્ગ કહે. જે બુદ્ધિવન્ત, પંડિત, જિનાગમના જાણ અને શુદ્ધભાષક હોય તે જિનાગમને અનુસરી પોતે પ્રવર્ત્તે અને અન્યને પણ શુદ્ધ માર્ગે પ્રવર્ત્તાવે. એવા મુનિરાજ રત્નત્રયાત્મક ધર્મના આરાધક, શુદ્ધ સંયમી, નિષ્કપટી, તત્ત્વના જાણ, તેમની સેવા કરનાર સમતારૂપ સુધા

એટલે અમૃતને પીએ. જેમ અમૃતનું બિન્દુ પીવાથી અજરામરપણું—જરામરણરહિતપણું પ્રાપ્ત થાય છે તેમ શુદ્ધ સમકિતીને મુનિરાજની સેવા કરતાં અવ્યાબાધ સુખની—મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ મુનિરાજની સેવારૂપ બીજી સદ્દહણા જાણવી. ૪

સમકિત પામીને જે માણસે વમ્યું—ત્યાગ કર્યું એટલે સમકિતથી પડ્યા તે પ્રાણી કેવા જાણવા? નિન્હવ એટલે જિનમતના ઉત્થાપક અને સ્વમતના સ્થાપક, અહાછંદા એટલે સ્વેચ્છાચારી, પાસત્થા એટલે નિયતસ્થાનવાસી, કુશીલિયા એટલે શીલ રહિત—આચાર રહિત જાણવા. કહ્યું છે કે—

**दंसणभट्ठो भट्ठो, दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।**
**सिज्झंति चरणरहिया, दंसणरहिया न सिज्झंति ॥ १ ॥**

'સમકિતથી ભ્રષ્ટ થયો તેને ભ્રષ્ટ કહીએ. સમકિતથી ભ્રષ્ટ થયેલાને મોક્ષ ન હોય. ( દ્રવ્ય )ચારિત્રરહિત જીવ તો સિદ્ધિ પામે છે પણ સમકિતરહિત માણસ સિદ્ધિ પામતો નથી.'

એ સમકિતથી ભ્રષ્ટ થયેલા જીવો કેવા હોય તે કહે છે—તેઓ પરિગ્રહથી અસંતુષ્ટ હોય, ઈન્દ્રિયવિષયમાં લોલુપ્ત હોય, માયામોસ સેવનારા, બગવત્ પાદસંચારી, ધૂર્ત્તના ધ્યાનવત્ હૃદયમાં દુષ્ટધ્યાનવાળા, મોઢે મીઠા અને અંતઃકરણમાં કપટી, મિષ્ટ આહારને લેનારા અને અનિષ્ટ આહારનો ત્યાગ કરનારા, કુમતિ એટલે દુષ્ટબુદ્ધિવંત, અવિધિના પ્રવર્ત્તાવનારા, મમત્વવંત, કદાગ્રહી, મધ્યસ્થગુણરહિત તથા વેષને વગોવનારા, મંદ અને અજ્ઞાની હોય છે. ૫

એવા મંદમતિ એટલે મંદજ્ઞાની તથા અજ્ઞાની, જ્ઞાનવર્જિત—

એવાને અળગા કરીને ત્રીજી સદ્દહણાને ગ્રહીએ. એ પાસત્થાદિકના પ્રસંગ તજવારૂપ ત્રીજી સદ્દહણા જાણવી.

હવે ચોથી સદ્દહણા કહે છે. જૈનદર્શનથી વિપરીત, પરદર્શની–૧ બૌધમતી, ૨ સાંખ્યમતી, ૩ જૈમિનીય, ૪ નૈયાયિક, ૫ વૈશેષિક, ૬ ચાર્વાક તથા બ્રાહ્મણ, તાપસ, કુલિંગી, ત્રિદંડી પ્રમુખનો સંગ છાંડીએ તે ચોથી સદ્દહણા જાણવી.

અહીં દૃષ્ટાંત કહે છે–જે ઉત્તમ પુરુષ નીચના સંગનો ત્યાગ કરે નહીં તેના ગુણ રહે નહીં, નીચનો સંગ છોડે તો જ ગુણ રહે. જેમ સમુદ્રના જળમાં ગંગાનું પાણી ભળે તો લૂણપણું લહે એટલે ખારું થાય, ગંગાના પાણીનો મૂળ સ્વાદ અને મૂળ ગુણ ન રહે તેમ પરદર્શનીનો સંગ કરતાં થકાં સમ્યક્ત્વાદિ મૂળ ગુણ ન રહે. તે માટે પરદર્શનીનો સંગ છોડીને વર્તવું. એ પ્રમાણે અન્ય દર્શનીનો સંગ તજવારૂપ ચોથી સદ્દહણા જાણવી. ૬

---

## સમકિતના ત્રણ લિંગ( ચિહ્ન )નું સ્વરૂપ

### ઢાળ બીજી

( જંબૂદ્વીપના ભરતમાં રે–એ દેશી )

**ત્રણ લિંગ સમકિતતણાં રે, પહેલું શ્રુતઅભિલાષ;**
**જેહથી શ્રોતા રસ લહે રે, જેહવો સાકર દ્રાખ રે–**
**પ્રાણી ! ધરીએ સમકિત રંગ, જીમ લહીએ સુખ**
**અભંગ રે. પ્રાણી !૦ ૧**

**તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;**
**તેહથી રાગે અતિઘણે રે, ધર્મ સુણ્યાની રીત રે. પ્રાણી!૦ ૨**

**ભૂખ્યો અટવી ઉતર્યો રે, જીમ દ્વિજ ઘેબર ચંગ;**
**ઇચ્છે તિમ જે ધર્મને રે, તેહિજ બીજું લિંગ રે. પ્રાણી૦ ૩**

**વૈયાવચ્ચ ગુરુ દેવનું રે, ત્રીજું લિંગ ઉદાર;**
**વિદ્યાસાધકની પરે રે, આળસ નવિય લગાર રે. પ્રાણી૦ ૪**

હવે સમકિતનાં ત્રણ લિંગનું સ્વરૂપ કહે છેઃ–સમકિતનાં લિંગ એટલે જેણે કરી સમકિતને ઓળખીએ એવાં ચિહ્ન તેને લિંગ કહીએ. એનું સ્વરૂપ કહે છે. ત્રણ લિંગમાંહે પહેલું શ્રુતઅભિલાષ એટલે શ્રુતસિદ્ધાંતની અભિલાષા, વાંચ્છા એટલે જિનોક્ત આગમ–સિદ્ધાંત સાંભળવાની ઇચ્છા–અતિ આદરપૂર્વક સાંભળવું. જે સિદ્ધાંત સાંભળવાથી શ્રોતા પુરુષ સાકર અને દ્રાક્ષના જેવા મીઠા રસને પામે. હે ભવ્ય પ્રાણી ! સમકિતને વિષે ખરો રંગ ધારણ કરીએ અથવા સમકિતને વિષે રાગ અસ્થિમજ્જાએ ધારીએ; જેથી અનાગતકાળે અભંગ સુખ એટલે મોક્ષસુખ પામીએ. ૧

હવે શ્રુત સાંભળવાની પ્રીતિ કેવી હોય તે કહે છેઃ—કોઈ તરુણ એટલે જુવાન અને ચતુર પુરુષ, ચિંતાથી વર્જિત, રોગ રહિત, સુખી હોય, વળી સુરૂપા સુલક્ષણયુક્ત સ્ત્રી સાથે સુખપૂર્વક પાંચ ઇંદ્રિયનાં સુખ ભોગવતો હોય તે સુરગીત એટલે દેવતા સંબંધી ગીતને જેવા રાગથી સાંભળે તેથી પણ વિશેષ રાગવડે ધર્મ સાંભળવાની ઇચ્છા રાખે, તેને શ્રુત-અભિલાષી કહીએ. એ સમકિતનું પ્રથમ લિંગ જાણવું. ૨

હવે સમકિતનું બીજું લિંગ કહે છેઃ–જેમ કોઈ ક્ષુધાએ પીડિત બ્રાહ્મણ વિકટ વન ઊતરીને આવેલો હોય તે ચંગ એટલે

મનોહર એવાં ઘેવર દેખીને તે ખાવાની અત્યંત ઇચ્છા કરે તેમ જે પ્રાણી ધર્મને ઇચ્છે તેને ધર્મરાગ નામનું બીજું લિંગ કહીએ. ૩

હવે ત્રીજું લિંગ વૈયાવચ્ચ નામનું કહે છેઃ–જે ગુરુદેવની વૈયાવચ્ચ–તેમનાં ચરણકમળની સેવા, ભક્તિ, બહુમાન કરવું, આહારપાણી લાવી આપવું, ગુરુનાં વચનને અનુયાયી રહેવું એટલે ગુરુની આજ્ઞા અખંડિતપણે પાળવી તે વૈયાવચ્ચ કહીએ. તે વૈયાવચ્ચ વિદ્યાસાધકની પેઠે કરવી જોઇએ. જેમ કોઈ વિદ્યા સાધનાર પુરુષ લગાર માત્ર પણ આળસ–પ્રમાદ કરતો નથી અને વિદ્યાસાધન કરવામાં એક ચિત્ત લગાડે છે તેવી રીતે ગુરુદેવની વૈયાવચ્ચ કરવામાં એક ચિત્ત લગાડવું તેને વૈયાવચ્ચ નામે ત્રીજું લિંગ કહીએ. ૪

---

## દશ પ્રકારના વિનયનું સ્વરૂપ

### ઢાળ ત્રીજી

( સમકિતનું મૂળ જાણીએ જી–એ દેશી )

અરિહંત તે જિન વિચરતા જી, કર્મ ખપી હુઆ સિદ્ધ;
ચેઇય જિનપડિમા કહી જી, સૂત્ર સિદ્ધાંત પ્રસિદ્ધ.
ચતુર નર ! સમજો વિનયપ્રકાર, જીમ લહીએ
સમકિત સાર–ચતુર નર !૦ ૧

ધર્મ ખિમાદિક ભાખિઓ જી, સાધુ તેહના રે ગેહ;
આચારજ આચારના જી, દાયક નાયક જેહ. ચતુર૦ ૨

ઉપાધ્યાય તે શિષ્યને જી, સૂત્ર ભણાવણહાર;
પ્રવચન સંઘ વખાણીએ જી, દરિસણ સમકિત સાર. ચ૦ ૩

**ભગતિ બાહ્ય પ્રતિપત્તિથી જી, હૃદયપ્રેમ બહુમાન;**
**ગુણથુતિ અવગુણ ઢાંકવા જી, આશાતનની હાણ. ચ૦ ૪**

**પાંચ ભેદે એ દશતણો જી, વિનય કરે અનુકૂળ;**
**સીંચે તેહ સુધારસે જી, ધર્મવૃક્ષનું મૂળ–ચતુર નર!૦ ૫**

હવે દશ પ્રકારનો વિનય કહે છેઃ–અરિહંત તીર્થંકર દેવ તે વિદ્યમાન વિચરતા, ચોત્રીશ અતિશયે સહિત, પાંત્રીશ વાણીના ગુણથી બિરાજમાન, બાર ગુણવડે ગુણવન્ત એવા અરિહંત ભગવાનનો વિનય કરવો. ૧. જ્ઞાનાવરણીયાદિક આઠ કર્મને ખપાવીને મોક્ષે પહોંચ્યા એવા આઠ ગુણે સહિત સિદ્ધ ભગવાનનો વિનય કરવો. ૨. જે દેખીને ગુણ ચેતીએ (મેળવીએ) તે ચૈત્ય કહેવાય. એ ચૈત્યશબ્દનો અર્થ જિનપ્રતિમા અથવા જિન-બિંબ એવો સૂત્રસિદ્ધાંતને વિષે પ્રસિદ્ધ છે એટલે પ્રગટપણે પાઠ છે. એ ચૈત્યનો વિનય કરવો. ૩. શ્રુત તે શ્રુતજ્ઞાન દ્વાદશાંગી આચારાંગાદિ ૧૧ અંગ અને બારમું દૃષ્ટિવાદ તે શ્રુત–સિદ્ધાંત–આગમ તેનો વિનય કરવો. ૪. ચતુર નર એટલે હે પંડિત પુરુષો ! તમે હૃદયને વિષે દશવિધ વિનયનો ભેદ સમજો–જાણો, જેથી સમકિતનું રહસ્ય પામો. ( ૧ )

ધર્મ તે ક્ષમાદિક દશ પ્રકારનો સાધુધર્મ કહ્યો છે તે આ પ્રમાણે—૧ ક્ષમા, ૨ મૃદુતા, ૩ આર્જવતા, ૪ નિર્લોભતા, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચન, ૧૦ બ્રહ્મ-ચર્ય–એ દશ ભેદે યતિધર્મ, તેનો વિનય કરવો ૫. તે દશ–પ્રકારના યતિધર્મનું ગેહ એટલે ઘર અર્થાત્ સ્થાન સાધુ–મુનિ છે એટલે તે મુનિ દશવિધ યતિધર્મના ધારક છે, તેમનો વિનય

કરવો ૬. આચાર્ય જે પાંચ આચાર–૧ જ્ઞાનાચાર, ૨ દર્શનાચાર, ૩ ચારિત્રાચાર, ૪ તપાચાર, ૫ વીર્યાચાર–એ પાંચ આચારના દાયક–આપનાર એટલે દેખાડનાર. પંચાચાર પોતે પાળે ને બીજાને ઉપદેશ કરીને પળાવે તે આચાર્ય ધર્મના નાયક છે તેમનો વિનય કરવો ૭. ( ૨ )

વળી સૂત્ર તે સિદ્ધાંત ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના, ૬ છેદ, ૪ મૂળસૂત્ર, ૧ નંદી, ૧ અનુયોગદ્વાર–એ ૪૫ આગમનો શિષ્યને અભ્યાસ કરાવે તેને ઉપાધ્યાય કહીએ. તે ઉપાધ્યાયનો વિનય કરવો ૮. પ્રવચન–સિદ્ધાંત એટલે સૂત્ર ૧, નિર્યુક્તિ ૨, ભાષ્ય ૩, ચૂર્ણિ ૪, ટીકા ૫–એને પ્રવચન કહીએ. તથા જીવ ૧, અજીવ ૨, પુન્ય ૩, પાપ ૪, આશ્રવ ૫, સંવર ૬, નિર્જરા ૭, બંધ ૮, મોક્ષ ૯–એ નવ તત્ત્વને જાણે, આદરે તે સાધુ ૧, સાધ્વી ૨, શ્રાવક ૩, શ્રાવિકા ૪ તે પણ પ્રવચન (સંઘ) કહીએ, એ પ્રવચન–સંઘનો વિનય કરવો ૯. તથા દર્શન જે ઉત્તમ સમકિત તે ક્ષાયક, ક્ષયોપશમ, ઉપશમાદિ સમકિતનો વિનય કરવો. ૧૦. શ્રી આત્મપ્રબોધમાં કહ્યું છે કે—

'**सम्यग्दर्शनं सम्यक्त्वं, तदभेदोपचारात्सम्यक्त्वानपि दर्शनमुच्यते एवं प्रागपि यथासंभवं वाच्यम्**।' સમકિતનો વિનય કહેવાથી સમકિતવંતનો વિનય પણ સમજી લેવો. આમાં જ્યાં જ્યાં ગુણો કહ્યા છે ત્યાં ત્યાં તે તે ગુણોવાળા સમજવા. (૩)

પ્રથમ ભક્તિ તે બાહ્ય પ્રણિપાત કરવો એટલે અષ્ટાંગ પ્રણામ કરવો તે આ પ્રમાણે—

**उरसा १ शिरसा २ पृष्ठा, ३ जानू ४ नासा ५ तथैव च ।**
**ग्रीवा ६ कराभ्यां ७ नयनाभ्यां, प्रणामोऽष्टांग उच्यते ॥१॥**

**अष्टांगप्रणामो भक्तिः** તે બાહ્ય પ્રતિપત્તિરૂપ વિનય જાણવો. ૧. હૃદયને વિષે પ્રેમ, સ્નેહ, રાગ ધરીને બહુમાન કરવું એ વિનયનો બહુમાનરૂપ બીજો ભેદ જાણવો ૨. ગુણીના ગુણની સ્તુતિ કરવી એ ગુણસ્તુતિરૂપ ત્રીજો ભેદ જાણવો ૩. ગુણીના અવગુણ ઢાંકવા (ન બોલવા) એ અવગુણવર્જનારૂપ ચોથો ભેદ જાણવો ૪. અને આશાતનાની હાનિ કરવી એટલે જે જે આશાતના ટાળવી ઘટે તે તે ટાળવી એ આશાતનાની હાનિરૂપ પાંચમો ભેદ જાણવો. ( ૪–૫. )

જે મનુષ્ય ૧ ભક્તિ, ૨ બહુમાન, ૩ ગુણસ્તુતિ, ૪ અવગુણ-વર્જના, ૫ આશાતનાનો ત્યાગ–એ પાંચ ભેદવડે અરિહંતાદિક દશનો વિનય કરે એટલે ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, ૪ શ્રુત, ૫ ધર્મ, ૬ સાધુવર્ગ, ૭ આચાર્ય, ૮ ઉપાધ્યાય, ૯ પ્રવચન અને ૧૦ દર્શન–એ દશેનો પાંચ પ્રકારે અનુકૂળવિનય કરે તે મનુષ્ય વિનયરૂપ અમૃતરસે કરી સમકિતરૂપ ધર્મવૃક્ષના મૂળને સિંચે છે. ૫

---

## સમકિતની ત્રણ શુદ્ધિનું સ્વરૂપ

### ઢાળ ૪ થી.

( ધોબીડા ! તું ધોજે મનનું ધોતીયું રે–એ દેશી. )

ત્રણ શુદ્ધિ સમકિતતણી રે, તિહાં પહિલી મનશુદ્ધિ રે;
શ્રીજિન ને જિનમત વિના રે, જૂઠ સકળ એ બુદ્ધિ રે,
ચતુર ! વિચારો ચિત્તમાં રે. ૧

જિનભગતે જે નવિ થયું રે, તે બીજાથી કેમ થાય રે !;
એવું જે મુખે ભાખીએ રે, તેની વચનશુદ્ધિ કહેવાય રે;
ચતુર !૦ ૨

**છેદ્યો ભેદ્યો વેદના રે, સહેતો અનેક પ્રકાર રે;**
**જિન વિણ પરસુર નવિ નમે રે, તેની કાયાશુદ્ધિ**
**ઉદાર રે. ચતુર !૦ ૩**

હવે સમકિતની ત્રણ શુદ્ધિ કહે છે:–શુદ્ધિ એટલે સમકિતને નિર્મળ કરે તેને શુદ્ધિ કહીએ. પ્રથમ મનશુદ્ધિ એટલે શ્રી વીતરાગપ્રણીત તત્ત્વ તે જ સત્ય છે, તે વિના બીજું બધું જૂઠું છે એટલે અસાર છે એવી બુદ્ધિ તે મનશુદ્ધિ કહીએ. હે ચતુર પુરુષો ! તે વાત તમે મનમાં ધારો ૧

દેવદાનવોએ વંદિત એવા શ્રી જિનેશ્વર વીતરાગદેવ તેમની ભક્તિ કરવાથી જે કાર્યની સિદ્ધિ ન થઇ તે બીજા અન્ય દેવથી કેમ થશે ? એવા ઉદ્ગાર જે મુખથી નીકળે તેને સમકિતની બીજી વચનશુદ્ધિ કહીએ. ૨

શરીરને અનેક પ્રકારે છેદે, અનેક પ્રકારે વિદારે–બે ખંડ કરે તથા શરીરને અનેક પ્રકારની વેદના ઉપજાવે તે બધું સહે પરંતુ સમકિતી જીવ શ્રીજિન, તીર્થંકર, પરમાત્મા વિના બીજા હરિહરાદિ દેવને મસ્તક ન નમાવે, તીર્થંકર દેવને જ ધર્મ-બુદ્ધિએ નમસ્કાર કરે તેને સમકિતની ત્રીજી કાયશુદ્ધિ કહીએ. તે કેવી છે ? ઉદાર એટલે મોટી છે–શ્રેષ્ઠ છે. ૩

---

## સમકિતના પાંચ દૂષણનું સ્વરૂપ

### ઢાળ ૫ મી.

( કડવાં ફળ છે ક્રોધનાં–એ દેશી. )

**સમકિત દૂષણ પરિહરો, જેહમાં પહેલી છે શંકા રે;**
**તે જિનવચનમાં મત કરો, જેહને સમ નૃપ રંકા રે,**
**સમકિત દૂષણ પરિહરો. ૧**

**કંખા કુમતની વાંછના, બીજું દૂષણ તજીએ;**
**પામી સુરતરુ પરગડો, કિમ બાઉલ ભજીએ ? સમ૦ ૨**

**સંશય ધર્મનાં ફળતણો, વિતિગિચ્છા નામે;**
**ત્રીજું દૂષણ પરિહરો, નિજ શુભ પરિણામે. સમ૦ ૩**

**મિથ્યામતિ ગુણવર્ણનો, ટાળો ચોથો દોષ;**
**ઉનમારગી થુણતાં હુવે, ઉનમારગપોષ. સમ૦ ૪**

**પાંચમો દોષ મિથ્યામતિ—પરિચય નવ કીજે;**
**ઇમ શુભમતિઅરવિંદની, ભલી વાસના લીજે. સ૦ ૫**

હવે સમકિતનાં પાંચ દૂષણ કહે છે:-સમકિત જે શ્રદ્ધા તેને દુષ્યતિ એટલે દુહવે અથવા અતિચાર લગાડે તે દૂષણ કહીએ; એટલે સમકિતનાં જે દૂષણ શંકા કંખાદિ પાંચ છે તેને પરિહરો-છાંડો. તે પાંચ દૂષણનાં નામ તથા વિવેચન આ પ્રમાણે:—

પહેલું શંકા નામે દૂષણ છે. શંકા ( એટલે સંદેહ ) શ્રીજિનેશ્વર ભગવાન્ કે જેમને રાજા અને રંક બંને સરખા જ છે તેવા ભગવાનના કહેલાં વચન એટલે સૂત્રસિદ્ધાંતમાં શંકા રાખવી નહીં.૧

બીજું દૂષણ કંખા-કાંક્ષા—કુમતની વાંછા એટલે ઇચ્છા છોડવી, કેમકે પ્રગટપણે શ્રી જૈનધર્મરૂપી ( મનોવાંછિત ફળના આપનાર એટલે સ્વર્ગ અને મોક્ષનાં સુખને આપનાર એવા ) કલ્પવૃક્ષને મૂકીને મિથ્યાત્વરૂપ બાવળ જે બહુ કંટક સહિત કષાયફળને આપનાર છે તેને કેમ ભજીએ ? અર્થાત્ તેને ન સેવીએ. ૨

ત્રીજું વિતિગિચ્છા દૂષણ એટલે ધર્મનાં ફળનો સંદેહ રાખવો અર્થાત્ શ્રીજિનધર્મ સેવ્યાથી અવ્યાબાધ મોક્ષસુખ પામે તેમાં વહેમ લાવે કે ધર્મ સેવ્યાથી મોક્ષસુખ પામશું કે નહિ? તે વિતિગિચ્છા દૂષણનો પોતાના શુભ પરિણામવડે ત્યાગ કરો જેથી શિવસુખ પામો. ૩

ચોથું દૂષણ મિથ્યામતિ ગુણવર્ણના–મિથ્યાદૃષ્ટિ જીવના ગુણની સ્તવના કરવી તે દૂષણને છાંડો. મિથ્યામતિના ગુણનું વર્ણન કરતાં શો દોષ ઉત્પન્ન થાય તે કહે છે. જૈન માર્ગ વિના બીજા ઉન્માર્ગ જે સૌગત (બૌધ) ૧, સાંખ્ય ૨, જૈમિનીય ૩, વૈશેષિક ૪, નૈયાયિક ૫, ચાર્વાક ૬, તે અન્યમતિ તથા સ્વપક્ષે નિહ્નવ એટલે ભગવાનનાં વચનના ઉત્થાપક વગેરે ઉન્માર્ગીની પ્રશંસા કરતાં મિથ્યાત્વની પુષ્ટિ થાય. ૪

હવે પાંચમું દૂષણ મિથ્યામતિપરિચય એટલે મિથ્યાદૃષ્ટિ જીવની સંગતિ ન કરવી. જેથી શુભમતિ અરવિંદ એટલે સમકિતરૂપ કમળની સુંદર સુવાસ લહીએ–પામીએ. એ રીતે ઉપર લખેલાં સમકિતનાં પાંચ દૂષણ ટાળવાં. ૫

---

## આઠ પ્રભાવકનું સ્વરૂપ

### ઢાળ છઠ્ઠી

(અભિનંદન જિન દરિસણ તરસીએ–એ દેશી.)

**આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા, પાવયણી ધુરિ જાણ;**
**વર્ત્તમાનશ્રુતના જે અર્થનો, પાર લહે ગુણખાણ,**
**ધન ધન શાસનમંડન મુનિવરા. ૧**

ધર્મકથી તે બીજો જાણીએ, નંદિષેણ પરે જેહ;
નિજ ઉપદેશે રે રંજે લોકને, ભંજે હૃદયસંદેહ. ધ૦ ૨

વાદી ત્રીજો રે તર્કનિપુણ ભણ્યો, મલ્લવાદી પરે જેહ;
રાજદ્વારે જયકમલા વરે, ગાજંતો જીમ મેહ. ધ૦ ૩

ભદ્રબાહુ પેરે જેહ નિમિત્ત કહે, પરમત જીપણ કાજ;
તેહનિમિત્તી રે ચોથો જાણીએ, શ્રીજિનશાસનરાજ.ધ૦૪

તપ ગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નવિ જિનઆણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી સુજાણ.ધ૦૫

છટ્ઠો વિદ્યા રે મંત્રતણો વળી, જિમ શ્રી વયર મુણીંદ;
સિદ્ધ સાતમો રે અંજનયોગથી, જિમ કાલિક મુનિ
ચંદ. ધ૦ ૬

કાવ્ય સુધારસ મધુર અર્થ ભર્યાં, ધર્મહેતુ કરે જેહ;
સિદ્ધસેન પરે રાજા રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ. ધ૦ ૭

જબ નવિ હોવે પ્રભાવક એહવા, તવ વિધિપૂર્વ અનેક;
જાત્રા પૂજાદિક કરણી કરે, તેહ પ્રભાવક છેક. ધ૦ ૮

હવે પ્રવચનના આઠ પ્રભાવક કહે છે. પ્રભાવક એટલે શ્રીજૈનશાસનને દીપાવે એટલે જૈનશાસનની શોભા વધારે તે. પ્રવચન એટલે જૈનશાસ્ત્ર અથવા સિદ્ધાન્ત તેનો મહિમા વધારે તેને પ્રવચનપ્રભાવક કહીએ. તે આઠ પ્રભાવકને વિષે "પ્રાવચનિક" નામે પહેલા પ્રભાવક છે. જે આગમરૂપ વર્ત્તમાનશ્રુત સિદ્ધાન્ત

તેના અર્થનો પાર પામેલ હોય તેને પહેલો પ્રભાવક જાણવો. તે કેવો છે ? ગુણખાણુ કે ગુણનો ભંડાર છે. કહ્યું છે કે—

**सव्व उदहीण उदयं, सव्व नइणं जइ हुज्ज वालुआ।**
**तत्तो अणंतगुणिओ, अत्थो इक्कस्स सुत्तस्स ॥ १ ॥**

'સર્વ મહાસાગરનું જેટલું પાણી અને સર્વ નદીઓની જેટલી રેતી તેથી પણ એક સૂત્રનો અર્થ અનન્તગુણો છે.'

ધન્ય હો! ધન્ય હો! એવા શ્રીજિનશાસનને શોભાવનાર ભૂષણ સમાન મુનિવરોને. ૧

બીજા પ્રભાવક "**ધર્મકથી**" નામે જાણવા. તે નંદિષેણજીની પેઠે પોતાના ઉપદેશવડે લોકોને રીઝવીને પ્રતિબોધ પમાડે અને તેમના હૃદયના મિથ્યાત્વરૂપ સંદેહને દૂર કરે. ૨

ત્રીજા "**વાદી**" નામે પ્રભાવક છે, તે તર્કશાસ્ત્ર એટલે ન્યાયશાસ્ત્ર, ઉપચારથી કાવ્ય, છંદ, અલંકારાદિ સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરી, પંડિત થઈ, પરદર્શનીને સ્યાદ્વાદમતે જીતે. જેમ મલ્લવાદીસૂરિ રાજસભામાં મેઘના ગર્જારવ જેવા શબ્દના ઉચ્ચાર કરી પરવાદીને જીતી વિજયલક્ષ્મીને પામ્યા, તે ત્રીજા પ્રભાવક જાણવા. ૩

શ્રીજિનશાસનને વિષે ચોથા પ્રભાવક "**નૈમિત્તિક**" કહ્યા છે. તે પૂજ્ય શ્રીભદ્રબાહુસ્વામીની પેઠે પરમત જે બૌદ્ધાદિક તેને જીતવાને માટે જ નિમિત્ત પ્રકાશે ( ભવિષ્ય કહે ) કે જેથી જૈનશાસનની ઉન્નતિ થાય. ૪

પાંચમા "**તપસ્વી**" નામે પ્રભાવક જાણવા. તે અનશનાદિ છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત્તાદિક છ પ્રકારના અભ્યંતર તપવડે ચારિત્રગુણને દીપાવે અને પોતાના તપવડે સાધુધર્મને

રોપે એટલે વૃદ્ધિ કરે તથા જિનેશ્વર ભગવાનની આજ્ઞાને ઓળવે નહિ એટલે જિનાજ્ઞાનુસારે વર્ત્તે, આવતાં પાપને રોકે અને કદાપિ કોપ કરે નહિ એટલે અવંચકપણે સમતામયી તપ કરે. ૫

છઠ્ઠા પ્રભાવક "**મંત્રવિદ્યાવંત**" એટલે મંત્ર અને વિદ્યાવડે શ્રી જૈનશાસનની ઉન્નતિ કરે તેને જાણવા. જેમ શ્રી વજ્રસ્વામીએ મંત્રવિદ્યાવડે, જૈનશાસનની ઉન્નતિને અર્થે બૌદ્ધ લોકોના દેશમાં બૌદ્ધરાજાએ જિનમંદિરમાં ફૂલ આપવાં બંધ કર્યાં હતાં, તે વખતે ત્યાંના જૈનસંઘની પ્રાર્થનાથી શ્રીદેવીએ અર્પણ કરેલ કમળનું ફૂલ અને બીજાં ગુલાબ વગેરે પંચવર્ણી ફૂલો લઇ, વિમાનમાં બેસી, બૌદ્ધદેશમાં જઈ સંઘને આપ્યાં. તે પ્રભાવ જોઇ બૌદ્ધ રાજા જૈની થયો. દુર્ભિક્ષના વખતે શ્રી સંઘને બૌદ્ધદેશમાં આકાશમાર્ગે લઇ જીવાડયો.

એવી રીતે અંજનયોગથી શાસનનો જય કરવાવાળા "**સિદ્ધિસંપન્ન**" નામે સાતમા પ્રભાવક જાણવા એવા શ્રી કાલિકાચાર્યનો વૃત્તાન્ત શાસ્ત્રથી જાણવો. ૬

આઠમા પ્રભાવક '**કવિ**' તે અમૃતના રસ જેવા મીઠા અર્થથી ભરેલાં કાવ્ય, હઠવાદ–મમત્વભાવ રહિત ધર્મહેતુએ રચે અને તેથી સિદ્ધસેનસૂરિની પેઠે રાજાને પ્રતિબોધ પમાડે તે ઉત્તમ 'કવિરાજ' નામે આઠમા પ્રભાવક જાણવા. ૭

જ્યારે ઉપર કહ્યા એવા પ્રભાવક ન થાય ત્યારે વિધિપૂર્વક યાત્રાપૂજાદિક અનેક પ્રકારની ધર્મકરણી કરે તેને પણ પ્રભાવક જાણવા. ૮

**ઇતિ આઠ પ્રભાવક સ્વરૂપ**

## સમકિતના પાંચ ભૂષણનું સ્વરૂપ

### ઢાળ સાતમી

( સતીય સુભદ્રાની--એ દેશી. )

**સોહે સમકિત જેહથી, સખી ! જિમ આભરણે દેહ;**
**ભૂષણ પાંચ તે મન વસ્યાં, સખી ! મન વસ્યાં તેહમાં**
**નહીં સંદેહ, મુજ સમકિતરંગ અચળ હોજો. ૧**

**પહિલું કુશળપણું તિહાં, સખી વંદન ને પચ્ચખ્ખાણ;**
**કિરિયાનો વિધિ અતિ ઘણો, સખી અતિ ઘણો આચરે**
**તેહ સુજાણ. મુજ૦ ૨**

**બીજું તીરથસેવના, સખી તીરથ તારે તેહ;**
**તેહ ગીતારથ મુનિવરા, સખી તેહશું કીજે નેહ. મુજ૦ ૩**

**ભગતિ કરે ગુરુદેવની, સખી ત્રીજું ભૂષણ હોય;**
**કિણહિ ચળાવ્યો નવિ ચળે, સખી ચોથું ભૂષણ જોય.**
**મુજ૦ ૪**

**જિનશાસન અનુમોદના, સખી જેહથી બહુ જન હુંત;**
**કીજે તેહ પ્રભાવના, સખી પાંચમું ભૂષણ ખંત. મુજ૦૫**

હવે સમકિતનાં પાંચ ભૂષણ કહે છે. જેમ ઘરેણાંવડે શરીર શોભે છે તેમ જેવડે સમકિત શોભે તે સમકિતનાં ભૂષણ કહેવાય. તે પાંચ છે. તે મારા મનમાં વસ્યા છે, એમાં લેશમાત્ર પણ સંદેહ નથી. મુજ–મારા સમકિતનો રંગ અચળ રહેજો. ૧

પહેલું ભૂષણ '**કુશળપણું**' એટલે વિધિ અને વ્યવહારને વિષે ડહાપણ અથવા ચતુરપણું. તે શેમાં હોય ? વંદન, પચ્ચખ્ખાણ વગેરેમાં હોય. જે દેવવંદન ૨૦૭૪ બોલે કરે, ગુરુવંદન ૪૯૨ બોલે કરે, ૧૦ પ્રકારે પચ્ચખ્ખાણ કરે અને સાધુ-શ્રાવકની કરણી સૂત્ર અનુસારે અતિ ઘણી આચરે તેને સર્વ વાતે કુશળ જાણવો. ૨

બીજું ભૂષણ '**તીર્થસેવના**' નામે છે. અનાદિ અનંત ચતુર્ગતિમાં ભ્રમણરૂપ સંસારસમુદ્રથી જે તારે તેને **તીર્થ** કહીએ. તે તીર્થ બે પ્રકારનાં છે: સ્થાવર અને જંગમ. સ્થાવર તીર્થ– શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સંમેતશિખર વગેરે અને જંગમતીર્થ તે ગીતાર્થ એટલે સૂત્રાર્થના જાણ, ગુણવંત મુનિમહારાજા છે. તે બન્નેને વિષે અત્યંત પ્રશસ્ત રાગ રાખે અને તેમની સેવા કરે, જેથી બોધિબીજ પામે અને અન્તે કર્મ ખપાવી મોક્ષે જાય. ૩

ત્રીજું ભૂષણ **ગુરુદેવની ભક્તિ** કરવી તે. ગુરુને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ–એ ચાર પ્રકારનો આહાર દૂષણ રહિત વહોરાવે, કેમકે તે તેમના સંયમસાધનનું હેતુ છે. તથા ગુરુને વંદન કરવું, ગુરુ આવે તો ઊભા થઇ સામા જવું વગેરે ભક્તિ–બહુમાનપૂર્વક કરવું તે ગુરુભક્તિ. દેવભક્તિ એટલે દેવપૂજા તે પાંચ પ્રકારે, આઠ પ્રકારે, યાવત્ એકસો આઠ પ્રકારે બહુ ભક્તિભાવ સહિત કરે, એ '**ગુરુદેવની ભક્તિ**' નામે ત્રીજું ભૂષણ છે.

ચોથું ભૂષણ સમકિત ધર્મથકી કોઇનો ચળાવ્યો ચળે નહીં તે '**સમકિતની દઢતારૂપ**' જાણવું. ૪

પાંચમું ભૂષણ જિનશાસનની અનુમોદના એટલે ઘણા માણસો જિનશાસનની અનુમોદના કરે એવી પ્રભાવના ખંત રાખીને કરવી, જેથી ઘણા લોકો જિનશાસનની પ્રશંસા કરે કે ધન્ય છે શ્રી જૈનધર્મને ! ધન્ય છે શ્રી જૈનશાસનને ! કે જેમાં આવાં સારાં સારાં કામો થાય છે. એવી રીતે ઘણા લોકો પ્રશંસા કરે તેથી તેમના આત્માને પણ હિત થાય અને બોધિબીજની પ્રાપ્તિ થાય. આવી પ્રભાવના કરવાથી ચતુર્ગતિરૂપ ભવભ્રમણ મટે. ૫

---

## સમકિતના પાંચ લક્ષણનું સ્વરૂપ

### ઢાળ આઠમી

( ધર્મ જિનેશ્વર ગાઉં રંગશું–એ દેશી. )

લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં, ધૂર ઉપશમ અનુકૂળ,
સુગુણનર ! અપરાધીશું પણ નવિ ચિત્તથકી, ચિંતવીએ
પ્રતિકૂળ સુગુણનર ! શ્રી જિનભાષિત વચન વિચારીએ. ૧
સુરનરસુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક; સુ૦
બીજું લક્ષણ તે અંગીકરે, સાર સંવેગશું ટેક. સુ૦ ૨
નારક ચારક સમ ભવઉભગ્યો, તારક જાણીને ધર્મ; સુ૦
ચાહે નિકળવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ. સુ૦ ૩
દ્રવ્યથકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાના રે ભાવ; સુ૦
ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શકતે મન લાવ. સુ૦ ૪
જે જિનભાખ્યું તે નહિ અન્યથા, એહવો જે દૃઢ રંગ; સુ૦
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ. સુ૦ ૫

હવે સમકિતનાં પાંચ લક્ષણ કહે છેઃ-**लक्ष्यते अनेन इति लक्षणं** જેનાવડે સમકિતગુણ ઓળખાય તેને લક્ષણ કહીએ. શ્રી જિનેશ્વર ભગવાને સિદ્ધાન્તને વિષે સમકિતના પાંચ લક્ષણ કહ્યાં છે. તેમાં ધૂર એટલે પહેલું "**ઉપશમ**" એટલે ક્રોધના ત્યાગરૂપ હિતકારી લક્ષણ છે, જેથી અપરાધ કરનાર પુરુષ ઉપર પણ મનથી 'તેનું માઠું થાઓ' એવું વિચારીએ નહીં, પણ સમતા રાખી જેમ તેનું હિત થાય તેમ અથવા મધ્યસ્થભાવે વર્ત્તીએ. હે સુગુણ પુરુષો! આ ઉપર બતાવ્યા મુજબ શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન વિચારીએ અને શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્ત્તીએ. ૧.

બીજું "**સંવેગ**" નામે લક્ષણ છે. જેથી દેવનું અને મનુષ્યનું સુખ તે દુઃખરૂપ જાણે; કેમકે તે સુખ પૌદ્ગલિક છે તથા અસાર ને ક્ષણભંગુર છે, પરંતુ મોક્ષનું સુખ તો અવ્યાબાધ, અક્ષય, અવિનાશી અને અનંત છે; તેથી તેને જ એકાગ્ર મને ઇચ્છે તે બીજું લક્ષણ ઉત્તમ સંવેગ અર્થાત્ મોક્ષની અભિલાષા એટલે તે સુખ મેળવવાની જ વાંચ્છા રાખે તે જાણવું. ૨

ત્રીજું "**નિર્વેદ**" નામે લક્ષણ છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહાદિ વિભાવજનિત જન્મ, જરા, મરણ, રોગ, શોક, વિયોગ, બંધન, છેદન, ભેદન, તાડન, તર્જનાદિ દુઃખે કરી ગહન સંસારના દુઃખથી, નરકરૂપ બંદિખાનાની પેઠે ત્રાસ પામીને અને ધર્મ જ તેમાંથી તારનાર છે એમ જાણીને તે ધર્મવડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે તે ત્રીજા નિર્વેદ નામના લક્ષણનો મર્મ જાણવો. ૩

ચોથું લક્ષણ "**અનુકંપા**" નામે છે. તે અનુકંપા એટલે દયા

બે પ્રકારની છે: ૧ દ્રવ્યથી અને ૨ ભાવથી. ૧ દ્રવ્યથી અનુકંપા તે દુઃખી, દીન, રોગી અને શોકગ્રસ્ત જે પ્રાણી તેનાં દુઃખ દૂર કરવાં તે અને ધર્મરહિત પ્રાણી ધર્મ નહીં સાધવાથી ચારે ગતિમાં દુઃખી થશે તથા નરકાદિકનાં દુઃખ પામશે, જો ધર્મ કરે તો સુખી થાય એવી રીતે ચિંતવે તથા ધર્મથી પતિત પ્રાણીને ધર્મમાં સ્થિર કરે તે ભાવદયા. એ રીતે યથાશક્તિ બંને પ્રકારની અનુકંપા કરવામાં ઉદ્યમ કરે એ ચોથું અનુકંપા નામનું લક્ષણ જાણવું ૪

પાંચમું "**આસ્તિકતા**" નામે લક્ષણ છે. વીતરાગદેવે જે વચન ભાખ્યાં છે તે જૂઠાં નથી પણ સત્ય જ એમાં કંઇ સંદેહ નથી. કહ્યું છે કે—

**सव्वाइ जिणेसरभा–सियाइ वयणाइं नन्नहा हुंति ।**
**इय बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ॥ १ ॥**

**અર્થ**:—જિનેશ્વર ભગવાને ભાષેલાં સર્વ વચન અન્યથા (ખોટાં) ન હોય, સત્ય જ હોય એવી બુદ્ધિ જેના મનને વિષે છે તેનું નિશ્ચળ સમકિત જાણવું. આવી દ્રઢ શ્રદ્ધા જેને છે તે આસ્તિકતા નામે પાંચમું લક્ષણ કુમતિ એટલે અશુભ મતિનો નાશ કરે. ૫.

---

### ૭ જયણાનું સ્વરૂપ

### ઢાળ ૯ મી.

( ત્રીજે ભવ વરસ્થાનક તપ કરી–એ દેશી. )

**પરતીરથી પરના સુર તેણે, ચૈત્ય ગ્રહ્યાં વળી જેહ;**
**વંદન પ્રમુખ તિહાં નવિ કરવું, તે જયણા ષટ ભેય રે;**
**ભવિકા! સમકિત યતના કીજે. ૧**

**વંદન તે કરયોજન કહીએ, નમન તે શીશ નમાવે;**
**દાન ઇષ્ટ અન્નાદિક દેવે, ગૌરવ ભગતિ દેખાવે રે. ભ૦ ૨**

**અનુપ્રદાન તે તેહને કહીએ, વાર વાર જે દાન;**
**દોષ કુપાત્રે પાત્રમતિએ, નહિ અનુકંપા માન રે. ભ૦ ૩**

**અણબોલાવે જેહ બોલવું, તે કહીએ આલાપ;**
**વારવાર આલાપ જે કરવો, તે જાણો સંલાપ રે. ભ૦ ૪**

**એ જયણાથી સમકિત દીપે, વળી દીપે વ્યવહાર;**
**એમાં પણ કારણથી જયણા, તેહના અનેક પ્રકાર રે. ભ૦ ૫**

હવે છ પ્રકારની જયણાનું સ્વરૂપ કહે છે. પરતીર્થી એટલે અન્યલિંગી જે પરિવ્રાજક, તાપસ, બ્રાહ્મણ વગેરેને ગુરુબુદ્ધિએ તથા બીજાના દેવ જે હરિહરાદિક તેમને દેવબુદ્ધિએ ન માનવા તથા તેમણે જિનપ્રતિમા ગ્રહણ કરી હોય, નામ ફેરવ્યાં હોય ત્યાં વંદન–નમસ્કાર ન કરવાં, તે સમકિતની યતના કહેવાય છે. તેના છ ભેદ છે. ૧.

પહેલી જયણા **વંદન** નામની છે. વંદન એટલે બે હાથ જોડી નમવું તે. બીજી જયણા **નમન** એટલે મસ્તક નમાવવું તે. ત્રીજી જયણા ઉપર કહેલા પરતીર્થી અને પરના દેવને ઇષ્ટ વસ્તુનું **દાન** આપે અને મોટી **ભક્તિ** બતાવે તે. હે ભવ્ય પ્રાણીઓ ! એ રીતે સમકિતની યતના કરવી અર્થાત્ કુદેવ, કુગુરુને વંદન કે નમનાદિક ન કરવું. ૨

ચોથી જયણા **અનુપ્રદાન** તે તાપસાદિકને વારંવાર દાન આપવું. એમાં કુપાત્રને વિષે પાત્રની બુદ્ધિએ આપવું એ દોષ

છે. વળી ત્યાં અનુકંપા પણ માનવી નહિ, કારણ કે અનુકંપા તો દીનદુઃખીને વિષે હોય. ૩

પાંચમી જયણા **આલાપ** નામે છે. આલાપ તે વગર બોલાવે બોલવું. તે છઠ્ઠી જયણા **સંલાપ** તે વગર બોલાવ્યે વારંવાર બોલવું તે. અર્થાત્ કુદર્શની સાથે ખાસ પ્રયોજન વિના વગર બોલાવ્યે આલાપસંલાપ પણ ન કરવો, મિથ્યા વાદવિવાદમાં ઉતરવું નહિ, મધ્યસ્થભાવે વર્ત્તવું. ૪

વંદન ૧, નમન ૨, ગૌરવભક્તિ ૩, અનુપ્રદાન ૪, આલાપ ૫ અને સંલાપ ૬–આ છ જયણાથી સમકિતગુણ તથા શુભ વ્યવહાર દીપે છે, તેમાં પણ દેવગુરુઆદિકની ભક્તિ, શાસનની પ્રભાવના, જ્ઞાનનો લાભ ઇત્યાદિ કારણથી તેને વિષે પણ જયણા છે. તેના અનેક પ્રકાર છે; તેથી શ્રદ્ધાળુ એવા બુદ્ધિમાનોએ લાભાલાભનો વિચાર કરીને વર્ત્તવું. ૫

---

## સમકિતના છ આગારનું સ્વરૂપ

### ઢાળ ૧૦ મી.

( લલનાની દેશી. )

શુદ્ધ ધર્મથી નવિ ચળે, અતિ દૃઢ ગુણ આધાર લલના;
તો પણ જે નહિ એહવા, તેહને એ આગાર લલના. ૧

બોલ્યું તેહવું પાળીએ, દંતીદંત સમ બોલ લલના;
સજ્જન ને દુર્જનતણા, કચ્છપકોટિને તોલ લલના. બો૦ ૨

રાજા નગરાદિક ધણી, તસ શાસનઅભિયોગ લલના;
તેહથી કાર્ત્તિકની પરે, નહિ મિથ્યાત્વસંયોગ લલના.
બોલ્યું૦ ૩

**મેળો જનનો ગણ કહ્યો, બળ ચોરાદિક જાણ લલના;**
**ક્ષેત્રપાળાદિક દેવતા, તાતાદિક ગુરુ ઠાણ લલના. બો૦ ૪**

**વૃત્તિ દુર્લભ આજીવિકા, તે ભીષણ કાંતાર લલના;**
**તે હેતે દૂષણ નહીં, કરતાં અન્ય આચાર લલના. બો૦ ૫**

હવે સમકિતના છ આગાર કહે છે:–જે દૃઢ સમકિતધારી છે તે (આણંદ, કામદેવ જેવા અડગ શ્રાવક) શુદ્ધ, પવિત્ર, નિર્મળ, દૂષણ રહિત એવા ધર્મથી ચળે નહિ, મેરુપર્વતની પેઠે અડગપણે રહે, તેમને આ નીચે બતાવેલા છ આગાર રાખવાની જરૂર પડતી નથી; પણ સંપ્રતિકાળે સંઘયણના શિથિલપણાથી જે ઉપર કહ્યા એવા દૃઢ ન હોય તેમને આ છ આગાર રાખવા કહ્યા છે. **तद्यथा–रायाभिओगेणं १, गणाभिओगेणं २, बलाभिओगेणं ३, देवाभिओगेणं ४, महत्तरगुरुनिग्गहेणं ५, वित्तिकंतारेणं ६।** એ છ આગાર કહ્યા છે. જેવું મુખે બોલીએ તેવું પાળીએ. સજ્જન પુરુષનો બોલ હાથીના દંતૂશળ જેવો હોય છે, જે બહાર નીકળ્યા તે કદી અંદર પેસતા નથી; તેમ સજ્જન પુરુષના બોલ મુખમાંથી નીકળ્યા તે કદી ફરતા નથી, અર્થાત્ પોતે બોલે છે તેવું જ પાળે છે. અને દુર્જન માણસના બોલ કાચબાની ડોક જેવા હોય છે, ઘડી ઘડીમાં બહાર નીકળે છે અને અંદર પેસી જાય છે. ૧–૨

પ્રથમ ‘રાયાભિયોગ’ નામે આગાર છે. નગરાદિકનો જે સ્વામી તે રાજા કહેવાય. તેની આજ્ઞાથી તે કહે તેમ કરવું પડે. તેમાં કાર્તિક શેઠની પેઠે વર્તતાં મિથ્યાત્વ લાગતું નથી. કાર્તિક શેઠની હકીકત કહે છે:–પૃથ્વીભૂષણ નગરને વિષે

પ્રજાપાલ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં માસોપવાસી ગૈરિક નામનો તાપસ આવ્યો. તેને રાજાની આજ્ઞાનુસારે શેઠે જમાડ્યો. વિશેષ કથા કલ્પસૂત્રથી જાણી લેવી. ૩

બીજો 'ગણાભિયોગ' નામે આગાર છે. ગણ એટલે માણસોનો સમુદાય, તેની જબરાઇથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

ત્રીજો 'બલાભિયોગ' નામે આગાર છે–બલ એટલે સૈન્ય. પોતાના રાજાનું સૈન્ય તે સ્વચક્ર અને બીજા કોઇ રાજાનું સૈન્ય તે પરચક્ર. તેમના જોરથી તથા ચોર વગેરેના જુલમથી જે કાંઇ કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

ચોથો 'દેવાભિયોગ' આગાર છે–ક્ષેત્રપાલ, ગોગો, આસપાલ, વિનાયક, ગ્રહદેવતા વગેરેના દબાણથી જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ.

પાંચમો 'ગુરુનિગ્રહ' આગાર છે. ગુરુ એટલે માતા, પિતા વગેરે વડેરા તે ગુરુસ્થાનકે કહેવાય. તેમના કહેવાથી કરવું પડે અથવા તેમનો પરાભવ થયે તેમને છોડાવવા જે કરવું પડે તેથી મિથ્યાત્વ લાગે નહિ. ૪

છઠ્ઠો 'ભીષણકાન્તારવૃત્તિ'નો આગાર છે. ભયંકર રોગચાળો થવાથી તથા દુકાળ વગેરે પડવાથી આજીવિકા દુર્લભ થઇ પડે, તે વખતે અન્ય રીતે આચાર કરતાં મિથ્યાત્વ લાગે નહિ. ઉપર દર્શાવેલા છ આગારને વિષે મૂળ નિયમથી વિપરીતપણે આચરણ કરતાં સમકિતને દૂષણ ન લાગે. ૫

---

## સમકિતની છ ભાવનાનું સ્વરૂપ

### ઢાળ ૧૧ મી

( પાંચ પોથી રે ઠવણી પાઠાં વિંટાંગણાં—એ દેશી. )

ભાવીજે રે સમકિત જેહથી રૂઅડું,
તે ભાવના રે ભાવો કરી મન પરવડું;
જો સમકિત રે તાજું સાજું મૂળ રે,
તો વ્રતતરુ રે દીએ શિવફળ અનુકૂળ રે. ૧

હરિગીત છંદ.

અનુકૂળ મૂળ રસાળ સમકિત, તેહ વિણ મતિ અંધ એ,
જે કરે કિરિયા ગર્વભરિયા, તેહ જૂઠો ધંધ એ;
એ પ્રથમ ભાવના ગુણે રૂડી, સુણો બીજી ભાવના,
બારણું સમકિત ધર્મપુરનું, એહવી તે પાવના. ૨

ઢાળ.

ત્રીજી ભાવના રે સમકિતપીઠ જો દૃઢ ગ્રહી,
તો મોટો રે ધર્મપ્રાસાદ ડગે નહીં;
પાયે ખોટે રે મોટે મંડાણ ન શોભીએ,
તેણે કારણે રે સમકિતશું ચિત્ત થોભીએ. ૩

હરિગીત છંદ

થોભીએ ચિત્ત નિત એમ ભાવી, ચોથી ભાવના ભાવીએ,
સમકિત નિધાન સમસ્ત ગુણનું, એહવું મન લાવીએ;

તે વિના છૂટાં રત્નસરિખા, મૂળ ઉત્તર ગુણ સવે,
કિમ રહે ? તાકે જેહ હરવા, ચોરજોર ભવે ભવે. ૪

ઢાળ.

ભાવો પંચમી રે ભાવના શમ દમ સાર રે,
પૃથ્વી પરે રે સમકિત તસ આધાર રે;
છટ્ઠી ભાવના રે સમકિતભાજન જો મળે,
શ્રુત શીલનો રે તો રસ તેહથી નવિ ઢળે. ૫

હરિગીત છંદ.

નવિ ઢળે સમકિતભાવના રસ, અમિય સમ સંવરતણો,
ષટ ભાવના એ કહી એહમાં, કરો આદર અતિ ઘણો;
ઇમ ભાવતાં પરમાર્થ જલનિધિ, હોય નિત્ય ઝકઝોલ એ,
ઘન પવન પુણ્ય પ્રમાણ પ્રગટે, ચિદાનંદ કલ્લોલ એ. ૬

હવે સમકિતની ષડ્વિધ ભાવના કહે છે:–જેથી ઉત્તમ સમકિત ભાવીએ તેને ભાવના કહે છે. તે ભાવના મન નિર્મળ કરીને ભાવો. જો સમકિતરૂપ મૂળ તાજું એટલે નવું અને અખંડિત હોય તો વ્રતરૂપી વૃક્ષ અનુકૂળપણે મોક્ષરૂપી ફળ આપે. ૧

શ્રેષ્ઠ અને રસવાળા એવા સમકિતરૂપ મૂળ વિના જે મૂર્ખ પ્રાણી ગર્વીષ્ઠ બની ક્રિયા કરે છે તેમનો ઉદ્યમ નિષ્ફળ અર્થાત્ મોક્ષપ્રાપ્તિને અર્થે થતો નથી. એ પ્રથમ ભાવના સર્વ પ્રકારે હિતકારી છે.

હવે બીજી ભાવના કહે છે તે સાંભળો. સમકિત તે ધર્મ-

રૂપ નગરનો દરવાજો છે. એટલે જેમ દરવાજામાં પેસીએ તો નગરમાં જવાય તેમ સમકિતની પ્રાપ્તિથી ધર્મપુરીમાં જવાય અર્થાત્ સમકિતથી જ સત્ય ધર્મની પ્રાપ્તિ થાય. ૨

હવે ત્રીજી ભાવના કહે છે. એ સમકિત પીઠ સમાન છે. જો સમકિતરૂપ પીઠ એટલે પાયો દૃઢ હોય તો ધર્મરૂપ મહેલ ડગે નહિ. કહ્યું છે કે ખોટે પાયે મોટું મંડાણ શોભતું નથી, તે માટે સમકિતમાં નિશ્ચળ રહેવું. ૩

એ રીતે ત્રીજી ભાવના ભાવી ચિત્તને સ્થિર રાખી ચોથી ભાવના ભાવવી. તેમાં મનમાં એવું વિચારવું કે સર્વ મૂળ તથા ઉત્તર ગુણનો ભંડાર સમકિત છે. એ સમકિતરૂપ ભંડાર ન હોય તો સર્વે મૂળ અને ઉત્તર ગુણ છૂટાં રત્નની પેઠે શી રીતે રહી શકે ? કેમકે તેને ચોરી લેવાને માટે રાગદ્વેષાદિ ચોરો ભવોભવ તાકી રહેલા હોય છે. ૪

હવે પાંચમી ઉત્તમ એવી **શમ દમ** સાર નામે ભાવના ભાવો. સર્વ વસ્તુને સહન કરનાર અને સર્વને આધારભૂત પૃથ્વીનીપેઠે સમકિત એ ધર્મના આધારભૂત છે તેનો સાર ઉપશમ ને ઇંદ્રિયદમન જ છે.

છટ્ઠી ભાવના એ છે કે સમકિતરૂપ ભાજન એટલે વાસણ જો મળે તો શ્રુત–સિદ્ધાંત તથા શીલનો રસ તેમાંથી ઢળી જાય નહિ; એટલે આગમની શૈલી તથા શીલને સમકિત ધારણ કરી શકે છે. ૫

સમકિતરૂપ ભાજન મળવાથી સમકિતની ભાવનાનો અને સંવરનો અમૃત સમાન રસ ઢળી જાય નહીં, ટકી રહે.

એ ઉપર પ્રમાણે છ ભાવનાઓ કહી. એમાં અતિશય

આદર કરવો જોઇએ એટલે તે ભાવનાઓ ઘણી વાર ભાવવી જોઇએ. એ છ ભાવનાઓનાં ટૂંકા નામ નીચે મુજબ:—

સમકિત મૂળ ભાવના ૧, સમકિત દ્વાર ભાવના ૨, સમકિત પીઠ ભાવના ૩, સમકિત નિધાન ભાવના ૪, સમકિત આધાર ભાવના ૫ અને સમકિત ભાજન ભાવના ૬—એમ છ ભાવના ભાવતાં ઉત્કૃષ્ટ અર્થરૂપી સમુદ્ર હમેશાં ઉલ્લસિત રહે. જેમ પવનથી મેઘ વિલય થાય અને સમુદ્રના કલ્લોલ ઉત્પન્ન થાય તેમ પ્રબળપુન્યરૂપી પવનથી, અનુકૂળ સામગ્રીના યોગે, કર્મબંધ વિલય પામે અને ચિદાનંદ જે આત્મજ્ઞાન તેના કલ્લોલ એટલે તરંગ ઉત્પન્ન થાય. ૬

---

## સમકિતના છ સ્થાનકનું સ્વરૂપ

### ઢાળ ૧૨ મી

( મંગળ આઠ કરી જસ આગળ—એ દેશી. )

ઠરે જિહાં સમકિત તે થાનક, તેહનાં ષટવિધ કહીએ રે,
તિહાં પહિલું થાનક તે ચેતન, લક્ષણ આતમ લહીએ રે;
ખીરનીર પરે પુદ્ગલમિશ્રિત, પણ એહથી છે અળગો રે,
અનુભવ હંસચંચુ જો લાગે, તો નવિ દીસે વળગો રે. ૧

બીજું થાનક નિત્ય આતમા, જે અનુભૂત સંભારે રે,
બાળકને સ્તનપાનવાસના, પૂરવ ભવ અનુસારે રે;
દેવ મનુજ નરકાદિક તેહના, છે અનિત્ય પર્યાયો રે,
દ્રવ્યથકી અવિચલિત અખંડિત, નિજ ગુણ આતમ-
રાયા રે. ૨

ત્રીજું સ્થાનક ચેતન કર્તા, કર્મતણે સંયોગે રે,
કુંભકાર જિમ કુંભતણો જગ, દંડાદિકસંયોગે રે;
નિશ્ચયથી નિજ ગુણનો કર્ત્તા, અનુપચરિત વ્યવહારે રે,
દ્રવ્યકર્મનો નગરાદિકનો, તે ઉપચાર પ્રકારે રે. ૩

ચોથું થાનક ચેતન ભોક્તા, પુણ્ય પાપ ફળકેરો રે,
વ્યવહારે નિશ્ચય નય દૃષ્ટે, ભુંજે નિજ ગુણ નેરો રે;
પાંચમું થાનક અછે પરમપદ, અચલ અનંતસુખ વાસો રે,
આધિ વ્યાધિ તન મનથી લહીએ, તસ અભાવે
સુખખાસો રે. ૪

છઠ્ઠું થાનક મોક્ષતણો છે, સંજમ જ્ઞાન ઉપાયો રે,
જો સહેજે લહીએ તો સઘળે, કારણ નિષ્ફળ થાયો રે;
કહે જ્ઞાનનય જ્ઞાન જ સાચું, તે વિણ જૂઠી કિરિયા રે,
ન લહે રૂપું રૂપું જાણી, સીપ ભણી જે ફરિયા રે. ૫

કહે કિરિયાનય કિરિયા વિણ જે, જ્ઞાન તેહ શું કરશે રે?
જલ પેસી કર પદ ન હલાવે, તારુ તે કિમ તરશે રે?
દૂષણ ભૂષણ છે ઇહાં બહોળાં, નય એકેકને વાદે રે,
સિદ્ધાંતી તે બેહુ પખ સાધે, જ્ઞાનવંત અપ્રમાદે રે. ૬

ઇણિ પરે સડસઠ બોલ વિચારી, જે સમકિત આરાહે રે,
રાગદ્વેષ ટાળી મન વાળી, તે સમસુખ અવગાહે રે;
જેહનું મન સમકિતમાં, નિશ્ચલ કોઇ નહીં તસ તોલે રે,
શ્રીનયવિજય વિબુધપયસેવક, વાચકજસ ઇમ બોલે રે. ૭

હવે સમકિતનાં છ સ્થાનક કહે છે—જે ઠેકાણે સમકિત ઠરે એટલે સ્થિર રહે તેને સ્થાનક કહીએ, તેના છ પ્રકાર છે. તેમાં પહેલું **ચેતન** સ્થાનક છે. તે આત્માનું લક્ષણ છે, એટલે આત્મા ચેતના લક્ષણવંત છે. આત્મા પુદ્ગલની સાથે દૂધ અને તેમાં નાખેલા પાણીની પેઠે મિશ્રિત થઇ ગયો છે, તેમ છતાં પણ તે એથી જુદો છે. જો અનુભવરૂપી હંસની ચાંચ લાગે તો તે આત્મારૂપી દૂધ પુદ્ગલરૂપી પાંણીની સાથે વળગી ન રહે; અર્થાત્ જેમ હંસ દૂધ પીને તેમાં રહેલું પાણી જૂદું કરે છે તેમ અનુભવ-જ્ઞાનથી આત્મા પુદ્ગલથી જુદો થઇ શકે છે. ૧

બીજું સ્થાનક આત્મા **નિત્ય** છે, કેમકે તે પહેલાં અનુભવેલી વસ્તુને યાદ કરે છે. તે એવી રીતે કે જેમ કોઇ બાળક જન્મ્યું કે તરત જ પોતાની માતાનું સ્તનપાન કરે છે એટલે ધાવે છે, તે એને કોણે શીખવ્યું ? એ વાસના તેને પૂર્વભવના અનુસારે પ્રાપ્ત થઇ જાણવી. આત્મા નિત્ય છે અને સંસારપરિભ્રમણમાં તે આત્માના પર્યાય જેવા કે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી એ અનિત્ય છે. તે દેવાદિકનું વિશેષ વિવરણ નીચે લખીએ છીએ—

દેવતાના ચાર મુખ્ય ભેદ છે: ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક.

મનુષ્ય : ૫ ભરત, ૫ ઐરવત, ૫ મહાવિદેહ—એ પંદર કર્મભૂમિ. ૫ હૈમવંત, ૫ ઐરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ—એ ત્રીશ અકર્મભૂમિ. અને છપ્પન અંતરદ્વીપ એ રીતે ૧૦૧ મનુષ્યનાં ક્ષેત્ર છે. તે જ તેના ભેદ છે.

નરક સાત છે, તે જ તેના ભેદ છે. તેનાં નામ : રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા.

તિર્યંચના મુખ્ય પાંચ ભેદ છે. ૧ એકેંદ્રિય, ૨ બેઇંદ્રિય, ૩ તેઇંદ્રિય, ૪ ચૌરેંદ્રિય અને ૫ પંચેંદ્રિય. તિર્યંચ પંચેંદ્રિયના પાંચ ભેદ છે: જલચર, સ્થલચર, ખેચર, ઉરઃપરિસર્પ, ભુજપરિસર્પ.

એ રીતે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકના ભેદ પ્રભેદ એ આત્માના અશુદ્ધ પર્યાય સમજવા. એ પર્યાય અનિત્ય છે. એટલે કોઇ મનુષ્ય મરીને દેવ થયો તે વખતે તેનો મનુષ્યનો પર્યાય બદલાઇને દેવનો થયો, માટે પર્યાય અનિત્ય છે, પરંતુ એ મનુષ્યનો આત્મા દ્રવ્યથકી બદલાતો નથી તેથી નિત્ય છે, આત્મરાજા પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણે અવિચલિત અને અખંડિત છે. ૨

ત્રીજું સ્થાનક ચેતન **કર્ત્તા** છે. જેમ કુંભાર દંડ ચક્રાદિકના સંયોગવડે ઘડાનો કર્ત્તા છે તેમ ચેતન એટલે આત્મા મન, વચન, કાયાના યોગવડે જ્ઞાનાવરણીયાદિક કર્મનો કર્ત્તા છે. અને નિશ્ચયથી અનુપચરિત શુદ્ધ વ્યવહારે પોતાના જ્ઞાનદર્શન-ચારિત્રાદિક ગુણોનો કર્ત્તા છે અને ઉપચારથી જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારના દ્રવ્યકર્મનો અને નગર–શહેર વગેરેનો કર્ત્તા છે. ૩

ચોથું સ્થાનક જીવ **ભોકતા** છે–જીવ વ્યવહારનયના મતે પુણ્ય અને પાપના ફળનો ભોગવનાર છે પણ નિશ્ચયનયની દૃષ્ટિએ જોતાં તે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનો જ ભોક્તા છે.

સમકિતનું પાંચમું સ્થાનક પરમ પદ એટલે **મોક્ષપદ** તે છે. જે ઠેકાણે નિશ્ચલ અને અનંત સુખનો વાસ છે; શરીરની વ્યાધિ એટલે રોગાદિક અને આધિ એટલે મનની પીડા ઉત્પન્ન થાય છે તે શરીર અને મનનો અભાવ જેને વિષે છે એવા મોક્ષને વિષે સર્વોત્તમ સુખ છે. ૪

સમકિતનું છઠ્ઠું સ્થાનક મોક્ષ પ્રાપ્ત કરવાના **ઉપાય** છે તેને લગતું છે. ઉપાય સંયમની ક્રિયા અને જ્ઞાન એ બે છે. **यदुक्तं सूत्रे-ज्ञानक्रियाभ्यां मोक्षः** જ્ઞાન અને ક્રિયા એ બેવડે મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષ જો પ્રયાસ વિના સહેજે મળતું હોય તો બીજાં બધાં કારણ નિષ્ફળ થાય, પરંતુ કારણ વિના કાર્ય બનતું જ નથી માટે જ્ઞાન અને ક્રિયારૂપ કારણોવડે મોક્ષરૂપ કાર્ય બને છે. જ્ઞાનવાદીઓ એવું કહે છે કે–જ્ઞાન જ સાચું છે, તે વિના બધી ક્રિયા જૂઠી છે; જેમ કોઇ અજ્ઞાની માણસ રૂપાનું જ્ઞાન ન હોવાથી સાચા રૂપાને પડતું મૂકી છીપને લેવા જાય છે તેમ. ૫.

ક્રિયાવાદી એમ કહે છે કે–ક્રિયા વિના એકલું જ્ઞાન શું કરી શકે ? પાણીમાં પેસીને તરવાનું જ્ઞાન છતાં પણ જો તારુ (તરિયો) હાથપગને હલાવે નહિ તો તે શી રીતે તરી શકે ? માટે જ્ઞાન અને ક્રિયા બેથી જ કાર્યસિદ્ધિ થાય છે. એકેક નયને વાદે ગુણ દોષ ઘણા છે, પણ જ્ઞાનવંત એવા સિદ્ધાંતના જાણ સ્યાદ્વાદમતિ તે જ્ઞાનનય અને ક્રિયાનય બન્નેને પ્રમાદરહિતપણે સાધે છે; કેમકે એકલા જ જ્ઞાનથી તેમ જ એકલી ક્રિયાથી કંઇ કાર્ય બનતું નથી. કહ્યું છે કે—

**हयं नाणं क्रियाहीणं, हया अन्नाणओ किया ।**
**पिरकंतो पंगुलो दड्ढो, धावमाणो अ अंधलो ॥ १ ॥**

**શબ્દાર્થ**—ક્રિયા રહિત એવું જ્ઞાન તે નાશ પામે છે અને જ્ઞાન રહિત એવી ક્રિયા નાશ પામે છે. જેમ દેખતો એવો પાંગળો માણસ જોતાં છતાં અગ્નિથી બળી ગયો અને દોડતો એવો આંધળો માણસ પણ અગ્નિથી બળી ગયો.

**ભાવાર્થ**:—જ્ઞાન હોય પણ ક્રિયા ન કરે તે અને ક્રિયા કરતો હોય પણ અજ્ઞાની હોય તે બંનેથી કાર્યસિદ્ધિ થતી નથી. જેમ કોઇ એક વનમાં દાવાનળ લાગ્યો. ત્યાં એક આંધળો હતો અને એક પાંગળો માણસ હતો. આંધળા માણસને ખબર પડવાથી દોડમદોડ કરવાથી દાઝવા લાગ્યો અને પાંગળો માણસ જો કે અગ્નિને દેખતો હતો તો પણ તેનાથી બચવાને રસ્તે નાશી છુટાતું નહોતું તેથી તે પણ દાઝવા લાગ્યો. પછી તે પાંગળા માણસે આંધળા માણસને નજીક બોલાવીને કહ્યું–' તું મને ખાંધે બેસાડ, હું તને રસ્તો બતાવું. તે રસ્તે ચાલીશ તો આપણે બન્ને બચશું.' તે તેણે માન્યું અને તેમ કરવાથી બન્ને બચ્યા. આ ઉપરથી એવું સિદ્ધ થયું કે દેખતો પાંગળો માણસ તે જ્ઞાનવાન સમજવો અને દોડતો આંધળો માણસ તે ક્રિયાવાન સમજવો. તે બન્ને મળ્યા ત્યારે દાવાનળમાંથી બચીને ઇચ્છિત સ્થાને પહોંચ્યા. ૬

એ પ્રમાણે સમકિતના સડસઠ બોલ વિચારી જે સમકિતને આરાધે એટલે સેવે અને રાગદ્વેષનો ત્યાગ કરીને મનને જ્ઞાનરૂપ અંકુશવડે વાળી વશ કરે, તે અનુપમ એવા સમતારૂપી સુખનો અનુભવ કરે. જેનું મન સમકિતમાં દૃઢ છે તેની બરાબર કોઇ નથી, એવું પંડિત શ્રી નયવિજયજી મહારાજનાં ચરણકમળના ઉપાસક ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** કહે છે. ૭

**ઇતિ શ્રી સમકિતના સડસઠ બોલની સજ્ઝાય અર્થ સહિત સંપૂર્ણ.**

# સમકિતના સડસઠ બોલની ટૂંક નોંધ.

'**ચાર સદ્દહણા**'—૧ પરમાર્થસંસ્તવ–જીવાદિક તત્ત્વનું જાણપણું.

૨ પરમાર્થજ્ઞાતૃસેવન-પરમાર્થના જાણનાર જ્ઞાની ગુરુની સેવા.

૩ વ્યાપન્નદર્શનવર્જન-હીનાચારી એવા કુગુરુનો સંગ તજવો.

૪ કુદર્શનસંસ્તવવર્જન–મિથ્યાદર્શનીનો પરિચય તજવો.

'**ત્રણ લિંગ**'-૧ શુશ્રૂષા–ધર્મ સાંભળવાની અભિરુચિ.

૨ ધર્મરાગ–ભૂખ્યા અને અટવી ઉતરીને બહાર આવેલા બ્રાહ્મણને સારાં ઘેબર મળતાં તેને જેવી ખાવાની ઇચ્છા થાય તેવી ધર્મ મેળવવાની ઇચ્છા.

૩ વૈયાવચ્ચ–દેવગુરુની ભક્તિ–બહુમાનાદિ કરવું તે.

**દશ પ્રકારનો વિનય**-૧ અરિહંત દેવનો, ૨ સિદ્ધ ભગવાનનો, ૩ જિનચૈત્યનો, ૪ શ્રુત–સિદ્ધાંતનો, ૫ યતિધર્મનો, ૬ સાધુવર્ગનો, ૭ આચાર્યમહારાજનો, ૮ ઉપાધ્યાયજીનો, ૯ પ્રવચન–સંઘનો અને ૧૦ સમ્યગ્દર્શન–સમકિતનો.

**ત્રણ શુદ્ધિ**–૧ મનઃશુદ્ધિ, ૨ વચનશુદ્ધિ અને ૩ કાયશુદ્ધિ.

**પાંચ દૂષણ**–૧ શંકા–જિનવચનમાં શંકા, ૨ કાંક્ષા–પરમતની વાંચ્છા, ૩ વિચિકિત્સા–ધર્મના ફળનો સંદેહ, ૪ મિથ્યાત્વીની પ્રશંસા અને ૫ મિથ્યામતિનો પરિચય.

**આઠ પ્રભાવક**–૧ શાસ્ત્રપારગામી, ૨ અપૂર્વ ધર્મોપદેશક, ૩ પરવાદીને નિરુત્તર કરનાર વાદી, ૪ નૈમિત્તિક, ૫ તપસ્વી, ૬ મંત્ર અને વિદ્યામાં પ્રવીણ, ૭ સિદ્ધિસંપન્ન અને ૮ શ્રેષ્ઠ કવિતા કરનાર.

**પાંચ ભૂષણ**–૧ જિનશાસનમાં કુશળતા, ૨ જિનશાસનની પ્રભાવના, ૩ તીર્થસેવા, ૪ ધર્મમાં નિશ્ચળતા અને ૫ શુદ્ધ દેવગુરુની ભક્તિ.

**પાંચ લક્ષણ**–૧ ઉપશમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા અને ૫ આસ્તિકય.

**છ યતના**–૧ પરતીર્થિકાદિને વંદન, ૨ નમસ્કરણ, ૩ કુપાત્રમાં પાત્રની બુદ્ધિએ ભક્તિપૂર્વક દાન દેવું તે, ૪ અનુપ્રદાન–વારંવાર દાન આપવું તે, ૫ આલાપન, ૬ સંલાપન–આ છ પ્રકારે જયણા પાળવાથી–પરતીર્થીને વંદનાદિ નહિ કરવાથી સમકિત શોભે છે.

**છ આગાર**–૧ રાજાભિયોગ, ૨ ગણાભિયોગ, ૩ બલાભિયોગ, ૪ દેવાભિયોગ, ૫ કાંતારવૃત્તિ–આજીવિકાને અંગે અણધારી મોટી આપત્તિ આવી પડ્યે નિત્યનિયમવિરુદ્ધ કરવું પડે તે, ૬ ગુરુનિગ્રહ–વડીલના ઉપરોધથી પ્રતિજ્ઞાવિરુદ્ધ કરવું પડે તે.

**છ ભાવના**–સમકિતને ૧ ધર્મવૃક્ષનું મૂળ, ૨ ધર્મનગરનું દ્વાર, ૩ ધર્મમંદિરનો પાયો, ૪ ધર્મનો આધાર, ૫ ધર્મનું ભાજન અને ૬ ધર્મનો નિધિ માને.

**છ સ્થાન**–૧ જીવ છે, ૨ જીવ નિત્ય છે, ૩ જીવ કર્મનો કર્ત્તા છે, ૪ જીવ કર્મનો ભોક્તા છે, ૫ મોક્ષ છે, ૬ મોક્ષપ્રાપ્તિના ઉપાય પણ છે. સમ્યગ્દર્શન[1], સમ્યગ્જ્ઞાન[2] અને સમ્યક્ચારિત્ર[3] એ મોક્ષ મેળવવાના અવંધ્ય ઉપાય છે.

આ ૬૭ પૈકી પ્રથમના ૬૧ બોલ વ્યવહારસમકિતના છે અને છેલ્લા ૬ બોલ નિશ્ચયસમકિતના છે.

---

૧ આ ઉપર બતાવેલા ભેદોવાળું સમકિત. ૨ નિર્મળ બોધ. ૩ સદ્વર્તન, શીલસંતોષાદિ સદાચારસેવન, અહિંસાદિ મહાવ્રતપાલન.

## શ્રી ભગવતી સૂત્રની સજ્ઝાય

અંગ પાંચમું સાંભળો તુમે, ભગવઇ નામે ચંગો રે; પૂજા કરો ને પ્રભાવના, આણી મનમાંહિ દઢ રંગો રે ॥ **સુગુણ સનેહી સાજના !** ॥૧॥ તુમે માનો ને બોલ અમારો રે; હિતકારી જે હિત કહે, તે તો જાણીજે મન પ્યારો રે ॥ સુગુણ૦ ॥ ૨ ॥ બ્રહ્મચારી ભૂંએ સૂએ, કરે એકાસણું તિવિહારો રે; પડિક્કમણાં દોઇ વારનાં, કરે સચિત્તતણો પરિહારો રે ॥ સુગુણ૦ ॥ ૩ ॥ દેવ વાંદે ત્રણ ટંકના, વળી કઠિણ વચન નવિ બોલે રે; પાપસ્થાનક શકતે ત્યજે, ધર્મીશું હઇડું ખોલે રે ॥ સુગુણ૦ ॥ ૪ ॥ કીજે સૂત્ર આરાધના, કાઉસ્સગ્ગ લોગસ્સ પણવીસો રે; જપીએ ભગવઇ નામની, નોકારવાળી વળી વીસો રે ॥ સુગુણ૦ ॥ ૫ ॥ જે દિને એહ મંડાવીએ, ગુરુભક્તિ તે દિવસે વિશેખે રે; કીજે વળી પૂરે થયે, ઉત્સવ જિમ બહુજન દેખે રે ॥ સુગુણ૦ ॥ ૬ ॥ ભક્તિ સાધુ–સાહમીતણી, વળી રાતિજગા સુવિવેકો રે; લખમી લાહો અતિ ઘણો, વળી ગૌતમ નામ અનેકો રે ॥ સુગુણ૦ ॥ ૭ ॥ ત્રણ નામ છે એહનાં, પહિલું તિહાં પંચમ અંગો રે; વિવાહપન્નત્તિ બીજું ભલું, ત્રીજું ભગવઈ સૂત્ર સુરંગો રે ॥ સુગુણ૦ ॥ ૮ ॥ એક સુયખંધ એહનો વળી, ઇગચાળીશ શતક સુહાયા રે; ઉદ્દેશા તિહાં અતિઘણા, ગમ–ભંગ અનંત કહાયા રે. ॥ સુગુણ૦ ॥ ૯ ॥ ગૌતમ પૂછે પ્રભુ કહે, તે તો નામ સુણે સુખ હોય રે; સહસ છત્તીસ તે નામની, પૂજા કીજે વિધિ જોય રે ॥ સુગુણ૦ ॥૧૦॥ મંડપગિરિ વિવહારિયા, જયો ધન્ય સોની સંગ્રામ રે; જિણે સોનૈયે પૂજીયાં, શ્રી ગુરુ ગૌતમ નામ રે ॥ સુગુણ૦ ॥ ૧૧ ॥ પુસ્તક સોનાને

અક્ષરે, તે તો દીસે ઘણા ભંડારે રે; કલ્યાણે કલ્યાણનો હોયે, અનુબંધ અતિ વિસ્તારે રે ॥ સુગુણ૦ ॥ ૧૨ ॥ સફળ મનોરથ જસ હોયે, તે પૂણ્યવંતમાં પૂરો રે; ઉમાહી અલગો રહે, તે તો પૂણ્યથકી અધૂરો રે ॥ સુગુણ૦ ॥ ૧૩ ॥ સૂત્ર સાંભળીએ ભગવતી, લીજે લખમીનો લાહો રે; ભાવ ભૂષણમાં ધારીએ, સદ્દહણા ઉચ્છાહો રે ॥ સુગુણ૦ ॥ ૧૪ ॥ ઉત્કૃષ્ટી આરાધના ભગવઈ, સુણતાં શિવસુખ લહીએ રે; ત્રીજે ભવ વાચક **જસ** કહે, ઇમ ભાખ્યું તે સદ્દહીએ રે ॥ સુગુણ૦ ॥ ૧૫ ॥ ઇતિ

### સ્થાપનાચાર્ય સ્વરૂપ-ગુણદોષવિચારદર્શક

## સ્થાપના કલ્પ સ્વાધ્યાય

( મુનિસુવ્રત જિન વંદતા—એ દેશી. )

પૂર્વ નવમાથી ઉદ્ધરી, જિમ ભાખે **શ્રીભદ્રબાહુ રે; સ્થાપના કલ્પ** અમે કહું, તિમ ( તમે ) સાંભળજો સહુ સાહુ રે ॥ તિમ ( તમે ) સાંભળજો સહુ સાહુ, પરમ ગુરુ વયણડે મન દીજે રે; મન દીજે પરમ ગુરુ વયણડે, તો શિવ સુરલતા ફળ લીજે રે ॥ એ આંકણી ॥ ૧ ॥ **લાલ વર્ણ** જેહ સ્થાપના—માંહિ રેખા શ્યામ તે જોય રે; આયુ જ્ઞાન બહુ સૂરિ વદે, તે તો નીલકંઠ સમ હોય રે ॥ તે તો૦ ॥ પરમ૦ ॥ ૨ ॥ **પીત વર્ણ** જેહ સ્થાપના—માંહિ દિસે બિન્દુ તે શ્વેત રે; તેહ પ્રક્ષાલી પાઇએ, સવિ રોગ વિલયનો હેત રે ॥ સવિ૦ ॥ પરમ૦ ॥ ૩ ॥ **શ્વેત વર્ણ** જેહ સ્થાપના—માંહિ પીતબિન્દુ તસ નીર રે; નયન રોગ છાંટે ટળે, પીતાં શૂળ શરીર રે ॥ ॥ પીતાં૦ ॥ પરમ૦ ॥ ૪ ॥ **નીલ વર્ણ** જેહ સ્થાપના—માંહિ પીળા બિન્દુ તે સાર રે; તેહ પ્રક્ષાલી પાઇએ,

હોય અહિવિષનો ઉત્તાર રે ॥ હોય૦ ॥ પરમ૦ ॥ ૫ ॥ ટાળે રોગ વિસૂચિકા, ઘૃત લાભ દીએ **ઘૃત વર્ણ** રે; **રક્ત વર્ણ** પાસે રહ્યો, મોહે માનિનીકેરા મન રે ॥ મોહે૦ ॥ પરમ૦ ॥ ૬ ॥ **શુદ્ધ શ્વેત** જે સ્થાપના–માંહિ દિસે રાતી રેખ રે; ડંક-થકી વિષ ઊતરે, વળી સીઝે કાર્ય અશેષ રે ॥ વળી૦ ॥ પરમ૦ ॥ ૭ ॥ **અર્ધ રક્ત** જે સ્થાપના, વળી **અર્ધ પીત** પરિપુષ્ટ રે; તેહ પ્રક્ષાલી છાંટીએ, હરે અક્ષિરોગ ને કુષ્ઠ રે ॥ હરે૦ ॥ પરમ૦ ॥ ૮ ॥ **જંબૂ વર્ણ** જેહ સ્થાપના–માંહિ સર્વ વર્ણના બિન્દુ રે; સર્વ સિદ્ધિ તેહથી હોવે, મોહે નરનારીના વૃંદ રે ॥ મોહે૦ ॥ પરમ૦ ॥ ૯ ॥ **જાતિપુષ્પ સમ** સ્થાપના, સુતવંશ વધારે તેહ રે; મયૂરપિચ્છ સમ સ્થાપના, વંછિત દ્યે નવિ સન્દેહ રે ॥ વંછિત૦ ॥ પરમ૦ ॥ ૧૦ ॥ સિદ્ધિ કરે ભય અપહરે, પારદ સમ બિન્દુ તે શ્યામ રે; ભૂષા સમ જેહ સ્થાપના, તે ટાળે અહિવિષ ઠામ રે. ॥ તે ટાળે૦ ॥ પરમ૦ ॥ ૧૧ ॥ **એક આવર્તે** બળ દિયે, **બિહુ** આવર્તે સુખભંગ રે; **ત્રિહું** આવર્તે માન દિયે, **ચિહું** આવર્તે નહિં રંગ રે. ॥ ચિહું૦ ॥ પરમ૦ ॥ ૧૨ ॥ **પંચ** આવર્તે ભય હરે, **છહિ** આવર્તે દિયે રોગ રે; **સાત** આવર્તે સુખ કરે, વળી ટાળે સઘળા શોક રે. ॥ વળી૦ ॥ પરમ૦ ॥ ૧૩ ॥ વિષમાવર્તે ફળ ભલું, સમ આવર્તે ફળહીન રે; ધર્મ નાશ હોય છેદથી, એમ ભાખે તત્ત્વપ્રવીણ રે. ॥ એમ૦ ॥ પરમ૦ ॥ ૧૪ ॥ જેહ જેહ વસ્તુમાં સ્થાપીએ, દક્ષિણ આવર્તે તેહ રે; તેહ અખૂટ સઘળું હોવે, ઇમ જાણીજે ગુણગેહ રે ॥ કહે વાચક **જસ** ગુણ ગેહ રે. ॥ કહે૦ ॥ પરમ૦ ॥ ૧૫ ॥ ઇતિ.

## સંયમશ્રેણિ વિચાર સ્વાધ્યાય

### ઢાળ ૧ લી.

પ્રણમી શ્રી ગુરુના ચરણામ્બુજ, સમરી શારદ માત; સંયમશ્રેણિ વિચાર કહીશું, સુણજો તે અવદાત ॥ ભાવ ગંભીર ઘણા જે શ્રુતમાં, તે સુણતાં ભવિ પ્રાણી; સદ્દહણા અનુમોદન ગુણથી, લહે મુક્તિ પટરાણી ॥ ૧ ॥ સર્વાકાશ-પ્રદેશથકી પણ, અનન્ત ગુણ અવિભાગ; સર્વ જઘન્ય સંયમસ્થાનમાં, દેખે શ્રી વીતરાગ ॥ બીજું સ્થાન અનન્તે ભાગે, હોય પ્રથમથી વૃદ્ધ; અંગુળ ક્ષેત્ર અસંખ્ય ભાગ ગત, અંશ સમાને સિદ્ધ. ॥ ૨ ॥ તેતાં સ્થાનક કંડક કહીએ, બીજે કંડકે ઠાણી; પહિલી વૃદ્ધિ અસંખ્ય ભાગની, ચરણ અંશની જાણી ॥ આગે કંડકમાન અનન્તે, ભાગે વૃદ્ધિ કહીજે; વળતું બીજું સ્થાન અસંખ્યે, ભાગે વૃદ્ધિ લહીજે. ॥ ૩ ॥ ભાગ અનન્ત વૃદ્ધિ કંડક જે, અન્તર કંડક માન; એમ અસંખ્ય ભાગે જે વધ્યા, તેહ કહે વરજ્ઞાન ॥ ચરમ અસંખ્ય ભાગ કંડકથી, અનન્તે ભાગે વૃદ્ધ; કંડક માત્ર ગયે સંખ્યાતે, ભાગે વૃદ્ધિ એક લદ્ધ. ॥ ૪ ॥ વળતું મૂળથકી જે સંયમ-સ્થાન સર્વ તે ભાખો; સ્થાન ભાગ સંખ્યાતે વાધ્યું, બીજું મનમાં રાખો ॥ બીજી વૃદ્ધિ કહી એમ કંડક, માન સ્થાનશું પૂરી; ત્રીજી વૃદ્ધિ સંખ્યાત ભાગની, ધારો સંયમ ચૂરી. ॥ ૫ ॥ થયાં થયાં તે સ્થાનક અન્તર, ચોથી પંચમી છઠ્ઠી; કંડક માન સ્થાન થયે પૂરે, વૃદ્ધિ જિનવર દીઠી ॥ છેલ્લે કંડક પૂર્ણ થયે વળી, પંચવૃદ્ધિનાં સ્થાન; મૂળથકી કહીએ નહિ બીજું, પૂર્ણ થયા ષટ્ સ્થાન. ॥ ૬ ॥ ઉપર પણ ષટ્સ્થાનકો છે, અસંખ્ય લોકાકાશ; અંશ પ્રમાણ સમગ્ર તે

કહીએ, સંયમશ્રેણિ પ્રકાશ ॥ એહમાંહિ વર્તે જે સંયત, વંદનિક તે હોય; બીજો વંદનિક ભજનાએ, ભાષ્ય કલ્પનું જોય. ॥ ૭ ॥

ઢાળ ૨ જી.

હવે સ્થાન પ્રરૂપણા, કહું સુણજો તમે શ્રોતા રે; પ્રથમ નિરંતર માર્ગણા, મત ભૂલો તુમ્હે જોતા રે ॥ ૧ ॥ આગમવચનમાં સ્થિર રહો ॥ એ આંકણી ॥ આદિ અસંખ્ય અંશ વૃદ્ધિથી, વૃદ્ધિ અનંત અંશ કેતા રે; હેઠે સ્થાનક એમ પૂછતાં, કહીએ કંડક તેતા રે ॥ ૨ ॥ આગમ૦ ॥ ઉત્તર ઉત્તર વૃદ્ધિના, ધૂરથી હેઠલા સ્થાનો રે; એમ નિરંતર માર્ગણા, કંડક માત્ર તે જાણો રે. ॥ ૩ ॥ આગમ૦ ॥ અંશ અસંખ્યાતે જે વૃદ્ધિ છે, પહેલું સ્થાનક તેહથી રે; ભાગ અનંત વૃદ્ધિ કેટલાં, હેઠે સ્થાનક કહો મુહથી રે. ॥ ૪ ॥ આગમ૦ ॥ કંડક વર્ગ તે ભાખીએ, ઉપર કંડક એકો રે; એમ એકાન્તર માર્ગણા, આગળ પણ સુવિવેકો રે. ॥ ૫ ॥ આગમ૦ ॥ દ્વયન્તરાદિક માર્ગણા, એમ નિજ બુદ્ધિ વિચારો રે; પર્યવસાનની માર્ગણા, ષટ્ સ્થાનક થયે ધારો રે. ॥ ૬ ॥ આગમ૦ ॥ એહ સંયમશ્રેણિ પડિવજે, કોઇ ઉપર કોઇ હેઠો રે; હેઠલથી ચઢે જેહ તે, નિશ્ચય શિવગૃહ પેઠો રે. ॥ ૭ ॥ આગમ૦ ॥ ભરત ભૂપતિ જેમ કેવળી, ધૂરથી સંયમ ફરસી રે; ઉપર મધ્યમે જે ચઢ્યો, નિયમા હેઠે ઊતરસી રે ॥ ૮ ॥ આગમ૦ ॥. અંતર્મુહૂર્તની જાણવી, વૃદ્ધિ ને વળી હાનિ રે; એહ પ્રરૂપણા ગુરુ કહી, વૃદ્ધિ દ્વારની જાણી રે ॥ ૯ ॥ આગમ૦ ॥

કલશ

ઢાળ ૩ જી.

( મેં થુણીયો રે પ્રભુ તું સુરપતિ જ્યું થુણીયો—એ દેશી. )

પાયો પાયો રે ભલે મેં **જિનશાસન** પાયો ॥ એ ટેક ॥

અલ્પ-બહુત્વ દ્વારે સંયમ-શ્રેણિ વિચાર સુહાયો; સ્તોક અસંખ્યગુણા ઉત્ક્રમથી, સ્થાનક ષટ્ એહ ન્યાયો રે ॥ ૧ ॥ ભલેં૦ ॥ ઉત્તર ઉત્તરથકી અનંતર, અસંખ્ય ગુણહ બઢાયો; તે કંડક સંમિત ગુણકારે, અધિક કંડક એક આયો રે ॥ ૨ ॥ ભલેં૦ ॥ જીવપદ પ્રતિબદ્ધ માર્ગણા, તે પ્રકાર ન કહાયો; **દૃષ્ટિવાદે** છે વિસ્તર તેહનો, હમણાં નહિ સંપ્રદાયો રે ॥ ૩ ॥ ભલેં૦ ॥ મંદબુદ્ધિ ને સૂક્ષ્મ વિચારે, ચિત્તે ન ચમકો ભાયો ॥ **ગીતારથ વચને** સ્થિર રહેવું, સમ્યક્ત્વ શુદ્ધિ ઉપાયો રે ॥ ૪ ॥ ભલેં૦ ॥ વીતરાગ આણા સિંહાસન, પુણ્ય પ્રકૃતિનો પાયો ॥ **વાચક યશવિજયે** એ અર્થહ, ધર્મધ્યાનમાં ધ્યાયો રે ॥ ૫ ॥ ભલેં૦ ॥ ઇતિ

## સામાન્ય જિન-સ્તવન

### પ્રભુ દર્શનથી પરમાનંદ.

આજ આનંદ ભયો, પ્રભુકો દર્શન લહ્યો;
રોમ રોમ શીતલ ભયો, પ્રભુ ચિત્ત આયો હે. આજ૦૧

મનહુંતે ધ્યાયા તોહે, ચલકે આયા મન-માંહે;
ચરણ-કમલ તેરો, મનમેં ઠહરાયો હે. આજ૦૨

અકલ અરૂપી તૂંહી, અકલ અમૂરતિ યોહી;
નિરખ નિરખ તેરો, સુમતિશું મિલાયો હે. આજ૦૩

સુમતિ સ્વરૂપ તેરો, રંગ ભયો એક અનેરો;
વોઇ રંગ આત્મપ્રદેશે, **સુજસ** રંગાયો હે. આજ૦૪

# સુગુરુની સજ્ઝાય.

## ઢાળ પહેલી.

( ઋષભનો વંશ રયણાયરુ-એ દેશી. )

સદ્‌ગુરુ એહવા સેવીએ, જે સંયમ ગુણ રાતા રે;
નિજ સમ જગ જન જાણતા, વીર વચનને ધ્યાતા રે.
સદ્‌ગુરુ એહવા સેવીએ-એ આંકણી. ૧

ચાર કષાયને પરિહરે, સાચું શુભમતિ ભાખે રે;
સંજમવંત અકિંચના, સંનિધિ કાંઇ ન રાખે રે. સ૦ ૨
આણિય ભોજન સૂઝતું, સાહમીને દેઇ ભુંજે રે;
કલહ-કથા સવિ પરિહરે, શ્રુત સજ્ઝાય પ્રયુંજે રે. સ૦ ૩
કંટક ગ્રામ નગરતણા, સમ સુખ દુઃખ અહિઆસે રે;
નિરભય હૃદય સદા કરે, બહુવિધ તપ સુવિલાસે રે. સ૦ ૪
મેહ મેદિની પરિ સવિ સહે, કાઉસગ્ગે પરિતાપો રે;
ખમિય પરિસહ ઉદ્ધરે, જાતિ મરણ ભય વ્યાપો રે. સ૦ ૫
કરે ક્રમ વચન સુસંયતા, અધ્યાતમ ગુણ લીના રે;
વિષય વિભૂતિ ન અભિલખે, સૂત્ર અરથ રસ પીના રે. સ૦ ૬
'એહ કુશીલ' ન ઇમ કહે, જેહથી પરજન રૂસે રે;
જાતિમદાદિક પરિહરી, ધર્મધ્યાન વિભૂસે રે. સ૦ ૭
આપ રહી વ્રત ધર્મમાં, પરને ધર્મમાં થાપે રે;
સર્વ કુશીલ લક્ષણ તજી, બંધન ભવતણા કાપે રે. સ૦ ૮
અધ્યયને કહ્યા ગુણ ઘણા, દશવૈકાલિક દશમે રે;
કંચનપરે તેહ પરખીએ, એ કાળે પણિ વિસમે રે. સ૦ ૯

## ઢાળ બીજી.

( ચોપાઈ. )

ઉત્તરાધ્યયને કહિયો તે તણો, મારગ તે હવે ભવિયણ ! સુણો;
હિંસા અલિય અદત્ત અબંભ, છાંડે પુન[1] પરિગ્રહ આરંભ. ૧૦
ધૂપ પુષ્પ વાસિત ઘર ચિત્ર, મને ન વંછે પરમ પવિત્ર;
જિહાં રહે ત્યાં ઇંદ્રિય સવિકાર, કામ હેતુ હોવે ઈણિ વાર. ૧૧
સ્ત્રી–પશુ–પંડકવર્જિત ધામ, પ્રાસુક વાસ કરે અભિરામ;
ઘર ન કરે કરાવે સદા, ત્રસ થાવર વધ જિહાં છે સદા. ૧૨
અન્ન પાન ન પચાવે પચે, પચતું દેખી નવી મન રુચે;
ધાન–નીર–પૃથ્વી–તૃણપાત, નિશ્ચિત જીવતણો જિહાં ઘાત. ૧૩
દીપ અગની દીપાવે નહિ, શસ્ત્ર ષટ્ધારુ[2] તે સહી;
કંચન તૃણ સમવડ મન ધરે, ક્રય વિક્રય કદીએ નવિ કરે. ૧૪
ખરીદદાર ક્રય કરતો કહ્યો, વિક્રય કરતો વળી વાણિયો;
ક્રયવિક્રયમાં વર્તે જેહ, ભિક્ષુભાવ નવિ પામે તેહ. ૧૫
ક્રયવિક્રયમાં બહુલી હાણિ, ભિક્ષા વૃત્તિ મહાગુણખાણી;
ઈમ જાણી આગમ અનુસરી, મુનિ સમુદાન કરે ગોચરી. ૧૬
રસ લાલચ ન કરે ગુણવંત, રસ અર્થે નવિ ભુંજે દંત;
સંયમ જીવિત–રક્ષા હેત, સંતોષી મુનિ ભોજન લેત. ૧૭
અર્ચન–રચના પ્રજા–નતિ,[3] નવિ વંછે શુભધ્યાની યતિ;
કરી મહાવ્રત–આરાધના, કેવલજ્ઞાન લહે શુભ મના. ૧૮

---

૧. પુનઃ વળી. ૨. ૭ ધારવાળું. ૩. પ્રજાના નમસ્કાર.

## ઢાળ ત્રીજી.

( શ્રી સીમંધર જિન ત્રિભુવનભાણુ–એ દેશી. )

મારગ સાધુતણો છે ભાવે, દર્શન જ્ઞાન ચારિત્ર સ્વભાવે;
ચરકાદિક આચાર કુપંથ, પાસત્થાદિકનો નિજ યૂથ. ૧૯
આધાકર્માદિક જે સેવે, કાળહાનિમુખ[1] દૂષણ દેવે;
જિનમારગ છોડી ભવકામી, થાપે કુમત કુમારગગામી. ૨૦
મારગ એક અહિંસારૂપ, જેહથી ઉત્તરીએ ભવકૂપ;
સર્વ યુક્તિથી એહજ જાણો, એહજ સાર સમય[2] મન આણો. ૨૧
ઉરધ–અધ–ત્રિચ્છા જે પ્રાણી, ત્રસ–થાવર તે ન હણે નાણી;
એષણ દોષ ત્યજે ઉદ્દેશી, કીધું અન્ન ન લિયે શુભ–લેશી. ૨૨
આધાકર્માદિક અવિશુદ્ધ, અવયવ મિશ્રિત જે છે અશુદ્ધ;
તે પણ પોતે દોષથી ટાળે, એ મારગે સંયમ અજુઆલે. ૨૩
હણતાને નવિ મુનિ અનુમોદે, કૂપાદિક ન વખાણે પ્રમોદે,
પુણ્ય પાપ તિહાં પૂછે કોઈ, મૌન ધરે જિન આગમ જોઇ. ૨૪
પુણ્ય કહે તો પાતક પોષે, પાપ કહે જન વૃત્તિ વિશોષે;
કોઇ ભાખે ' નિરદોષ આહાર, સૂઝે અમને ઇહાં અધિકાર. ૨૫
મુક્તિ કાજે સવિ કિરિયા કરતો, પૂરણ મારગ ભાગે નિરતો;
ભવજલ વહતા જનને જેહ, દીપ સમાન કરે દુઃખ છેહ.' ૨૬
એહ ધરમ ન લહે અજ્ઞાની, વળીય અપંડિત પંડિતમાની;
બીજ ઉદક ઉદ્દેશિકનું જી, ધ્યાન ધરે અસમાધિ પ્રયુંજી. ૨૭
મચ્છી ભક્ષણ ધ્યાયે પંખી, ઢંકાદિક જિમ આમિષ કંખી;
વિષય–પ્રાપ્તિ ધ્યાયે તિમ પાપી, બહુલારંભ પરિગ્રહ થાપી. ૨૮

---

૧. કાળહાનિ વિગેરે. ૨. સિદ્ધાંતનો સાર.

વિષયતણાં સુખ વંછે પ્રાણી, પરિગ્રહવંત ન તે સુહઝાણી;
તે હિંસાના દોષ ન દાખે, નિજમતિ કલ્પિત કારણ ભાખે. ૨૯
અંધ ચલાવે કાણી નાવા, તેહ સમર્થ ન તીરે જાવા;
મિથ્યાદષ્ટિ ભવજલ પડિયા, પાર ન પામે તિમ દુઃખ નડિયા. ૩૦
જેહ અતીત અનાગત નાણી, વર્ત્તમાન તસ એક કહાણી;
દયામૂળ સમતામય સાર, ધર્મ તેહનો પરમાધાર. ૩૧
ધર્મ લહી ઉપસર્ગ–નિપાતે, મુનિ ન ચળે જિમ ગિરિ ઘનવાતે;
ઇગ્યારમું અધ્યયન સંભારો, બીજે અંગે ઇમ મન ધારો. ૩૨

---

## ઢાળ ચોથી.

(ઇણિ પુરિ કંબલ કોઇ ન લેસી–એ દેશી.)

તે મુનિને ભામણડે જઇએ, જે વ્રત કિરિયા પાળે રે;
સૂધું ભાખી જે વળી જગમાં, જિનમારગ અજુઆળે રે.
તે મુનિને ભામણડે જઇએ–એ આંકણી. ૩૩
જે સૂધો મારગ પાળે તે, શુદ્ધ કહીએ નિરધારી રે;
બીજો શુદ્ધ કહે ભજનાએ, કહ્યું ભાષ્ય વ્યવહારે રે. તે૦ ૩૪
દ્વિવિધ બાલ તે શુદ્ધ ન ભાખે, ભાખે સંવેગ–પાખી રે;
એ ભજનાનો ભાવ વિચારો, ઠાણાંગાદિક સાખી રે. તે૦ ૩૫
કુગુરુ–વાસના–પાસ–પડિયાને, નિજ બળથી જે છોડે રે;
શુદ્ધકથક તે ગુણ–મણિ–ભરિયા, માર્ગ મુક્તિને જોડે રે. તે૦ ૩૬
બહુલ અસંયતની જે પૂજા, એ દશમું અછેરું રે;
ષષ્ટિશતકે ભાખ્યું ઠાણાંગે, કલિલક્ષણ અધિકેરું રે. તે૦ ૩૭
એહમાં પણ જિનશાસનબળથી, જે મુનિપૂજ ચલાવે રે;
તેહ વિશુદ્ધ–કથક બુધજનના, સુરપતિ પણ ગુણ ગાવે રે. તે૦ ૩૮

કરતો અતિ દુઃકર પણ પડિયો, અગીતાર્થ જંજાળે રે;
શુદ્ધ-કથન હીણો પણ સુંદર, બોલ્યું ઉપદેશમાળે રે. તે૦ ૩૯
શુદ્ધપ્રરૂપક સાધુ નમીજે, શરણ તેહનું કીજે રે;
તાસ વચન અનુસારે રહીને, **ચિદાનંદ** ફળ લીજે રે. તે૦ ૪૦

ગાથા

**सिरिणयविजयगुरूणं, पसायमासज्ज सयलकम्मकरं ।**
**भणिया गुणा गुरूणं, साहुण जससिसेण एए ॥ १ ॥**

## પીસ્તાલીશ આગમનાં નામોની સજ્ઝાય.

અંગ ઈગ્યાર ને બાર ઉપાંગ, છ છેદ દસ પયન્ના ચંગ;
નંદી ને અનુયોગદ્વાર, મૂળ ચાર પણયાલ વિચાર. ૧
આચારંગ પહિલું મન ધરો, શ્રી સુગડાંગ બીજું આદરો;
સમરું ત્રીજું શ્રી ઠાણુંગ, ચોથું સુંદર સમવાયંગ. ૨
પંચમ ભગવઇ કહે જગદીસ, પ્રશ્ન ઉત્તર જિહાં સહસ છત્રીસ;
જ્ઞાતાધર્મકથા અભિધાન, છઠ્ઠું અંગ છે અર્થનિધાન. ૩
સાતમું અંગ ઉપાસકદશા, આઠમું સમરો અંતગડદશા;
અણુત્તરોવવાઇ શુભ નામ, નવમુ અંગ સયલ-સુખ-ધામ. ૪
દસમું પ્રશ્નવ્યાકરણ હું નમું, વિપાકસૂત્ર તે ઈગ્યારમું;
એહની જે સંપ્રતિ વાચના, તે પ્રમાણ કીજે ઇકમના. ૫
ઉવાઇ રાયપસેણી સાર, જીવાભિગમ પન્નવણા ઉદાર;
જંબુદીવ-પન્નત્તિ ચંગ, ચંદ-સુરપન્નત્તિ અભંગ. ૬
નિરયાવલી અને પુપ્ફીઆ, કપ્પવડિંસગ ગુણ ગુંથીઆ;
પુપ્ફવડિંસગ વહ્નિદશા, ધ્યાઉં બાર એ મન ઉલ્લસ્યા. ૭

**બૃહત્કલ્પ વ્યવહાર નિશીથ, પંચકલ્પ ને મહાનિશીથ;**
દશાશ્રુતસ્કંધ તે મન આણીએ, છેદ ગ્રંથ એ ષટ્ જાણીએ. ૮

**ચઉસરણ આઉરપચખાણ, વીરસ્તવ ને ભત્ત-પચખાણ;**
**તંદુલવેયાલી** ગુણગેહ, **ચંદાવિજય** અરથ અછેહ. ૯

**ગણીવિજ્જા ને મરણસમાધિ, દેવેંદ્રસ્તવ** ટાળે વ્યાધિ;
દસમું સંથારગ પયન્ન, જે માને તેણે ભવજલ તિન્ન. ૧૦

પેટી રતનતણી જે સૂત્ર, તે જંત્રિત છે અર્થ વિચિત્ર;
**નંદી** ને **અનુયોગદુવાર,** કુંચી તસ ઉઘાડણહાર. ૧૧

**દસવૈકાલિક** નિર્યુક્તિ-**ઓઘ, આવશ્યક** બહુયુક્તિ અમોઘ;
ઉત્તરાધ્યયન મહાગંભીર, મૂળસૂત્ર એ ભવ-દવ-નીર. ૧૨

આગમ પણયાલીસહતણાં, નામ કહ્યાં અતિ સોહામણાં;
જે એહની સદ્દહણા ધરે, વાચક **યશ** કહે તે શિવ વરે. ૧૩

---

## સાચા મુનિ.

પવનકો કરે તોલ, ગગનકો કરે મોલ,
  રવિકો કરે હિંડોલ, ઐસો કોઉ નર રે ?
પથરકો કાંતે સૂત, વંધ્યાકું રમાવે પૂત,
  ઘટમેં બોલત ભૂત, વાકે કન[1] ધર રે ? પવનકો૦ ૧

બીજલીસેં કરે બ્યાહ[2], ધ્રુકું ચળાવે રાહ[3],
  ઉદધિમેં ઉઠાવે દાહ, કરત ભરાભર રે;
બડો દિન બડી રાત ? વાકી કૌન માત તાત?
  ઇતની બતાવે વાત, **જસ** કહે મેરા ગુરુ રે. પવનકો૦ ૨

---

૧ કાન ધરે. ૨ વિવાહ. ૩ ધ્રુવના તારાને ચળાવે.

ज्ञानं

ज्ञानक्रियाभ्यां मोक्षः

दर्शनं चारित्रं

सि

सा अ आ

उ

सम्यग्ज्ञानं परम निधानं

श्री जैनधर्म प्रसारक सभा.